RNI NO GUJGUJ/2005/23814

LEELA NEWS NETWORK P. LTD

ભાવનગર, રાજકોટ, જામનગર અને અમરેલીથી એક સાથે પ્રસિદ્ધ થતું સાંધ્ય દૈનિક

# સૌરાષ્ટ્ર આસપાસ

સનસનાટી નહીં, સત્ય. અફવા નહીં આધાર !

JAMNAGAR
www.aaspassdaily.com

LEELA WORLD WIDE
લીલા વર્લ્ડ વાઈડ ગ્રુપનું અખબાર સમુહ

● મેનેજીંગ તંત્રી : કોમલકાંત શર્મા | શિવમ બિલ્ડીંગ, અનુપમ ટોકીઝ પાસે, જામનગર ૯૭૨૭૯૧૧૦૮૭

● સંવત ૨૦૮૨ આસો સુદ -૨ | સોમવાર તા.૧૨-૧૦-૨૦૨૬ | અંક : ૨૪૧ વર્ષ : ૨૧ | jamnagar@aaspassaindia.com | કિંમત રૂા. ૨-૫૦ | પાના - ૮

# ઓમાનમાં ભારતીય ઓઈલ જહાજ પર ભયાનક હુમલો

## સોહર એન્કોરેજ નજીક ડ્રોન દ્વારા નિશાન બનાવાયું, ૨ ક્રૂ મેમ્બર્સ ગુમ થતાં સર્ચ ઓપરેશન શરૂ

ઓમાન,

ઓમાનના દરિયાકાંઠે એક ઓઈલ ટેન્કર પર ડ્રોન હુમલો થવાની ગંભીર ઘટના સામે આવી છે, જેમાં ભારતીય ક્રૂ મેમ્બર્સની સલામતી અંગે મોટી ચિંતા વ્યક્ત થઈ રહી છે. એમટી પેટ્રો ડોલ્ફિન નામના આ ટેન્કરમાં કુલ ૧૧ ભારતીય ક્રૂ મેમ્બર્સ સવાર હતા. આ હુમલા બાદ સ્થાનિક કોસ્ટ ગાર્ડ દ્વારા રેસ્ક્યુ ઓપરેશન શરૂ કરવામાં આવ્યું છે.



અહેવાલો અનુસાર, ૧૧મી ઓક્ટોબરના રોજ સોહર એન્કોરેજ નજીક આ ટેન્કરને ડ્રોન હુમલા દ્વારા નિશાન બનાવવામાં આવ્યું હતું. કેન્દ્રીય બંદરો, શિપિંગ અને જળમાર્ગ મંત્રી સર્બાનંદ સોનોવાલે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'ઠ' પર આ અંગે માહિતી આપતા જણાવ્યું હતું કે, હુમલા બાદ ટેન્કરમાંથી ૯ ભારતીય ક્રૂ મેમ્બર્સને સુરક્ષિત રીતે બચાવી લેવામાં આવ્યા છે. જોકે, હજુ પણ ૨ ક્રૂ મેમ્બર્સ ગુમ હોવાથી તેની શોધખોળ માટે સઘન બચાવ કામગીરી ચાલુ છે. ઓમાન સ્થિત ભારતીય દૂતાવાસ આ સમગ્ર ઘટના પર સતત નજર રાખી રહ્યું છે અને સંબંધિત સ્થાનિક અધિકારીઓ સાથે સંપર્કમાં છે.

આ દુર્ઘટના એવા સમયે ઘટી છે જ્યારે હોર્મુઝ સ્ટ્રેટ અને તેની આસપાસના મહત્ત્વપૂર્ણ જળમાર્ગોમાં વાણિજ્યિક જહાજોની અવરજવર અને સુરક્ષા સામે જોખમ વધી રહ્યું છે. અગાઉ, ઈરાનના ઈસ્લામિક રિવોલ્યુશનરી ગાર્ડ કોર્પ્સ (IRGC) નેવી દ્વારા એક વીડિયો જાહેર કરવામાં આવ્યો હતો, જેમાં એક મોટું ઓઈલ ટેન્કર હોર્મુઝ સ્ટ્રેટમાંથી પસાર થતી વખતે લેન્ડમાઈન સાથે અથડાતા તેમાં ભયાનક વિસ્ફોટ થયો હતો અને આગ લાગી હતી. IRGC દ્વારા દાવો કરવામાં આવ્યો હતો કે આ જહાજે પોતાની નેવિગેશન અને પોઝિશનિંગ સિસ્ટમ બંધ કરી દીધી હતી અને પ્રતિબંધિત માર્ગેથી પસાર થવાનો પ્રયાસ કર્યો હતો. આ સાથે જ ઈરાની દળોએ કડક ચેતવણી પણ આપી છે કે જે જહાજો આ ક્ષેત્રમાં પોતાની નેવિગેશન સિસ્ટમ બંધ કરશે તેમને પ્રતિકૂળ લક્ષ્ય ગણીને કાનૂની કે સૈન્ય કાર્યવાહી કરવામાં આવશે.

# Jio-bp દ્વારા પેટ્રોલમાં લિટરે પાંચ અને ડીઝલમાં ૩નો વધારો

નવીદિલ્હી,

રોજિંદી મુસાફરી કરતા લોકો માટે ખિસ્સા પર વધુ એક બોજ વધ્યો છે. નાયરા બાદ હવે વધુ એક ખાનગી ઈંધણ કંપનીએ પેટ્રોલ અને ડીઝલના ભાવમાં મોટો વધારો કર્યો છે. રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ સમર્થિત Jio-bp એ પેટ્રોલની કિંમતમાં ?૫ પ્રતિ લિટર અને ડીઝલની કિંમતમાં ?૩ પ્રતિ લિટર નો વધારો કર્યો છે. આ નવા દરો રવિવાર, ૧૧ ઓક્ટોબરથી સવારે ૬ વાગ્યાથી અમલમાં આવી ગયા છે.

પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા તણાવ અને હોર્મૂઝની ખાડીથી ઓઈલ સપ્લાય ઠપ થવાને કારણે આંતરરાષ્ટ્રીય સ્તરે ક્રૂડ ઓઈલની કિંમતોમાં ભારે ઉછાળો આવ્યો છે. ગ્લોબલ માર્કેટમાં કાચા તેલના ભાવ ઊંચા રહેવાને કારણે માર્કેટિંગ માર્જિન પર દબાણ વધ્યું છે, જેના કારણે ખાનગી કંપનીઓને ભાવ વધારવાની ફરજ પડી છે. ઉલ્લેખનીય છે કે આ અગાઉ ૩ ઓક્ટોબરે અન્ય ખાનગી ઓઈલ

# રિપબ્લિકન સાંસદો રશિયા સાથે પ્રમુખ ટ્રમ્પની ડીલ રોકવા સંસદમાં બિલ લવાશે

## રશિયા પાસેથી ડીઝલ ખરીદવાના નિર્ણયનો અમેરિકામાં જ વિરોધ શરૂ

વોશિંગ્ટન,

રશિયા પાસેથી ડીઝલની ખરીદી માટે તેના પરના પ્રતિબંધો હટાવવાના અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના નિર્ણયનો અમેરિકામાં જ ઉગ્ર વિરોધ શરૂ થઈ ગયો છે. ટ્રમ્પના રિપબ્લિકન પક્ષના સાંસદ બ્રાયન ફિટ્ઝપૈટ્રિકે ટ્રમ્પના આ નિર્ણયને રોકવા માટે એક દ્વિદલીય બિલ રજૂ કરવાની જાહેરાત કરી છે. બીજીબાજુ રશિયન ડીઝલ પરના પ્રતિબંધો હટતા વૈશ્વિક બજારમાં ક્રૂડ ઓઈલના ભાવ ઘટશે તેવી ટ્રમ્પે આશા વ્યક્ત કરી છે.

પશ્ચિમ એશિયામાં ઈરાન સામેના યુદ્ધના કારણે અમેરિકામાં ડીઝલના ભાવ એક મહિનાથી વિક્રમી છ ડોલરથી ઉપર છે ત્યારે ડીઝલના ભાવ ઘટાડવા પ્રમુખ ટ્રમ્પે યુક્રેન સામે

# ઈરાનની પાકિસ્તાન-તૂર્કિયેને ધમકી, સાઉદીનો સાથ આપ્યો ખેર નથી

## યમન મામલે 'મક્કા સંરક્ષણ કરાર'નો ઉપયોગ કરવો ભારે પડી શકે છેઃ ઈરાની વિદેશ મંત્રી અબ્બાસ અરાઘચી

યમન,

સાઉદી અરેબિયા પર હૂથી બળવાખોરોના સતત વધી રહેલા હુમલા વચ્ચે ઈરાને હવે અબુ ધાબી સહિત પ્રદેશના દેશો અને મક્કા સંરક્ષણ કરારમાં સામેલ સાઉદી અરેબિયા, પાકિસ્તાન તેમજ તૂર્કિયે પ્રત્યે આકરૂ વલણ અપનાવ્યું છે. ૫ ઓક્ટોબરથી અમલમાં આવેલા 'મક્કા સંરક્ષણ કરાર' મુજબ, કોઈ એક દેશ પર થતો હુમલો એ કરારમાં સામેલ તમામ દેશો પરનો હુમલો ગણાશે. આ સ્થિતિમાં સાઉદીની મદદ માટે પાકિસ્તાન અને તૂર્કિયે જવાબી કાર્યવાહી કરી શકે છે. જોકે, ઈરાને સ્પષ્ટ ચેતવણી આપી છે કે યમનમાં કોઈપણ પ્રકારની દખલગીરીના પરિણામો અત્યંત જોખમી અને અપ્રત્યાશિત આવી શકે છે.

પાકિસ્તાન દ્વારા સાઉદી અરેબિયામાં હજારો સૈનિકો મોકલવાની ચર્ચા પર ઈરાનના વિદેશ મંત્રાલયના પ્રવક્તા ઈસ્માઈલ બઘાઈએ જણાવ્યું કે, અમે આવી અફવાઓ સાંભળી છે અને આશા રાખીએ છીએ કે તે સાચી ન હોય. યમન મામલે આ કરારનો ઉપયોગ કરવો ભારે પડી શકે છે. બીજી તરફ, ઈરાની વિદેશ મંત્રી અબ્બાસ અરાઘચી અને સંસદીય સમિતિના સભ્ય ઈબ્રાહિમ રેજાઈએ કહ્યું કે, 'આ પ્રકારના કરારો ઈરાનને રોકી શકશે નહીં. સાઉદી અરેબિયાને તૂર્કિયે કે પાકિસ્તાન પણ સુરક્ષા પૂરી પાડી શકશે નહીં, જેમ અમેરિકા પણ આપી શક્યું નથી. તેથી સાઉદીએ પોતાની નીતિઓ બદલવી જોઈએ.' ઈરાને સંયુક્ત રાષ્ટ્ર સભામાં સાત શરતો સાથેનો શાંતિ પ્રસ્તાવ મૂક્યો હતો અને તે સ્વીકારાય તો સાત દિવસમાં હોર્મુઝ સ્ટ્રેટ ખોલવાની ખાતરી આપી હતી. પરંતુ ઈરાનની સુપ્રીમ નેશનલ સિક્યુરિટી કાઉન્સિલના સચિવ મોહસિન રેજાઈના જણાવ્યા મુજબ, અમેરિકાનો જવાબ અસ્પષ્ટ હોવાથી ઈરાને તેને ફગાવી દીધો છે.

# ૨૦૨૬ના ઈકોનોમિક્સ નોબેલ પુરસ્કારની આજે થશે જાહેરાત

## ભારતીય મૂળના અર્થશાસ્ત્રી રાજ ચેટ્ટીનું નામ પણ ચર્ચામાં

નવીદિલ્હી,

૨૦૨૬ના અર્થશાસ્ત્રના નોબેલ પુરસ્કારની જાહેરાત આજે થશે. સંભવિત દાવેદારોમાં ભારતીય મૂળના અમેરિકન અર્થશાસ્ત્રી રાજ ચેટ્ટીનું નામ પણ ચર્ચામાં છે.

હાર્વર્ડ યુનિવર્સિટીના અર્થશાસ્ત્રી રાજ ચેટ્ટીએ સરકારી આંકડાઓની મદદથી એ સમજાવવાનો પ્રયાસ કર્યો છે કે કોઈ વ્યક્તિને આગળ વધવાની તકો કઈ બાબતો પર આધારિત હોય છે.

તેમના કાર્યથી એ સમજવામાં મદદ મળે છે કે કેટલાક શહેરોમાં ગરીબ પરિવારોનાં બાળકોને સારી કમાણી કરવા અને વધુ સારું જીવન મેળવવાની તકો શા માટે વધારે મળે છે, જ્યારે અન્ય સ્થળોએ તેમના માટે આગળ વધવું મુશ્કેલ હોય છે. રાજ ચેટ્ટી ઉપરાંત કંપનીઓના વિલીનીકરણ, આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI), રોજગાર અને અમીર-ગરીબ વચ્ચે વધતા અંતર પર સંશોધન કરનારા અર્થશાસ્ત્રીઓનાં નામ પણ સંભવિત દાવેદારોમાં સામેલ છે.

# જીબૂતી તટ નજીક દરિયામાં બોટ ડૂબીઃ ૧૩૯ના મોત

## મૃતકોમાં ૫૨ પુરુષો, ૪૨ મહિલાઓ અને ૧૫ બાળકો સામેલ, ૮૪ લોકો હજુ ગુમ

જીબૂતી,

પૂર્વ આફ્રિકાના દેશ જીબૂતીના કિનારે એક અતિશય હૃદયદ્રાવક ઘટના સામે આવી છે. આફ્રિકાના હોર્ન વિસ્તારમાંથી રોજગારી અને સલામત આશ્રયની શોધમાં નીકળેલા પ્રવાસીઓની એક બોટ દરિયામાં પલટી જતાં મોટો અકસ્માત સર્જાયો છે. ઈન્ટરનેશનલ ઓર્ગેનાઈઝેશન ફોર માઈગ્રેશન (IOM) ના તાજેતરના અહેવાલ મુજબ, આ દુર્ઘટનામાં અત્યાર સુધીમાં ઓછામાં ઓછા ૧૩૯ લોકોએ પોતાના જીવ ગુમાવ્યા છે, જેમાંથી દફનાવવામાં આવેલા દર્જનથી વધુ માસૂમ બાળકો પણ



શામેલ છે.

આંતરરાષ્ટ્રીય પ્રવાસન સંગઠને જીવિત બચેલા લોકોના હવાલેથી માહિતી આપતાં જણાવ્યું કે, આ ઘટના શુક્રવારની વહેલી સવારે ઘટી હતી. આ બોટ આશરે ૩૦૫ લોકોને લઈને જીબૂતીથી યમન તરફ જઈ રહી હતી. દરિયાની સફર દરમિયાન અદનની ખાડીમાં ગુહેરે કિનારા નજીક બાબ અલ-મંદેબ જળડમરુમધ્ય વિસ્તારમાં બોટનું સંતુલન બગડી જતાં તે દરિયામાં ઊંધી વળી ગઈ હતી.આ મૃતકોમાં ૫૨ પુરુષો, ૪૨ મહિલાઓ અને ૧૫ બાળકોનો સમાવેશ થાય છે. આ સિવાય દરિયામાં તણાયેલા ૮૪થી વધુ લોકો હજુ પણ ગુમ છે, જેમાં મોટી સંખ્યામાં મહિલાઓ અને બાળકો હોવાની આશંકા છે. અત્યાર સુધીમાં ૮૦થી વધુ મુસાફરોને સુરક્ષિત રીતે બહાર કાઢવામાં આવ્યા છે. આ ઘટનાને લઈને અત્યારે મૃતકોના પરિવારમાં શોકની લાગણીઓ છવાઈ ગઈ છે.

# રિયાધ એરપોર્ટ ઉપર વિમાન માટે લાઈનમાં ઊભેલાં હજયાત્રીઓ પર મિસાઈલ ખાબકી

રિયાધ,

યમનના હૂતી બળવાખોરોએ રવિવારે રિયાધ એરપોર્ટ પર ફરી હુમલો કર્યો. તેમાં એક વ્યક્તિનું મોત થયું અને ૧૧ લોકો ઘાયલ થયા. મૃત્યુ પામનાર વ્યક્તિ પાકિસ્તાની નાગરિક હતો. આ રીતે રિયાધ એરપોર્ટ પર છેલ્લા ૫ દિવસમાં ચાર વખત હુમલો થઈ ચૂક્યો છે.

સાઉદી અરેબિયાના રિયાધ એરપોર્ટ પર શનિવારે થયેલા હૂતી બળવાખોરોના હુમલામાં ઘાયલ થયેલા એક ભારતીયનું મોત થયું છે. આ હુમલામાં ૩૦૦થી વધુ લોકો ઘાયલ થયા હતા. તેમાં લગભગ ૧૨ ભારતીયો છે. વિદેશ મંત્રી એસ. જયશંકરે ભારતીય નાગરિકના મોત પર દુઃખ વ્યક્ત કર્યું. તેમણે મૃતકના પરિવાર પ્રત્યે સંવેદના વ્યક્ત કરી. જયશંકરે કહ્યું કે ભારતીય દૂતાવાસ પરિવારને શક્ય તમામ મદદ કરશે. ભારતીય દૂતાવાસે જણાવ્યું કે તે મૃતકના પરિવારના સંપર્કમાં છે. દૂતાવાસ મૃતદેહને વહેલી તકે ભારત લાવવામાં મદદ કરશે.

# ભરતપુરમાં ક્રશર પ્લાન્ટ વિવાદ હિંસક બન્યો ભાજપના પૂર્વ ધારાસભ્ય અતર સિંહનું મોત

## ભડાના ભોંડા ગામે પોતાના બંધ પડેલા ક્રશર પ્લાન્ટને શરૂ કરવા પહોંચ્યા તે સમયે ૭૦ થી ૮૦ લોકોના ટોળાએ હુમલો કર્યો હતો

ભરતપુર,

રાજસ્થાનના ભરતપુર જિલ્લાના વેર પોલીસ સ્ટેશન વિસ્તારના ભોંડા ગામમાં ક્રશર પ્લાન્ટને લઈને ચાલી રહેલો વિવાદ રવિવારે મોડી સાંજે હિંસક સંઘર્ષમાં ફેરવાયો હતો. આ ઘટનામાં બયાનાના પૂર્વ ધારાસભ્ય અને ભાજપના નેતા અતરસિંહ ભડાનાનું લાઠી-પથ્થરો વડે થયેલા હુમલામાં કરુણ મોત નીપજ્યું છે.

પ્રાપ્ત માહિતી અનુસાર, રવિવારે સાંજે આશરે ૬:૩૦ વાગ્યે અતરસિંહ ભડાના ભોંડા ગામ સ્થિત પોતાના બંધ પડેલા ક્રશર પ્લાન્ટને ફરી શરૂ કરવા પહોંચ્યા હતા. તે સમયે ૭૦ થી ૮૦ લોકોનું ટોળું ત્યાં પહોંચ્યું હતું અને બંને પક્ષો વચ્ચે ઉગ્ર બોલાચાલી બાદ મામલો મારામારી પર આવી



ગયો હતો. આ હુમલામાં અતરસિંહ ભડાના અને તેમના સાથી ગગન શર્મા ગંભીર રીતે ઘાયલ થયા હતા. બંનેને તાત્કાલિક વેર હોસ્પિટલ લઈ જવાયા હતા, જ્યાંથી ભડાનાને જયપુરની એસએમએસ હોસ્પિટલમાં રિફર કરાયા હતા. જયપુરમાં સારવાર દરમિયાન રાત્રે આશરે ૧૧:૩૦ વાગ્યે તેમનું અવસાન થયું હતું.

આ ઘટના પાછળ ચાર વર્ષ જૂનો જમીન, ગેરકાયદે ખનન અને રસ્તાનો વિવાદ હોવાનું સામે આવ્યું છે. ગ્રામજનોનો આક્ષેપ છે કે પશુઓના ચરવાની જમીન પર કબ્જાને લઈને તેઓ લાંબા સમયથી ધરણા પર હતા, અને ભડાના દ્વારા પ્લાન્ટ શરૂ કરવાના પ્રયાસથી વિવાદ ભડક્યો હતો. બીજી તરફ, ગ્રામજનોએ ભડાના પક્ષ દ્વારા તેમને હટાવવાનો પ્રયાસ કર્યાનો દાવો કર્યો છે. પૂર્વ ધારાસભ્યના પત્નીએ પ્રશાસન પર નિષ્ક્રિયતાનો આરોપ લગાવતા હુમલો અને ગોળીબાર થયાની આશંકા વ્યક્ત કરી છે, જોકે ડૉક્ટરોએ પ્રાથમિક તપાસમાં ગોળી વાગી હોવાનો અસ્વીકાર કર્યો છે.આ હિંસક ઘટના બાદ વિસ્તારમાં તણાવનો માહોલ સર્જાયો છે અને પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો છે.

# ઈડીએ આમ્રપાલી જૂથની દિલ્હી સ્થિત ૫૪.૭૧ કરોડની મિલકતો ટાંચમાં લીધી

## નોઈડામાં રહેણાંક પ્રોજેક્ટ માટે ખરીદનારાઓ પાસેથી નાણાં લઈને ૩૬ મહિનામાં ફ્લેટ ન આપ્યા, રકમ પણ પરત ન આપી




નવી દિલ્હી,

ઈડીએ આમ્રપાલી જૂથ સાથે જોડાયેલ મની લોન્ડરિંગ કેસમાં દિલ્હીનાં મહારાની બાગ સ્થિત ૫૪.૭૧ કરોડ રૂપિયાની સ્થિર મિલકતો અસ્થાયી ધોરણે ટાંચમાં લીધી છે. આ સંપત્તિ સુરભાઈ એડવર્ટાઈઝિંગ નામે નોંધાયેલી છે. ઈડીનાં લખનઉ ઝોનલ કાર્યાલયે આ કાર્યવાહી કરી છે.

ઈડી અનુસાર તપાસ ઉત્તર પ્રદેશ પોલીસ અને દિલ્હી પોલીસની આર્થિક અપરાધ શાખા દ્વારા દાખલ ૧૮ એફઆઈઆર આધારે શરૂ કરવામાં આવી હતી.

આરોપ મૂકવામાં આવ્યો છે કે આમ્રપાલી જૂથે નોઈડા અને ગ્રેટર નોઈડામાં રહેણાંક પ્રોજેક્ટ માટે ખરીદનારાઓ પાસેથી નાણાં લઈને ૩૬ મહિનામાં ફ્લેટ આપવા અને સુનિશ્ચિત રિટર્નનું વચન આપ્યું હતું. જો કે પ્રોજેક્ટ અધૂરા રહી ગયા હતાં. ખરીદનારાઓને ન ફ્લેટ મળ્યા અને ન તેમને રકમ પરત મળી. ફોરેન્સિક ઓડિટમાં ૫૦૦૦ કરોડ રૂપિયાથી વધુની રકમનાં દુરુપયોગની માહિતી મળી છે. ઈડીનો આરોપ છે કે રકમ શેલ અને કંપનીઓનાં માધ્યમથી સ્થળાંતરિત કરવામાં આવી હતી.

એક અન્ય કાર્યવાહીમાં ઈડીએ નેક્સા એવરગ્રીન કેસમાં ૩૪.૯૧ કરોડ રૂપિયાની સંપત્તિ ટાંચમાં લીધી છે. જેમાં ગુજરાત, રાજસ્થાન અને ગોવા સ્થિત જમીન, ફ્લેટ તથા રિસોર્ટમાં હિસ્સેદારી સામેલ છે. એજન્સી અનુસાર કુર્ક કરવામાં આવેલી સંપત્તિઓમાં ૬૯ સ્થાયી સંપત્તિઓનું મૂલ્ય લગભગ ૨૯.૩૭ કરોડ રૂપિયા છે.



# કોંગ્રેસના ધારાસભ્ય જીગ્નેશ મેવાણી સહિત સાત વિરુદ્ધ ગુનો નોંધાયો

## પ્રચાર દરમિયાન પોલીસ ઈન્સ્પેક્ટરની ફરજમાં અડચણ ઉભી કરવા અને પેથાપુર પોલીસ સ્ટેશનમાં હોબાળો કરવા બદલ કરાઈ કાર્યવાહી



ગાંધીનગર,
ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશનની ચૂંટણીના પ્રચાર દરમિયાન કથિત રીતે પોલીસ ઈન્સ્પેક્ટરની ફરજમાં અડચણ ઊભી કરવા, પેથાપુર પોલીસ સ્ટેશનની અંદર હોબાળો મચાવવા અને સમુદાયો વચ્ચે તણાવ ભડકાવવાનો પ્રયાસ કરવાના આરોપસર કોંગ્રેસના ધારાસભ્ય જીજ્ઞેશ મેવાણી અને અન્ય ૭ લોકો સામે એફઆઈઆર (FIR) નોંધવામાં આવી છે. એક પોલીસ અધિકારીએ આ માહિતી એક ન્યૂઝ એજન્સીને આપી હતી.

આ ઘટના કથિત રીતે ૮ ઓક્ટોબરે બની હતી. વોર્ડ નંબર ૪ ના કોંગ્રેસના ઉમેદવાર યુનુસ પરમારને પૂછપરછ માટે પોલીસ સ્ટેશન બોલાવવામાં આવ્યા હતા, કારણ કે એવી ફરિયાદ મળી હતી કે તેમણે અને તેમના સાથીઓએ ભાજપના એક પ્રચારકને ધમકી આપી હતી. પેથાપુર પોલીસ સ્ટેશનના પોલીસ સ્ટેશન ઓફિસર (PSO) એ પુષ્ટિ કરી કે રવિવાર રાત્રે મેવાણી અને અન્ય લોકો સામે એફઆઈઆર નોંધવામાં આવી છે, પરંતુ હજુ સુધી કોઈની ધરપકડ કરવામાં આવી નથી.

પેથાપુર પોલીસ સ્ટેશનમાં તૈનાત પોલીસ ઈન્સ્પેક્ટર એ.એમ. દેસાઈની ફરિયાદ અનુસાર, ૮ ઓક્ટોબરે રાત્રે આશરે ૧૦ વાગ્યે પેથાપુરના સંજારી પાર્કમાં પરમાર અને તેમના સાથીઓએ ભાજપના ઉમેદવારના પ્રચારક ભાવેશ ભાવસારને કથિત રીતે ધમકી આપી હતી. તેમણે કથિત રીતે ભાવસારને તે વિસ્તારમાં પ્રચાર ન કરવા અથવા ન આવવાની ચેતવણી આપી હતી અને ગંભીર પરિણામો ભોગવવાની ધમકી આપી હતી.

ત્યારબાદ પરમાર અને અજ્ઞાત સાથીઓ સામે પેથાપુર પોલીસ સ્ટેશનમાં લેખિત ફરિયાદ નોંધાવવામાં આવી હતી. દેસાઈએ જણાવ્યું હતું કે જ્યારે તેઓ પોતાની સત્તાવાર ફરજ હેઠળ ફરિયાદના સંદર્ભમા પરમારની પૂછપરછ કરી રહ્યા હતા, ત્યારે મેવાણી અને અન્ય આરોપીઓએ કથિત રીતે ગેરકાયદેસર ભીડ એકત્ર કરી હતી અને પોલીસ સ્ટેશનના રાઈટર રૂમમાં ઘૂસી આવ્યા હતા

ફરિયાદ મુજબ, તેઓએ કથિત રીતે દેસાઈને તેમની કાનૂની ફરજો બજાવતા અટકાવ્યા, અપશબ્દો બોલ્યા, હોબાળો મચાવ્યો અને બળજબરીપૂર્વક પરમારનું નિવેદન નોંધતા રોક્યા. આરોપીઓએ કથિત રીતે અન્ય સમર્થકો સાથે પોલીસ સ્ટેશનની બહાર બેસીને ઠાકોર સમાજ/સમુદાયના નામે સૂત્રોચ્ચાર કર્યા.

તેમાં એવો પણ આરોપ લગાવવામાં આવ્યો છે કે તેમના કૃત્યોથી ગાંધીનગરના એડિશનલ ડિસ્ટ્રિક્ટ મેજિસ્ટ્રેટ (ADM) દ્વારા બહાર પાડવામાં આવેલા જાહેરનામાનું ઉલ્લંઘન થયું હતું. આ કેસ રવિવારે નોંધવામાં આવ્યો હતો, જે દિવસે ગાંધીનગર મહાનગરપાલિકાની ચૂંટણી માટે મતદાન થયું હતું.

# ગાંધીનગર મહાનગરપાલિકાની ચૂંટણીમાં ૫૫% થી વધુનું મતદાન થયું

ગાંધીનગર,
ગાંધીનગર મનપાની ૧૧ વોર્ડની ૪૪ બેઠકો પર ચૂંટણી જંગ ખેલાયો હતો, જેમાં મુખ્ય પક્ષો જેવા કે ભાજપના ૪૪, કોંગ્રેસના ૪૪, આમ આદમી પાર્ટીના ૩૨ તેમજ અન્ય પક્ષ અને અપક્ષના ઉમેદવારો મળીને કુલ ૧૩૦ ઉમેદવારો ચૂંટણી મેદાનમાં હતા.

ગાંધીનગર મહાપાલિકાની ચૂંટણીમાં ૫૫% થી વધુનું મતદાન થયું હતું. ધારાસભ્ય રીટાબેન પટેલે સેક્ટર ૨૨ સ્થિત સફલ વિદ્યાલય ખાતે પોતાનો મત આપ્યો હતો અને લોકોને મોટી સંખ્યામાં મતદાન કરવા અપીલ કરી હતી. બીજી તરફ, વયોવૃદ્ધ નાગરિકોમાં પણ મતદાન પ્રત્યે અનોખો ઉત્સાહ જોવા મળ્યો હતો, જેમાં ૯૨ વર્ષના દાદાએ શારીરિક રીતે અશક્ત હોવા છતાં વ્હીલચેર પર આવીને પોતાનો મતાધિકાર વાપરીને લોકશાહીની ઉમદા મિસાલ પેશ કરી હતી.

ગાંધીનગર મહાપાલિકાની ચૂંટણી અંતર્ગત વોર્ડ નંબર ૩ માં સમાવિષ્ટ પાલજ ગામ ખાતે બપોરના સમયે પણ મતદાન મથકો પર મતદારોની લાંબી કતારો જોવા મળી રહી છે. પાલજ પ્રાથમિક શાળા ખાતે આવેલા મતદાન કેન્દ્ર પર વિશેષ કરીને મહિલા મતદારોમાં ભારે ઉત્સાહ નજરે પડી રહ્યો છે. આસો નવરાત્રિનો તહેવાર હોવા છતાં મહિલા મતદારોએ જણાવ્યું હતું કે નવરાત્રિના તહેવારની ઉજવણી સાથે લોકશાહીના આ પવિત્ર પર્વમાં મતદાન કરવું પણ એટલું જ જરૂરી છે.

ગાંધીનગર જિલ્લા પોલીસ વડા રવિ તેજા વાસમ શેટ્ટીએ પરિવાર સાથે મતદાન કર્યું હતું. સેક્ટર ૧૯ સુવિધા કચેરી ખાતે ફાળવેલા બૂથમાં જિલ્લા પોલીસ વડાએ મતદાન કર્યું હતું. ગાંધીનગર જિલ્લા પોલીસ વડાએ આ દરમિયાન વધુમાં વધુ લોકો મતદાન કરવા બહાર આવે તેવી અપીલ કરી હતી. રવિ તેજા વાસમ શેટ્ટીએ જણાવ્યું કે, ગાંધીનગર પાલિકાની ચૂંટણીને લઈને પોલીસનો ચુસ્ત બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે.

# ભરૂચના નબીપુર રોડ પર અકસ્માતની ઘટનામાં દંપતી સહિત ત્રણના મોત

## અકસ્માતની ઘટનામાં એક વ્યક્તિને ગંભીર ઈજા



અમદાવાદ,
ગુજરાતમાં ફરી રોડ અકસ્માતની ઘટના બની હતી, જેમાં ત્રણ જમે જીવ ખોયા હતા. મળતી વિગતો અનુસાર આ અકસમાત ભરૂચના નબીપુર-ઝનોર માર્ગ પર મોપેડ એક્ટિવા અને બાઈક વચ્ચે થયો હતો. બે ટુ-વ્હીલર અથડાતા ત્રણ જણના ઘટનાસ્થળે જ મોત નિપજ્યા હતા જ્યારે એક વ્યક્તિ ગંભીર રીતે ઘાયલ થયો હોવાની માહિતી સૂત્રો દ્વારા મળી હતી.

નબીપુર-ઝનોર રોડ પર પુરઝડપે જઈ રહેલાં વાહનો વચ્ચે મોટો ધડાકો થયો હતો, જેમાં ઝનોર ગામનાં સતીશ વસાવા અને તેમના પત્ની જ્યોત્સનાબેન વસાવાનું ઘટનાસ્થળ પર જ મોત નીપજ્યું હતું. આ ઉપરાંત, સામેના વાહનના ચાલક ઝઘડિયાના રાહુલ વસાવાનું પણ ઘટનાસ્થળ પર જ મૃત્યુ થયું હતું. અકસ્માતની જાણ થતાં જ નબીપુર પોલીસ સ્ટેશનનો સ્ટાફ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવ્યો હતો. આ દુર્ઘટનાને કારણે બંને ગામમાં તહેવારોના દિવસોમાં ગમગીની છવાઈ ગઈ હતી.

# ગુજરાતના ૨૬૮ તાલુકાઓમાં ઔદ્યોગિક ક્ષેત્રે પ્રોત્સાહન માટે નવું વર્ગીકરણ જાહેર

## ૧૩૦ તાલુકા કેટેગરી-છ અને ૧૩૮ તાલુકા કેટેગરી-મ્માં સમાવાયા; ૩૪ જિલ્લાઓને આવરી લેવાયા

ગાંધીનગર,
રાજ્યમાં ઔદ્યોગિક રોકાણને વેગ આપવા અને વિવિધ વિસ્તારોમાં ઉદ્યોગોના વિકાસને પ્રોત્સાહન આપવા ગુજરાત સરકારે 'વિકસિત ગુજરાત ઔદ્યોગિક નીતિ-૨૦૨૬' હેઠળ તાલુકાઓનું સુધારેલું વર્ગીકરણ જાહેર કર્યું છે. આ વર્ગીકરણમાં રાજ્યના કુલ ૨૬૮ તાલુકાઓમાંથી ૧૩૦ તાલુકાઓને કેટેગરી-છ અને ૧૩૮ તાલુકાઓને કેટેગરી-મ્માં સમાવાયા છે. આ વર્ગીકરણ રાજ્યના ૩૪ જિલ્લાઓને આવરી લે છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શન હેઠળ ઉદ્યોગ અને ખાણ વિભાગ દ્વારા જાહેર કરાયેલા આ વર્ગીકરણમાં રાજ્યમાં નવા તાલુકાઓની રચના અને નવી ઔદ્યોગિક નીતિને ધ્યાનમાં લેવામાં આવી છે.

ઉદ્યોગસાહસિકોને પ્રોત્સાહનો અંગે સ્પષ્ટતા: નવા વર્ગીકરણથી નવા ઔદ્યોગિક એકમો સ્થાપવા અથવા હાલના એકમોનું વિસ્તરણ કરવા ઈચ્છતા ઉદ્યોગસાહસિકોને પોતાના પ્રોજેક્ટના સ્થળ પ્રમાણે લાગુ પડતી કેટેગરી અને પ્રોત્સાહન યોજનાઓની જોગવાઈઓ સમજવામાં સરળતા રહેશે. પ્રોત્સાહનોનો લાભ સંબંધિત યોજનાની પાત્રતા, નિયમો અને શરતોને આધીન રહેશે.

નીતિમાં સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગો (MSME), સ્ટાર્ટઅપ્સ, મહિલા ઉદ્યોગસાહસિકો તથા પ્રથમ પેઢીના ઉદ્યોગસાહસિકોને પ્રોત્સાહન આપવા પર ભાર મૂકવામાં આવ્યો છે. સાથે જ ગ્રીન ઈન્ડસ્ટ્રીયલ પાર્ક, વેસ્ટવોટર રિસાયક્લિંગ, સ્વચ્છ ઉત્પાદન ટેક્નોલોજી અને સર્ક્યુલર ઈકોનોમી જેવા ક્ષેત્રોને પ્રોત્સાહન આપવાની જોગવાઈઓ પણ નીતિનો ભાગ છે.

તાલુકાઓના સુધારેલા વર્ગીકરણથી રાજ્યના વિવિધ વિસ્તારોમાં ઔદ્યોગિક રોકાણને પ્રોત્સાહન આપવા અને સંતુલિત ઔદ્યોગિક વિકાસને વેગ આપવા માટેનું માળખું વધુ સ્પષ્ટ બનશે.

# સુરતમાં ખુલ્લી ગટરમાં પડી જવાથી નવ વર્ષીય બાળકીનું નીપજ્યું મોત

## અમદાવાદની ઘટના બાદ સુરતમાં પણ તંત્રની બેદરકારીએ વધુ એક માસૂમનો ભોગ લીધો

અમદાવાદ,
અમદાવાદમાં શનિવારે લગભગ ૨૦ ફૂટ ઊંડી ખુલ્લી ગટરમાં પ્રજ્ઞાચક્ષુ બાળકી ખાબકી હતી, જેની રવિવારે મોડી સાંજ સુધી કોઈ ભાળ મળી નથી, ત્યારે સુરતમાં જ આવી એક કમનસીબ ઘટના ઘટી હતી જેમાં માત્ર નવ મહિનાની બાળકી ખુલ્લી ગટરમાં પડતા તેનું મોત થયું હતું. ઘટનાની મળતી વિગતો અનુસાર સુરતના પાંડેસરા વિસ્તારમા આવેલી જીઆઈડીસીમાં આવેલી એક ફેક્ટરીના બોઈલર નજીક આવેલી ખુલ્લી ગટરના ખાડામાં એક નવેક મહિનાની બાળકી પડી ગઈ હતી. બાળકીનું નામ ગૌરી ઉર્ફે અમૃતા હોવાનું સામે આવ્યું છે,

બાળકીનો પરિવાર મૂળ ઉત્તર પ્રદેશનો છે અને તેનાં પિતા બુદ્ધવિલાસ પ્રિન્ટિંગ મિલમાં મજૂરી કામ કરે છે અને અહી પરિસરમાં જ રહે છે. આ ઘટના વહેલી સવારે બની હોવાનું જાણવા મળ્યું હતું. બાળકીના પિતાના જણાવ્યા અનુસાર સવારે પાંચેક વાગ્યે બાળકી અન્ય બાળકો સાથે જાગી હતી અને પરિસરમાં જ રમતી હતી. બાળકી ઘુંટણિયે ચાલતી હતી. અન્ય બાળકો મોબાઈલ જોવામાં વ્યસ્ત થઈ ગયા અને બાળકી ક્યારે ઘુંટણિયા ભરી ગટરમાં ખાબકી તેની કોઈને ખબર પડી ન હતી. થોડા સમય બાદ બાળકી ન દેખાતા તેની શોધખોળ કરી ત્યારે તે ગટરમાંથી મળી આવી હતી. ગટરને ઢાંકણ હતું.

# સુરેન્દ્રનગર જીલ્લા પોલીસ વિભાગમાં મોટાપાયે આંતરિક બદલીઓ કરાઈ

## પોલીસ વડા પ્રેમસુખ ડેલુ દ્વારા એકસાથે ૬ પોલીસ ઈન્સ્પેક્ટર અને ૨૩ પોલીસ સબ ઈન્સ્પેક્ટરની બદલીના આદેશ

સુરેન્દ્રનગર,
જીલ્લા પોલીસ વડા પ્રેમસુખ ડેલુ દ્વારા એકસાથે ૨૯ પોલીસ અધિકારીઓની બદલીના આદેશ કરવામાં આવ્યા છે. જેમાં ૬ પોલીસ ઈન્સ્પેક્ટર (PI) અને ૨૩ પોલીસ સબ ઈન્સ્પેક્ટર (PSI)નો સમાવેશ થાય છે. વહીવટી સરળતા અને પોલીસ વિભાગની કામગીરીને વધુ સુવ્યવસ્થિત બનાવવાના હેતુથી આ નિર્ણય લેવામાં આવ્યો હોવાનું જાણવા મળ્યું છે.

જીલ્લા પોલીસ વડાના આ નિર્ણય અંતર્ગત જિલ્લામાં ફરજ બજાવતા 6 PI અને 23 PSI સહિત કુલ ૨૯ અધિકારીઓની બદલી કરવામાં આવી છે. એકસાથે આટલી મોટી સંખ્યામાં અધિકારીઓની બદલી થતાં પોલીસ બેડામાં ચર્ચાનો માહોલ જોવા મળી રહ્યો છે.

પોલીસ વિભાગની વહીવટી કામગીરી સરળ અને અસરકારક બને તે હેતુથી આ આંતરિક બદલીઓ કરવામાં આવી છે. જિલ્લા પોલીસ વડા દ્વારા કરવામાં આવેલી આ ફેરબદલને પોલીસ વિભાગના આંતરિક વહીવટ સાથે જોડવામાં આવી રહી છે.

જીલ્લામાં એકસાથે ૬ પોલીસ ઈન્સ્પેક્ટર અને ૨૩ પોલીસ સબ ઈન્સ્પેક્ટરની બદલીનો નિર્ણય ચર્ચાનું કેન્દ્ર બન્યો છે. વિવિધ પોલીસ મથકો અને વિભાગોમાં ફરજ બજાવતા અધિકારીઓની નવી જવાબદારીઓ અંગે પણ પોલીસ કર્મચારીઓમાં ચર્ચા શરૂ થઈ છે.

મોટી સંખ્યામાં બદલીઓના આદેશ બાદ સુરેન્દ્રનગર પોલીસ બેડામાં મિશ્ર પ્રતિક્રિયાઓ જોવા મળી રહી હોવાનું જાણવા મળ્યું છે. કેટલાક અધિકારીઓ માટે બદલી અનુકૂળ હોઈ શકે છે, જ્યારે અન્ય અધિકારીઓ માટે નવી જગ્યાએ ફરજ બજાવવાનો પડકાર ઊભો થઈ શકે છે.એસપી પ્રેમસુખ ડેલુના આ નિર્ણય બાદ જિલ્લા પોલીસ વિભાગમાં વહીવટી ફેરફારની પ્રક્રિયા ચર્ચામાં આવી છે.

# બનાસકાંઠા જિલ્લાની થરા નગરપાલિકાની ચૂંટણી યોજાઈ

બનાસકાંઠા,
થરા નગરપાલિકાની ચૂંટણી માટે રવિવારે વહેલી સવારથી જ મતદાનનો ઉત્સાહપૂર્વક પ્રારંભ થયો છે, જ્યાં મતદાન મથકો પર મતદારોની લાંબી કતારો જોવા મળી રહી છે. નગરપાલિકાના કુલ ૬ વોર્ડની ૨૪ બેઠકો માટે ૫૯ ઉમેદવારો ચૂંટણી મેદાનમાં છે, જેમના નસીબનો નિર્ણય થરાના ૧૨,૯૧૬ મતદારો પોતાના મતાધિકારનો ઉપયોગ કરીને ઈવીએમ મશીનમાં કેદ કરી રહ્યા છે. સવારે ૭:૦૦ વાગ્યાથી સાંજે ૬:૦૦ વાગ્યા સુધી ચાલનારી આ મતદાન પ્રક્રિયા પર સૌ કોઈની નજર ટકેલી છે. નોંધનીય છે કે ગત ટર્મમાં થરા નગરપાલિકામાં ૭૩.૫૫ ટકા જેટલું ભારે મતદાન નોંધાયું હતું, ત્યારે આ વર્ષે મતદાનની ટકાવારી કેવા રેકોર્ડ સર્જે છે તે જોવું રસપ્રદ રહેશે. લોકશાહીના આ પર્વમાં સહભાગી બનેલા ઉમેદવારોના ભાવિનો આખરી ફેંસલો આગામી ૧૩ ઓક્ટોબરે મતગણતરી બાદ થશે.

વહેલી સવારે ૭:૦૦ થી ૯:૦૦ વાગ્યા સુધીના પ્રથમ ૨ કલાકના સમયગાળામાં જ થરા પાલિકા માટે ૧૫.૩૯% જેટલું ઉત્સાહજનક મતદાન નોંધાઈ ચૂક્યું છે. વહેલી સવારથી જ સ્થાનિક નાગરિકો મોટી સંખ્યામાં મતદાન મથકો પર પહોંચીને પોતાના મતાધિકારનો ઉપયોગ કર્યો હતો.

આ દરમિયાન કાંકરેજના કોંગ્રેસ ધારાસભ્ય અમૃતજી ઠાકોરે આસો નવરાત્રિના પ્રારંભનો ઉલ્લેખ કરતા મહત્વનું નિવેદન આપ્યું હતું. તેમણે જણાવ્યું હતું કે જેમ મા જગદંબાએ અસુરોનો નાશ કર્યો હતો, તે જ રીતે લોકશાહીની હત્યા કરનારાઓને આજના દિવસે જનતા પોતાના કિંમતી મત દ્વારા સડતોડ જવાબ આપશે. આ સાથે જ તેમણે થરાના નગરજનોને બે હાથ જોડીને લોકશાહીના પર્વમાં ઉત્સાહભેર ભાગ લઈને અચૂક મતદાન કરવા વિનંતી કરી હતી.

# અમદાવાદમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે વાયબ્રન્ટ નવરાત્રી મહોત્સવનો કરાવ્યો પ્રારંભ

## નવરાત્રી મહોત્સવમાં છ રાષ્ટ્રના રાજદૂતો રહ્યા ઉપસ્થિત



અમદાવાદ,
ગુજરાતમાં નવરાત્રી પર્વનો પ્રારંભ થયો છે. જેમાં અમદાવાદમાં જીએમડીસી ગ્રાઉન્ડ ખાતે યોજાયેલા વાઈબ્રન્ટ નવરાત્રી મહોત્સવ ૨૦૨૬ નો સીએમ ભૂપેન્દ્ર પટેલે પ્રારંભ કરાવ્યો હતો. તેમણે જણાવ્યું હતું કે, ગુજરાતની સાંસ્કૃતિક વિરાસત અને લોક પરંપરા સમાન ગરબાને વૈશ્વિક ઓળખ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ શરૂ કરાવેલા વાઈબ્રન્ટ નવરાત્રી મહોત્સવથી મળી છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ૬ જેટલા રાષ્ટ્રોના રાજદૂતોની વિશેષ ઉપસ્થિતિમાં નવરાત્રી મહોત્સવનો શુભારંભ કરાવ્યો હતો. તેમજ તેની બાદ આરતીમાં પણ સહભાગી થયા હતા. આ ઉપરાંત તેમણે જણાવ્યું કે પીએમ મોદીએ શરૂ કરેલા વાયબ્રન્ટ નવરાત્રી, સોમનાથ સ્વાભિમાન પર્વ, સ્ટેચ્યુ ઓફ યુનિટી, રણોત્સવ, અંબાજી કોરિડોર, પાવાગઢ માં ૫૦૦ વર્ષ પછી ધ્વજા રોહણ સહિત કેદાર ધામ કાશીવિશ્વનાથ કોરિડોર વગેરેથી સાંસ્કૃતિક રાષ્ટ્રવાદ સાથે વિરાસત ભી વિકાસ ભી અભિયાન સાકાર કર્યું છે.

# વિશ્વ માનસિક સ્વાસ્થ્ય દિવસ પર અમદાવાદમાં ફિટ ઈન્ડિયા-સનડેઝ ઓન સાયકલની ૯૪મી આવૃત્તિ યોજાઈ

## કબડ્ડી ચેમ્પિયન્સે ફિટનેસ અને માનસિક સુખાકારીનો સંદેશ આપ્યો

અમદાવાદ,
ફિટ ઈન્ડિયા-સનડેઝ ઓન સાયકલની ૯૪મી આવૃત્તિનું સવારે અમદાવાદના નારણપુરા વિસ્તારમાં સ્થિત વીર સાવરકર સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ ખાતે સફળતાપૂર્વક આયોજન કરવામાં આવ્યું હતું. વિશ્વ માનસિક સ્વાસ્થ્ય દિવસ નિમિત્તે હાર્ટફુલનેસના સહયોગથી 'પેડલ ફોર અ હેલ્થિયર માઈન્ડ' થીમ હેઠળ યોજાયેલા આ કાર્યક્રમમાં ફિટનેસ ઉત્સાહીઓ, યુવાનો અને રમતગમતની હસ્તીઓએ મોટી સંખ્યામાં ઉત્સાહભેર ભાગ લીધો હતો.

માનસિક સ્વાસ્થ્ય જાગૃતિ પર ભાર

વિશ્વ માનસિક સ્વાસ્થ્ય દિવસને અનુરૂપ, આ કાર્યક્રમનો ઉદ્દેશ્ય શારીરિક ફિટનેસ અને માનસિક સુખાકારી વચ્ચેના આંતરિક સંબંધ વિશે વ્યાપક જાગૃતિ લાવવાનો હતો. માનસિક સુખાકારી અંગે ખુલ્લા મનથી વાતચીતને પ્રોત્સાહિત કરવા માટે "ઈટ્સ ઓકે ટુ ટોક" અને "બી કાઈન્ડ ટુ યોર માઈન્ડ" જેવા મુખ્ય સંદેશાઓનો પ્રચાર કરવામાં આવ્યો હતો.

યુવા બાબતો અને રમતગમત મંત્રાલય, સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ઈન્ડિયા (SAI) અને ફિટ ઈન્ડિયા દ્વારા આયોજિત આ કાર્યક્રમમાં સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ઈન્ડિયાના ડેપ્યુટી ડિરેક્ટર જનરલ શ્રી મયંક શ્રીવાસ્તવ, SAI પ્રાદેશિક કેન્દ્ર ગાંધીનગરના પ્રાદેશિક ડિરેક્ટર શ્રી પ્રશાંત સિંહ અને સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ઈન્ડિયાના નેશનલ સેન્ટર ઓફ એક્સેલન્સ (NCOE) અમદાવાદના ડિરેક્ટર શ્રીમતી અદિતિ સિંહ ઉપસ્થિત રહ્યા હતા.

સમારોહ દરમિયાન, શ્રી મયંક શ્રીવાસ્તવ, શ્રી પ્રશાંત સિંહ અને શ્રીમતી અદિતિ સિંહે મંચ પર ખાસ અતિથિઓ—નવીન કુમાર, સુરજીત, શિવમ અનિલ પટાટે અને અજીત ચૌહાણ સહિતના અગ્રણી કબડ્ડી ચેમ્પિયન્સનું સન્માન કર્યું હતું. આ કાર્યક્રમમાં બ્રહ્મા કુમારીઝના બહેનોની પણ આદરણીય ઉપસ્થિતિ રહી હતી. બ્રહ્મા કુમારી બહેનોએ સાયકલ રેલીને લીલી ઝંડી દર્શાવીને પ્રસ્થાન કરાવ્યું હતું, ત્યારબાદ શ્રી મયંક શ્રીવાસ્તવ અને શ્રીમતી અદિતિ સિંહ દ્વારા મંચ પર સ્મૃતિચિહ્ન અર્પણ કરીને તેમનું પણ સન્માન કરવામાં આવ્યું હતું.

# ભારતીય રેલવે દ્વારા ૩,૫૪૮ ગ્રેજ્યુએટ-લેવલ NTPC જગ્યાઓની જાહેરાત

નવી દિલ્હી,
ભારતીય રેલવે દ્વારા રેલવે રિક્રુટમેન્ટ બોર્ડ્સ (RRBs) દ્વારા બહાર પાડવામાં આવેલા સેન્ટ્રલાઈઝ્ડ એમ્પ્લોયમેન્ટ નોટિફિકેશન (CEN) નંબર ૦૬/૨૦૨૬ માધ્યમથી નોન-ટેકનિકલ પોપ્યુલર કેટેગરીઝ (NTPC–ગ્રેજ્યુએટ) ભરતી હેઠળ ૩,૫૪૮ ગ્રેજ્યુએટ-લેવલની જગ્યાઓની જાહેરાત કરવામાં આવી છે. આ ભરતી પાત્ર સ્નાતકોને ભારતીય રેલવેમાં કરિયર બનાવવાની અને દેશની સૌથી મોટી સાર્વજનિક સેવા સંસ્થાઓમાંની એકની કામગીરીમાં યોગદાન આપવાની તક પૂરી પાડે છે.

### મહત્વાકાંક્ષી યુવાનો માટે કરિયરની નવી તકો

આ ભરતીમાં ચીફ કોમર્શિયલ કમ ટિકિટ સુપરવાઈઝર, ગુડ્સ ટ્રેન મેનેજર, જુનિયર એકાઉન્ટ્સ આસિસ્ટન્ટ કમ ટાઈપિસ્ટ અને સિનિયર ક્લાર્ક કમ ટાઈપિસ્ટ સહિત ચાર કેટેગરીની પોસ્ટ્સ આવરી લેવામાં આવી છે. આ જગ્યાઓ દેશભરમાં રેલવે સેવાઓની કાર્યક્ષમ કામગીરીને ટેકો આપતા, વાણિજ્યિક સેવાઓ, ટ્રેન કામગીરી, એકાઉન્ટ્સ અને વહીવટમાં કરિયરની તકો પૂરી પાડે છે.

કુલ ૩,૫૪૮ જગ્યાઓમાંથી, ૨,૭૫૦ ગુડ્સ ટ્રેન મેનેજર માટે છે, ત્યાર બાદ ૩૭૧ સિનિયર ક્લાર્ક કમ ટાઈપિસ્ટ માટે, ૩૦૦ જુનિયર એકાઉન્ટ્સ આસિસ્ટન્ટ કમ ટાઈપિસ્ટ માટે અને ૧૨૭ ચીફ કોમર્શિયલ કમ ટિકિટ સુપરવાઈઝર માટે છે. આ જગ્યાઓ સ્નાતકોને રેલવે કામગીરી અને વહીવટના વિવિધ કાર્યાત્મક ક્ષેત્રોમાં કામ કરવાની તકો પૂરી પાડે છે.

આ પોસ્ટ્સ સાતમા સેન્ટ્રલ પે કમિશન હેઠળ પ્રારંભિક મૂળભૂત પગાર ઓફર કરે છે. ચીફ કોમર્શિયલ કમ ટિકિટ સુપરવાઈઝર પે લેવલ ૬ પર દર મહિને ?૩૫,૪૦૦નો પ્રારંભિક મૂળભૂત પગાર ધરાવે છે, જ્યારે અન્ય ત્રણ કેટેગરીઓ પે લેવલ ૫ પર દર મહિને ?૨૯,૨૦૦ નો પ્રારંભિક મૂળભૂત પગાર ધરાવે છે. લાગુ પડતા ભથ્થાં અને સેવાની શરતો સંબંધિત નિયમો દ્વારા સંચાલિત થશે.

મહત્વપૂર્ણ તારીખો અને પાત્રતાના માપદંડો

ઓનલાઈન અરજી પ્રક્રિયા ૮ ઓક્ટોબર ૨૦૨૬ના રોજ શરૂ થઈ હતી, અને પાત્ર ઉમેદવારો ૬ નવેમ્બર ૨૦૨૬, રાત્રે ૧૧:૫૯ વાગ્યા સુધી પોતાની અરજીઓ જમા કરાવી શકે છે. પરીક્ષા ફી ભરવાની છેલ્લી તારીખ ૮ નવેમ્બર ૨૦૨૬ છે, જ્યારે અરજીમાં સુધારા-વધારા માટેની વિન્ડો ૯ નવેમ્બરથી ૧૮ નવેમ્બર ૨૦૨૬ સુધી નિર્ધારિત કરવામાં આવી છે.

# ખંભાળિયામાં એટ્રોસિટિના ગુનાના આરોપીને પકડવાની માગ સાથે પોલીસ મથક બહાર ચક્કાજામ કરી હંગામો

## મહિલા સહિત ૧૬ શખ્સો સામે ફરજમાં રુકાવટ કરી મોબાઈલમાં શુટિંગ ઉતારવા અંગે તમામ સામે ફોજદારી

ખંભાળિયા : ખંભાળિયા શહેરમાં રહેતા અને સોશિયલ મીડિયાના માધ્યમથી રજૂઆત કરતા એક મહિલા અને તેની સાથેના અન્ય ૧૫ શખ્સે ખંભાળિયા પોલીસ દફતરે એટ્રોસિટીની ફરિયાદના અનુસંધાને આરોપીઓને ત્વરિત ઝડપી લેવાની માંગ કરી બાદ રોડ ચક્કાજામ કરી વચ્ચે સુઈ જતા અને પોલીસ સ્ટાફ દ્વારા સમજાવવા છતાં વાત નહીં માની કાયદેસરની સરકારી ફરજમાં રૂકાવટ કરતા મહિલા સહિત ૧૬ શખ્સ સામે સ્થાનિક પોલીસ દફતરે વિધિવત ફરિયાદ દાખલ થતા ભારે ચકચાર જાગી છે. ઉપરાંત આ મહિલાએ હેલ્મેટ પહેર્યા વગર સ્કૂટર ચલાવી મોબાઈલ ફોન દ્વારા વિડીયો ઉતારી બેદરકારી દાખવતા વધુ એક ફરિયાદ પણ તેની સામે દાખલ થઈ છે.

મળતી વિગત મુજબ ખંભાળિયા શહેરમાં શક્તિનગર વિસ્તારમાં રહેતા મંજુબેન કારાભાઈ પીંગળ અને મૂળજીભાઈ ઝીણાભાઈ પરમારની આગેવાનીમાં ગત તા. ૧૦ ના રોજ તેઓ સાથે આશરે ૨૦ જેટલા લોકો ગેરકાયદેસર મંડળી રચી પોતાનો સમાન ઈરાદો પાર પાડવા ખંભાળિયા પોલીસ સ્ટેશન ખાતે ગયા હતા જ્યાં એટ્રોસિટીનો ગુન્હો દાખલ થયેલ તે અનુસંધાને આરોપીઓની તાત્કાલિક ધરપકડ કરવા માંગણી કરી હતી અને જાહેરમાં તોફાન કરી ત્યાં હાજર રહેલા એ. એસ. આઈ. મિતેશભાઈ હમીરભાઈ જાદવ અને અન્ય પોલીસ કર્મચારીઓને હાની પહોંચાડવાની ધમકી આપી હતી ઉપરાંત તેઓની સાથે આવેલ લોકોને આત્મહત્ય જેવો ગંભીર ગુન્હો કરવા ઉશ્કેરી તેઓ સહિત સાથે આવેલા લોકો રોડ પર સૂઈ ગયા હતા અને રોડ ચક્કાજામ કરી નાખ્યો હતો આથી કોઈ વાહન અહીંથી પસાર થાય તો અકસ્માતમાં મૃત્યુ પણ નીપજી શકે અને તે જાણવા છતાં અન્યની જિંદગી જોખમાઈ અથવા શારીરિક હાની થાય તેવું કૃત્ય આંચરી રસ્તામાંથી નીકળતા રાહદારીઓને અવરોધ ઊભો કરી બધાને રોડ પર સુવડાવી બ્લોક કરી નાખ્યો હતો જે અંગે આવું નહીં કરવા ઉપસ્થિત પોલીસ કર્મચારીઓ દ્વારા સમજાવવા છતાં વાત નહીં માની કાયદેસરની સરકારી ફરજમાં રૂપાવટ કરતા આખરે ખંભાળિયા પોલીસે આ મામલે મંજુબેન પિંગળ, મૂળજીભાઈ પરમાર અને તેની સાથે આવેલા દેવશીભાઈ ઝીણાભાઈ પરમાર, ભરતભાઈ જેઠાભાઈ પરમાર, કરણભાઈ બાલુભાઈ સાંચીયા, પ્રદીપભાઈ લાખાભાઈ જોડ, ભરતભાઈ સોમાભાઈ વઘોરા, સાહિલ સવજીભાઈ ડનેચા, આલીબેન ઝીણાભાઈ પરમાર, ભરત ખેરાજભાઈ વારસાખીયા, સંજય દીપકભાઈ પારીયા, રવિ દિનેશભાઈ જોડ, રમેશ રાજશીભાઈ ચાસિયા, બચુ ખેરાજભાઈ વારસાખીયા, જગદીશ માધાભાઈ શીરૂડા અને નાગાજણ માલાભાઈ ચાસીયા નામના ૧૬ શખ્સ સામે ગુન્હો દાખલ કરી તપાસ આરંભી છે. આ બનાવને લઈને ખંભાળિયા શહેરભરમાં તરેહ- તરેહની ચર્ચા જાગી છે. ઉલ્લેખનીય છે કે. મંજુબેન નામના મહિલા સોશિયલ મીડિયાના માધ્યમથી કેટલીક રજૂઆત કરતા હોઈ છે અને અગાઉ પણ તેઓ સામે ગુન્હો નોંધાયો છે.

આ સિવાય મંજુબેન પિંગળ સામે ખંભાળિયા પોલીસ દફતરે બીજો ગુન્હો પણ દાખલ થયો છે જેમાં તેઓ એક હાથથી સ્કૂટર ચલાવી અન્ય હાથમાં મોબાઈલ ફોન દ્વારા વિડિયો ઉતારતા હોય આથી બેદરકારી અને ગફલત ભરી રીતે સ્કૂટર રોડ પર ચલાવી અન્ય વાહન ચાલકોનો જીવ જોખમાય તે રીતે નીકળતા તેઓ સામે વધુ એક ગુન્હો દાખલ થયો છે.

# ભાડથર ગામે પેટા ચૂંટણીમાં મતદાતાઓને રીઝવવા પૈસાની લહાણી કરતા સરપંચ સામે ફરિયાદ



ખંભાળિયા : ખંભાળિયા તાલુકાના ભાડથર ગામે યોજાયેલી પેટા ચૂંટણી માટે મતદારોને નાણાંનું વિતરણ કરવા સબબ ગામના સરપંચ સામે ફરિયાદ નોંધાવવામાં આવતા તાલુકા ભરમાં ભારે ચકચાર સાથે પેટા ચૂંટણીમાં ગરમાવો આવ્યો છે.

પ્રાપ્ત વિગત મુજબ ખંભાળિયા તાલુકાના ભાડથર ગામે રહેતા અને ગામના સરપંચ સામતભાઈ પબુભાઈ કંડોરીયા ૩- ભાડથર જિલ્લા પંચાયત પેટા ચૂંટણી વર્ષ ૨૦૨૬માં બુથથી આશરે ૧૦૦ મીટરના પરીઘ અંદર મતદાતાઓને મત આપવા માટે વિનંતી કરી અને તેઓને લાંચ પેટે રોકડ રકમ આપતા હોવાની ફરિયાદ ઉઠવા પામતા આખરે સરપંચ સામતભાઈ કંડોરીયા સામે કર્મચારી વિપુલભાઈ રામજીભાઈ નકુમ દ્વારા ફરિયાદ નોંધાવવામાં આવતા ખંભાળિયા પોલીસે ગુજરાત પંચાયત અધિનિયમની ધારા હેઠળ ગુન્હો દાખલ કરતા ભારે ચર્ચા જાગી છે.

## સાજડીયારી પાસે કુવામાં પટકાઈ પડતા શ્રમિકનું મોત

જામનગર : લાલપુર તાલુકાના સાજડીયારી ગામે વાડીમાં કૂવામાં પડી જવાથી મધ્યપ્રદેશના આશરે ૩૦ વર્ષના શ્રમિક રાકેશભાઈ ચંપાલાલ માનઠાકુરનું મૃત્યુ નીપજ્યું હતું. તેઓ મૂળ મધ્યપ્રદેશના ખરગોન જિલ્લાના ગોપાલપુરા ગામના વતની હતા અને હાલ સાજડીયારી ગામે આદમભાઈ કારાભાઈ નોયડાની વાડીમાં મજૂરીકામ કરતા હતા.

પ્રાપ્ત વિગત મુજબ, રાકેશભાઈને દારૂ પીવાની અને માછલી પકડવાની ટેવ હતી. તા. ૧૦ ઓક્ટોબરના રોજ તેઓ કૂવા પાસે માછલી પકડવા જતાં કૂવામાં પડી ગયા હતા, જેના કારણે તેમનું મૃત્યુ થયું હતું. આ બનાવ અંગે લાલપુર પોલીસ મથકમાં અકસ્માતે મૃત્યુની નોંધ કરી પોલીસે તપાસ હાથ ધરી છે.

## જામનગર જિલ્લામાં ચારથી વધુ વ્યક્તિઓ એકઠા થવા પર પ્રતિબંધ

જામનગર : જામનગર જિલ્લાના વિસ્તારમાં વર્તમાન કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ તેમજ આગામી તહેવારોને ધ્યાને રાખીને જાહેર સલામતી અને સુલેહ-શાંતિ જળવાઈ રહે તે હેતુથી તકેદારીના ભાગરૂપે પ્રતિબંધાત્મક હુકમો જારી કરવામાં આવ્યા છે. અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ વિમલ ચૌધરી દ્વારા 'ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩'ની કલમ-૧૬૩ હેઠળ મળેલ સત્તાની રૂએ સમગ્ર જામનગર જિલ્લામાં જામનગર મહાનગરપાલિકા વિસ્તાર સહિત ચાર કે તેથી વધુ વ્યક્તિઓએ એકત્રિત થવા, કોઈપણ પ્રકારની સભા યોજવા કે સરઘસ કાઢવા પર પ્રતિબંધ ફરમાવતું જાહેરનામું બહાર પાડવામાં આવ્યું છે.

આ જાહેરનામું તા. ૩૧/૧૦ સુધી સમગ્ર જિલ્લામાં અમલમાં રહેશે. આ જાહેરનામામાંથી સરકારી નોકરી કે ફરજ પરના કર્મચારીઓ, ગૃહ રક્ષક દળ, જી.આઈ.એસ.એફ., ફોરેસ્ટ, કસ્ટમ, સેન્ટ્રલ એક્સાઈઝ, એન.સી.સી. જેવા બિન-પોલીસ દળો કે જેમને ખાસ પોલીસ અધિકારીના અધિકારો એનાયત થયેલ હોય તેમજ લગ્નના વરઘોડા તથા સ્મશાન યાત્રાને મુક્તિ આપવામાં આવી છે. આ જાહેરનામાનો ભંગ કરનાર વ્યક્તિ સામે 'ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩'ની કલમ-૨૨૩ હેઠળ શિક્ષાત્મક કાર્યવાહી કરવામાં આવશે.

# જામનગરના અંધાશ્રમ ફાટક નજીક વંદે ભારત ટ્રેનની હડફેટે બે વ્યક્તિ આવી જતા મોત

### દર્દનાક ઘટનામાં બંને વ્યક્તિઓ કયા સંજોગોમાં ટ્રેનની ઠોકરે ચડ્યા? તપાસનો ધમધમાટ



તસવીર: સુનિલ ચુડાસમા

જામનગર : જામનગર શહેરના અંધાશ્રમ ફાટક નજીક તા.૧૦ના રોજ સાંજે દર્દનાક ઘટના સર્જાઈ છે. ધસમસતી વંદે ભારત ટ્રેનની અડફેટે આવી જતાં બે વ્યક્તિઓના ઘટનાસ્થળે જ કમકમાટીભર્યા મોત નિપજ્યાં હતાં. ગમખ્વાર દુર્ઘટનાને પગલે રેલવે પોલીસ સહિતનો કાફલો ઘટના સ્થળે દોડી ગયો હતો.

શહેરના અંધાશ્રમ ફાટક પાસે સાંજે આશરે ૬:૩૦ વાગ્યાના અરસામાં દુર્ઘટના બની હતી. શહેરના અંધાશ્રમ નજીક આવેલી લક્ષ્મીનગર સોસાયટીમાં રહેતા રમેશભાઈ હાજાભાઈ ચૌહાણ (ઉ.વ.૫૪), તેમજ મૂળ આસામના ગુવાહાટીના વતની સોનુ કુમાર અમીકા કુમાર (ઉ.વ.૩૨)નાં ફાટક નજીક ટ્રેનની ઠોકરે ચડતા બંનેના કરુણ મોત નીપજ્યા હતા. જે મામલે જાણ થતા સ્થાનિકોના ટોળા એકઠા હતા હતા અને રેલવે પોલીસે તથા ૧૧૨ ટીમ તાત્કાલિક દોડી ગઈ હતી જયાં મૃતદેહોને પોસ્ટમોર્ટમ સહિતની આગળની કાયદેસરની કાર્યવાહી માટે સરકારી હોસ્પિટલ ખસેડવાની તજવીજ હાથ ધરી હતી. બંને વ્યક્તિઓ કયા સંજોગોમાં ટ્રેનની અડફેટે આવી અને આ દુર્ઘટના કેવી રીતે સર્જાઈ તે અંગે રેલવે પોલીસ દ્વારા વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

## બોલિવૂડ સ્ટાર વરુણ ધવન બન્યા અંબાણી પરિવારના મહેમાન



જામનગર : નવરાત્રીની શરૂઆત સાથે જામનગરની રિલાયન્સ ટાઉનશિપ ખાતે આજે તા.૧૧ ના રોજ નવરાત્રીની સૌથી મોટી રાત જામશે. જેમાં સહભાગી થવા માટે બોલિવૂડ સ્ટાર વરુણ ધવન ખાસ વિમાન મારફતે મુંબઈથી જામનગર પહોંચ્યા હતા. જે જામનગર એરપોર્ટ ખાતે જોવા મળ્યા બાદ ચાહકો સાથે સેલ્ફી લીધી હતી અને ત્યારબાદ પૂરતા બંદોબસ્ત સાથે મોટર માર્ગે રિલાયન્સ ગ્રીન્સ જવા રવાના થયા હતાં આ ઉપરાંત લોકપ્રિય ગાયક કિર્તીદાન ગઢવી પણ એરપોર્ટ પર જોવા મળ્યા હતા.

## બેડેશ્વરમાં બાળમજૂરી કરાવનાર હોટલ સંચાલક સામે કાર્યવાહી

જામનગર : જામનગર શહેરના બેડેશ્વર વિસ્તારમાં જૂના કાંટા પાસે આવેલી કે.એમ.સી. ચાની હોટલ અને પાનની દુકાનમાં બાળમજૂરી કરાવવામાં આવતી હોવાની તપાસ દરમિયાન એન્ટી હ્યુમન ટ્રાફિકિંગ યુનિટ (એ.એચ.ટી.યુ.)ની ટીમે ૧૦ વર્ષના બાળકને બાળમજૂરીમાંથી મુક્ત કરાવી હોટલમાલિક સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

જામનગર જિલ્લા પોલીસ અધિક્ષક ડૉ. રવિ મોહન સૈનીની સૂચના અને એ.એચ.ટી.યુ.ના પીઆઈ વી.એસ. પટેલના માર્ગદર્શન હેઠળ પોલીસ ટીમ પેટ્રોલિંગમાં હતી. દરમિયાન બેડેશ્વર જૂના કાંટા પાસે આવેલી કે.એમ.સી. ચાની હોટલમાં તપાસ કરતાં ૧૦ વર્ષ, ૭ મહિના અને ૨૮ દિવસની ઉંમરનો બાળક બાળમજૂરી કરતો મળી આવ્યો હતો.પોલીસે બાળકને બાળમજૂરીમાંથી મુક્ત કરાવી જામનગરના બાળ ઓબ્ઝર્વેશન હોમમાં સોંપ્યો હતો. આ મામલે હોટલમાલિક અનીશ અલ્તાફ હમીરાણી (ઉં.વ. ૨૮) સામે બાળમજૂરી પ્રતિબંધક કાયદાની કલમ ૩ અને ૧૪(૧) હેઠળ કાર્યવાહી કરવામાં આવી છે.આ કામગીરીમાં પીઆઈ વી.એસ. પટેલ, એએસઆઈ રાજદીપસિંહ ઝાલા, મહિલા હેડ કોન્સ્ટેબલ કિરણબેન મેરાણી તથા મહિલા પોલીસ કોન્સ્ટેબલ શ્વેતાબેન જોડાયાં હતાં.

## પરિણીતાને સાસરીયાનો સિતમ

જામનગર : જામનગરના ખોજાગેટ વિસ્તારમાં મદિના મસ્જિદ પાસે ચાકીવાડમાં રહેતી ૨૨ વર્ષીય પરિણીતા પર સિતમ મામલે પતિ અને સાસુ સામે ફરિયાદ નોંધાઈ છે.

શહેરના ખોજાગેટ, લાલખાણ, મદિના મસ્જિદ પાસે રહેતી તમન્નાબેન સાહિલભાઈ ખફીએ નોંધાવેલી ફરિયાદ મુજબ, તેમના લગ્ન આશરે ત્રણ વર્ષ પહેલાં સાહિલ સલીમભાઈ ખફી સાથે થયા હતા. લગ્ન બાદ પતિ સાહિલ અને સાસુ રૂકસાનાબેન સલીમભાઈ ખફી નાની-નાની બાબતોમાં ઝઘડા કરી ગાળો ભાંડતાં, મેણાં-ટોણાં મારતાં અને માનસિક ત્રાસ આપતાં હતા. પતિએ તેમને ઘરમાંથી કાઢી મૂકી મૂકતાં તેણીએ ફિનાઇલ પી લીધું હતું. આ બનાવ અંગે પતિ સાહિલ સલીમભાઈ ખફી અને સાસુ રૂકસાનાબેન ખફી સામે ફરિયાદ નોંધાતા પોલીસે તપાસ હાથ ધરી છે.

# નવરાત્રિ દરમ્યાન મહિલાઓની સુરક્ષા માટે એસપીની બેઠક

### ગરબાના મેદાનોથી લઈને શેરી ગરબા સુધી મહિલાઓની સુરક્ષા પર રહેશે ખાસ નજર



તસવીર: સુનિલ ચુડાસમા

જામનગર : નવરાત્રિ પર્વ દરમિયાન મહિલાઓની સુરક્ષા અને સલામતી મુદ્દે જામનગર પોલીસ એલર્ટ છે અને પોલીસની શી ટીમને સક્રિય કરાઈ છે. નવરાત્રિ પર્વને ધ્યાનમાં રાખીને જિલ્લા પોલીસ વડા દ્વારા શી ટીમ સાથે બેઠક યોજવામાં આવી હતી. જેમાં નવરાત્રિ દરમિયાન મહિલાઓની સુરક્ષા જળવાઈ રહે, ગરબાનાં સ્થળોએ મહિલાઓ નિર્ભય બનીને ઉત્સવની ઉજવણી કરી શકે તેમજ કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે ટીમને જરૂરી સૂચનાઓ આપવામાં આવી હતી.

નવરાત્રિ દરમિયાન શહેર અને જિલ્લામાં અર્વાચીન ગરબાનાં મેદાનો, શેરી ગરબા, જાહેર કાર્યક્રમો તેમજ મહિલાઓની અવરજવર વધુ રહેતાં સ્થળોએ શી ટીમ દ્વારા સતત સતર્ક રહી કામગીરી કરવામાં આવશે. ગરબા રમવા આવતી યુવતીઓ અને મહિલાઓની સુરક્ષા સુનિશ્ચિત કરવા, તેમની સાથે કોઈ અયોગ્ય વર્તન કે છેડતી જેવી ઘટના ન બને તે માટે પોલીસની નજર રહેશે. ખાસ કરીને ભીડભાડવાળા સ્થળોએ જ નહી પરંતુ ગરબાના આયોજન સ્થળોએ આવાગમન માટે મહિલાઓને કોઈ મુશ્કેલી ન પડે અને જરૂરિયાતના સમયે પોલીસની મદદ મળી રહે તે દિશામાં ટીમને સક્રિય રહેવા સૂચના આપવામાં આવી છે. મહિલાઓને કોઈ મુશ્કેલી જણાય તો તેઓ પોલીસનો સંપર્ક કરી શકે અને તેમની ફરિયાદને યોગ્ય પ્રતિસાદ મળે તે માટે શી ટીમે સંવેદનશીલતા સાથે કામગીરી કરવા સૂચનાઓ આપવામાં આવી હતી.

## પરમિશન નહિ મળતા ગીતા મંદિર સામેના ઝેન-જી ગરબા મુલતવી

### વિવાદ વચ્ચે આયોજકની જાહેરાત, મંજૂરી માટે ફરી અરજી કરવામાં આવશે

જામનગર : જામનગરના ગીતા મંદિર સામેના વિસ્તારમાં યોજાનારા વિવાદાસ્પદ ઝેન-જી ગરબાના આયોજન પર મંજૂરી ન મળતાં ગઈકાલે પૂર્ણવિરામ મુકાયું હતું. અગાઉ આયોજક દ્વારા ગરબા યોજવા માટે અરજી કરવામાં આવી હતી, પરંતુ અરજી દફતરે થતાં આયોજન માટે જરૂરી પરવાનગી મળી શકી ન હતી.

આયોજનને લઈને આસપાસની સોસાયટીઓના રહીશો દ્વારા વિરોધ વ્યક્ત કરવામાં આવ્યો હતો. વિસ્તારની શાંતિ, વાહનોના પાર્કિંગ અને ટ્રાફિકની સમસ્યાને લઈને રજૂઆતો થતાં આ ગરબાનું આયોજન વિવાદમાં આવ્યું હતું. આ સંજોગોમાં પોલીસ તંત્ર દ્વારા મંજૂરી વિના ગરબા યોજાય નહીં તે માટે કાર્યવાહી કરવામાં આવી હતી.

પરવાનગી ન મળવાના કારણે ગઈકાલે ગરબા મુલતવી રાખવાની જાહેરાત આયોજક દ્વારા કરવામાં આવી હતી. જોકે, આગામી દિવસોમાં જરૂરી મંજૂરી મેળવવા માટે ફરીથી અરજી કરવામાં આવે તેવી શક્યતા છે. આથી ઝેન-જી ગરબાના આયોજન અંગે હવે તંત્ર દ્વારા શું નિર્ણય લેવામાં આવે છે તેના પર સૌની નજર રહેશે.

## ખંભાળિયામાં ઘર પાસે કચરો નાખવાના મામલે બે પરિવાર વચ્ચે ઘર્ષણ

ખંભાળિયા : ખંભાળિયા શહેરમાં શક્તિનગર વિસ્તારમાં ઘર પાસે કચરો નાખવાના મામલે બે પરિવાર વચ્ચે ઘર્ષણ થયું હેતુ જેમાં એકબીજાએ મારકુટ કરતા ચાર જેટલા વ્યક્તિને નાની - મોટી ઈજા થઈ હોઈ પોલીસે આ મામલે એટ્રોસિટી સહિતની કલમ હેઠળ ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર ખંભાળિયામાં શક્તિનગર ખાતે રહેતા ગીતાબેન માલસીભાઈ પરમારને કચરાભાઈ ગઢવી, કામઈબેન ગઢવી, કચરાભાઈના પત્નીઅને અન્ય ત્રણ જેટલા ઈકો ગાડીમાં આવેલા શખ્શોએ ગાળો કાઢી લાકડીથી અને ઢીકાપાટુનો મારમારી જાતિ પ્રત્યે અપમાનિત કરવા સબબ ગીતાબેન દ્વારા ફરિયાદ નોંધાવવામાં આવી છે.

જ્યારે સામાપક્ષે મયુરભાઈ કચરાભાઈ ધારાણી દ્વારા ગીતાબેન માલસીભાઈ પરમાર, માલસી ઝીણા પરમાર, મંજુબેન કારાભાઈ પીગળ સહિત ચાર સામે ફરિયાદ નોંધાવવામાં આવી છે જેમાં કચરાભાઈ, વીરબાઈબેન અને વાલબાઇબેન વિગેરેને કપાળે તથા મોઢા ઉપર પથ્થર વડે ઈજા પહોંચાડી પોલીસ ફરિયાદ કરશે તો જાનથી મારી નાખવાની ધમકી આપી હતી આથી પોલીસે બન્ને પક્ષની ફરિયાદ નોંધી વધુ તપાસ હાથ ધરી છે. રહેણાંક મકાન પાસે કચરો નાખવાના મામલે આ ડખ્ખો થયો હતો.

## જી.જી. હોસ્પિટલ પાસે બેભાન હાલતમાં વૃદ્ધનો મૃતદેહ સાંપડ્યો

જામનગર : જામનગરની જી.જી. હોસ્પિટલના ડ્રાઈવર રૂમ પાસે બેભાન હાલતમાં મળી આવેલા અંદાજે ૬૦ વર્ષીય અજાણ્યા પુરુષનું મૃત્યુ નીપજ્યું છે. મૃતકની ઓળખ ન થતાં સીટી બી ડિવિઝન પોલીસે તપાસ હાથ ધરી છે.

મળતી માહિતી મુજબ, તા. ૧૧ ઓક્ટોબરના રોજ જી.જી. હોસ્પિટલના ડ્રાઈવર રૂમ પાસે એક અજાણ્યો પુરુષ બેભાન હાલતમાં મળી આવ્યો હતો. તેને જી.જી. હોસ્પિટલમાં લઈ જવામાં આવતાં ફરજ પરના તબીબે મૃત જાહેર કર્યો હતો. આ બનાવ અંગે સામાજિક કાર્યકર હિતેશગીરી લાલગીરી ગોસાઈએ પોલીસને જાણ કરતાં સીટી બી ડિવિઝન પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# જામનગરમાં નવરાત્રીના તહેવાર નિમિત્તે ડ્રાઈવ યોજાઇ

## બૉમ્બ સ્ક્વોડ, નાર્કોટિક્સ ડોગ દ્વારા નશીલા પદાર્થો મામલે પોલીસ ચોપડે ચડેલા ૬૬ શખ્સોનું ઓચિંતું ચેકીંગ



તસવીર: સુનિલ ચુડાસમા

જામનગર : જામનગરમાં નવરાત્રીના તહેવારમાં નશાનું દૂષણ અંકુશમાં રહે તે માટે જિલ્લાભરમાં એન.ડી.પી.એસ. એક્ટ હેઠળના ગુનાઓમાં સંડોવાયેલા આરોપીઓને ચેક કરવા ૩ દિવસીય ડ્રાઈવનું આયોજન કરાયું હતું. આ દરમિયાન પોલીસની જુદી-જુદી ટીમ દ્વારા ૬૬ આરોપીઓને ચેક કરી આવા દૂષણથી દૂર રહેવા કાઉન્સેલિંગ કરાયું હતું.

નવરાત્રીના તહેવાર અનુસંધાને જામનગર જિલ્લામાં અસામાજીક તત્વો દ્વારા નાર્કોટીક્સને લગતી કોઈ પ્રવૃતિ ન થાય તે માટે જિલ્લામાં આગાઉ એન.ડી.પી.એસ. એક્ટ હેઠળના ગુનાઓમાં પોલીસ ચોપડે ચડેલા શખ્સોની હાલની ગતીવિધિ પર નજર રાખવા માટે ચેકિંગ ડ્રાઈવ યોજાઇ હતી. એસઓજી સ્ટાફ, સ્થાનીક પોલીસ, બોમ્બ ડિટેક્શન એન્ડ ડિસ્પોઝલ સ્કવોડ, નાર્કોટીક્સ ડોગ દ્વારા તા.૦૮ થી તા.૧૦ ઓક્ટોબર સુધી જુદા-જુદા પોલીસ સ્ટેશન વિસ્તારમાં રહેતા એન.ડી.પી.એસ. એક્ટ હેઠળના ગુનાઓના આરોપીઓનુ સરપ્રાઈઝ ચેકીગ કરાયું હતું. આરોપીઓની હાલની પ્રવૃતી તથા નજીકના ભુતકાળની મુવમેન્ટ અંગેની પુછપરછ કરી, આવા ગુનાઓ ન કરવા કાઉન્સીલીગ કરવામાં આવ્યું હતું.

આ ડ્રાઈવ વેળાએ જિલ્લાના જુદા-જુદા પોલીસ સ્ટેશનો દ્વારા એન.ડી.પી.એસ. એક્ટ હેઠળના ગુનાઓના ૬૬ આરોપીઓની તપાસ કરવામાં આવી હતી. ઉપરાંત ૪૫ શક પડતા શખ્સો, ૧૪ જાહેર પાર્કિંગ, ૭ કુરીયર સર્વિસ સ્થળ અને ૨ રેલ્વે સ્ટેશન-૨, તેમજ ૧૨૩ ઓટો રીક્ષા ચાલકોની તપાસ તેમજ નાર્કોટીક્સની પ્રવૃત્તિ થવાની સંભાવના વાળા તમામ સ્થળોનુ સરપ્રાઈઝ ચેકિંગ કરાયું હતું. આ ઉપરાંત આગામી સમયમાં પણ એન્ટી નાર્કોટિક્સ વિંગ દ્વારા નશીલા પદાર્થોના ગુનાઓ સાથે સંકળાયેલા શખ્સો પર નજર રાખવામાં આવશે.

## જામનગરના અપહરણ કેસમાં ૧૮ વર્ષથી ફરાર આરોપી ઝડપાયો



જામનગર : જામનગર શહેરના સીટી બી ડિવિઝન પોલીસ મથકમાં નોંધાયેલા અપહરણના ગુનામાં સંડોવણી ખૂલ્યા બાદ આરોપી છેલ્લા ૧૮ વર્ષથી ફરાર હતો. જે આરોપીને રાજકોટ રેન્જની ટીમે ગુલાબનગર મોહનનગર ઢાળિયા પાસેથી ઝડપી પાડી જામનગર પોલીસને સોંપ્યો છે.

કોઈપણ ગુનામાં સંડોવણી ખૂલ્યા લાંબા સમયથી ફરાર હોય તેવા આરોપીઓને પકડી પાડવા ચાલતી ઝુંબેશ દરમિયાન રાજકોટ રેન્જની ટીમે સફળતા મેળવી છે. ટીમને મળેલી બાતમીના આધારે પોલીસે જામનગરના મોહનનગર ઢાળિયા પાસેથી આરોપી હરેશ આંબાભાઈ પણસારા (રહે. અશ્વિની સોસાયટી, બ્લોક નં. ૭૦/૨, સુરત)ને ઝડપી પાડવામાં આવ્યો હતો. આરોપી સામે જામનગરના સીટી બી ડિવિઝન પોલીસ મથકમાં વર્ષ ૨૦૦૮માં ગુનો નંબર ૨૭૬ હેઠળ આઈપીસી કલમ ૩૬૩ અને ૩૬૬ સહિતની કલમો મુજબ અપહરણનો ગુનો નોંધાયો હતો. ગુનો નોંધાયા બાદથી આરોપી નાસતો-ફરતો હતો. રાજકોટ રેન્જની ટીમે આરોપીને ઝડપી પાડી વધુ કાર્યવાહી માટે સીટી-બી ડિવિઝન પોલીસ સ્ટેશનને સોંપ્યો છે.

સૌરાષ્ટ્ર આસપાસ
Owner : Leela News Network Private Limited Printer & Publisher Komalkant Fakirchand Sharma, on behalf of Leela News Network Private Limited Printed at 1/6 Ghanchivad , Near Jilla Garden, Rajkot. Published at Near Anupam talkies, Shivam Building, Bedi Gate, Jamnagar. Editor: Rajesh Kiritbhai Dave* Vijay Kotecha(Responcible for News editing as per PRB ACT)

સૌરાષ્ટ્ર આસપાસ

## સાયબર ફ્રોડને ભરી પીવા વિશ્વ એક બને

દેશની રાજધાની નવી દિલ્હીમાં જે દ્રશ્ય સર્જાયું છે, તે દરેક ભારતીય માટે ગર્વ લેવા જેવું છે. ઈન્ડિયા મોબાઈલ કોંગ્રેસ ૨૦૨૬ નું આયોજન માત્ર એક પ્રદર્શન નથી, પણ ભારતના ભવિષ્યની ઝલક છે. આ મંચ પરથી પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ જે વૈશ્વિક આહ્વાન કર્યું છે કે સાયબર ફ્રોડ અને ડીપફેક સામે સમગ્ર વિશ્વએ એક થવું પડશે - તે આજના સમયની સૌથી મોટી જરૂરિયાત છે.સાઇબર ફ્રોડ એટલે ઇન્ટરનેટ, મોબાઇલ ફોન કે કોમ્પ્યુટરનો ઉપયોગ કરીને કરવામાં આવતી છેતરપિંડી. આમાં કોઈ વ્યક્તિ તમારી જાણ બહાર તમારા પૈસા, તમારી અંગત માહિતી કે તમારા ઓનલાઇન એકાઉન્ટની ચોરી કરી લે છે. આજના સમયમાં જ્યારે આપણે બેંકનું કામ, ખરીદી અને વાતચીત બધું ઓનલાઇન કરીએ છીએ ત્યારે આ પ્રકારની છેતરપિંડી ખૂબ વધી ગઈ છે.આ ફ્રોડ ઘણી રીતે થાય છે. ક્યારેક તમને બેંકમાંથી બોલું છું એમ કહીને ફોન આવે અને તમારૌ઼, પાસવર્ડ કે છ્ર્નો નંબર માંગવામાં આવે. બેંક ક્યારેય ફોન પર આવી માહિતી માંગતી નથી. ક્યારેક તમને એક લિંક મોકલવામાં આવે છે જેમાં લખ્યું હોય કે તમે લોટરી જીત્યા છો, તમારું એકાઉન્ટ બંધ થઈ જશે કે સસ્તામાં નોકરી મળશે. તમે જેવા તે લિંક પર ક્લિક કરો એટલે તમારા ફોનમાં વાયરસ આવી જાય અથવા તમારી બધી માહિતી તે લોકો પાસે જતી રહે. આને ફિશિંગ કહેવાય છે.બીજો સામાન્ય પ્રકાર છે ઓનલાઇન શોપિંગ ફ્રોડ. કોઈ વસ્તુ ખૂબ સસ્તા ભાવે બતાવીને પૈસા લઈ લેવામાં આવે છે પણ વસ્તુ ક્યારેય આવતી નથી. સોશિયલ મીડિયા પર તમારા મિત્રના નામે નકલી એકાઉન્ટ બનાવીને પૈસા માંગવા એ પણ સાઇબર ફ્રોડ જ છે. ઘણા લોકોને ડરાવવા માટે કહેવામાં આવે છે કે તમારા નામે પોલીસ કેસ થયો છે અને પૈસા ભરો તો કેસ બંધ થઈ જશે.આનાથી બચવા માટે થોડી સાવધાની રાખવી ખૂબ જરૂરી છે. ક્યારેય પણ અજાણ્યા વ્યક્તિ સાથે઼, પાસવર્ડ કે બેંકની વિગતો શેર કરવી નહીં. અજાણી લિંક પર ક્લિક કરતા પહેલા સો વાર વિચારવું. કોઈપણ એપ ડાઉનલોડ કરતા પહેલા તે સાચી છે કે નહીં તે તપાસવું. મોબાઇલ અને કોમ્પ્યુટરમાં સારો એન્ટીવાયરસ રાખવો અને પાસવર્ડ થોડા સમયે બદલતા રહેવું.જો તમારી સાથે આવું કંઈ થાય તો તરત જ તમારી બેંકને જાણ કરો અને ૧૯૩૦ નંબર પર કોલ કરો અથવા ષ્ઠઅહ્વીષ્ઠિૈદ્બી.ર્ખ્તદૃ.ૈહ પર ફરિયાદ નોંધાવો. જેટલી જલ્દી ફરિયાદ કરશો એટલા પૈસા પાછા મળવાની શક્યતા વધુ રહે છે. યાદ રાખો, ઓનલાઇન દુનિયામાં થોડી સતર્કતા તમને મોટા નુકસાનથી બચાવી શકે છે.આજે ૯ ઓક્ટોબર ૨૦૨૬ ના રોજ દેશની રાજધાની નવી દિલ્હીમાં જે દ્રશ્ય સર્જાયું છે, તે દરેક ભારતીય માટે ગર્વ લેવા જેવું છે. ઈન્ડિયા મોબાઈલ કોંગ્રેસ ૨૦૨૬ નું આયોજન માત્ર એક પ્રદર્શન નથી, પણ ભારતના ભવિષ્યની ઝલક છે. આ મંચ પરથી પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ જે વૈશ્વિક આહ્વાન કર્યું છે - સાયબર ફ્રોડ અને ડીપફેક સામે સમગ્ર વિશ્વએ એક થવું પડશે - તે આજના સમયની સૌથી મોટી જરૂરિયાત છે.છેલ્લા એક દાયકામાં ભારતે ડિજિટલ ક્રાંતિમાં જે ગતિ પકડી છે, તે અભૂતપૂર્વ છે. જ્યારે દુનિયા પર ની વાતો કરતી હતી, ત્યારે ભારતે તેને ગામડે-ગામડા સુધી પહોંચાડવાનું શરૂ કરી દીધું. આજે ૈંસ્ઝ઼ ૨૦૨૬ માં ૈં, સેમિકન્ડક્ટર, ક્વોન્ટમ કોમ્યુનિકેશન અને એડવાન્સ કનેક્ટિવિટી જેવા વિષયો પર જે ટેકનોલોજી પ્રદર્શિત થઈ રહી છે, તે સાબિત કરે છે કે ભારત હવે ટેકનોલોજીનો માત્ર ઉપયોગ કરનારો દેશ નથી રહ્યો, પણ તેનો નિર્માતા બની રહ્યો છે.પ્રધાનમંત્રીનું ડીપફેક વિરુદ્ધનું નિવેદન ખૂબ સમયસર છે. આજે સોશિયલ મીડિયા પર ખોટા વીડિયો, ખોટા અવાજો અને ૈંછ દ્વારા બનાવેલી ભ્રામક માહિતી સામાન્ય માણસ માટે મોટો ખતરો બની ગઈ છે. એક સામાન્ય ખેડૂતથી લઈને મોટા ઉદ્યોગપતિ સુધી, કોઈ પણ સાયબર ઠગાઈનો શિકાર બની શકે છે.

# અવકાશમાં સેટેલાઈટ તરતો મુકવો સહેલો છે પણ ઘર-ઘર શુદ્ધ પાણી પહોંચાડવાનું અઘરું છે - ડો. અબ્દુલ કલામ

વિકાસ અને વિકલ્પ

-ડૉ. નાનક ભટ્ટ

વરસાદનું પાણી નદી બની વહે છે કે તળાવરૂપે સંગ્રહાય છે ત્યારે તેની ગુણવત્તામાં ઘટાડો થાય છે. પરંતુ આ પાણી ઝાડના મૂળ કે છિદ્રાળુ જમીનમાંથી પસાર થઈ જમીનના પેટાળમાં પહોંચે છે ત્યારે પાણી સાથે માટીના બંધારણમાં રહેલ સોડિયમ, મેગ્નેશિયમ, પોટેશિયમ, આયર્ન અને કેલ્શિયમ જેવા ખનિજક્ષારોને ઓગાળી પોતાની સાથે સાચવે છે. એક ભાગ હાઈડ્રોજન અને બે ભાગ ઓક્સિજનના સમગ્રમાત્રાથી બનેલ શુદ્ધ વરસાદી પાણી જમીનના પેટાળમાં પહોંચે છે. ત્યારે ક્લોરાઈડ, સલ્ફેટ, નાઈટ્રેટ અને કાર્બોનેટ જેવા ક્ષારતત્વોને સાથે તાળી જાય છે.

ભૂતળનાં પાણીમાં ઓગળી જતા આ ક્ષારો નરી આંખે દેખાતા નથી પરંતુ ક્ષારયુક્ત પાણી મોંમાં જતા જીભ તેનું ખાટાપણું પામી જાય છે અને નજીક કે શરીરની તરસ છિપાવવા આનું પાણી પેટમાં તાણવું પડે છે તો કિડની પોતાની પાતળી પટ્ટા દીવાલો વચ્ચેથી પાણી પસાર કરી ક્ષારોને પોતાના ખાનાઓમાં અલગ પાડી શક્ય ક્ષારો પેશાબ દ્વારા બહાર ધકેલે છે. આમ છતાં મોટા જથ્થામાં ક્ષારના જે કણો ક્ષારયુક્ત નળી દ્વારા બહાર જતા નથી તે કિડનીની કોથળીમાં પથરી બની સંગ્રહાય છે. માનવશરીરની રચના અદભુત છે. તે શક્ય તમામ પ્રયત્નોથી પરિસ્થિતિ સાથે તાલમેલ સાધવા પ્રયત્ન કરે છે. આમ છતાં એક હદ ઘટે છે ત્યારે છેવટે કિડની પાણીના જે ક્ષારોને અલગ નથી કરી શકતી તે લોહીમાં ભળે છે. લોહીનું ઓક્સિડાઈઝેશન થવા લાગે છે અને વહનની રક્તકણો નબળા પડવા સાથે તેમના રક્તકણો ઘટવા લાગે છે. ક્ષારયુક્ત પાણી પીવાનું લોહી ભૂરું થવા લાગે છે. આમ, ક્ષારયુક્ત પાણી પીતી ગર્ભવતી મહિલાઓના બાળકોમાં બ્લુ બેબીના રોગ જેવા મળે છે. તેમ વૃદ્ધોમાં ક્રિએટીન તૂટ પડતા માણસ, ફેફસાં, ઘૂંટણ તે જડબાના સાંધામાં ફ્લોરોસિસ નામે રોગ ઈશિત થતા અકાળે વૃદ્ધત્વની સ્થિતિ સર્જાય છે.

માનવશરીરમાં ૬૫% પાણી હોય છે. આ પ્રમાણ અનિવાર્યપણે ટકાવી રાખવા પુખ્તવયની એક વ્યક્તિને દરરોજનું ૩ લિટર પાણી પીવું પડે છે. જ્યારે શરીરની સ્વચ્છતા અને પૂરક કાર્યો માટે બીજા ૨૨ લિટર પાણીની આવશ્યકતા ગણવામાં આવે છે. ઉપરાંત ખેતી અને ઉદ્યોગનાં ઉત્પાદન માટે મીઠા પાણીની જરૂરિયાત રહે છે.

વિશ્વના ત્રીજા ભાગમાં વ્યાપ્ત પાણીની અપ્રાપ્યતા જન જનના ખ્યાલોમાં વસેલી હોઈ, પાણીનો વપરાશ મર્યાદિત હોઈ શકે તેવું સ્વીકારવાનું કોઈને પણ પસંદ નથી, પરંતુ ગુજરાતના ૧૬૦૦ કિ.મી.ના દરિયાકાંઠાનાં પાણી ૩૮ કિ.મી. સુધી અંદર ધસી આવ્યાં છે અને દર ત્રીજે વર્ષે એક વર્ષ અત્યંત ઓછા વરસાદનું રહે છે. હવે આયાતી પાણી વાપરવાનો સમય પાકી ગયો છે.

એપ્રિલથી જૂન માસના નેવું દિવસ ગુજરાતનાં શહેરો અને ગામડાંઓમાં ભારે કપરા કાળ જેવા પસાર થાય છે. ગ્રામ વિસ્તારમાં તો પાણી માટે ખૂનખરાબા, પાણીની ચોરી અને પાણીના કંકલાસથી આપઘાતના બનાવોના સમાચાર દેખાય છે. આ સ્થિતિમાં સરકારી અને ખાનગી પ્રયત્નોથી નદી, તળાવના તટમાં બોર કરી પાણી મેળવવાની કસરત સઘન છે. પરંતુ યુનિસેફના અહેવાલમાં ચિંતા વ્યક્ત કરાઈ છે તેમ હવે ભૂગર્ભ પાણી વધુ ઊંડે જતા અને માનવીય વપરાશ માટેનું અસલામત સ્થિતિએ ગયું છે તે સમયે મા ધરતીનું લોહીથી ખરડાયેલા ધાવણ ક્યાં સુધી ચૂસીશું ?

વિશ્વ ઉપરના કુલ પાણીના જથ્થા પૈકી માત્ર ૨.૪ ભાગ પાણી ધરતી ઉપરનું મીઠું પાણી છે અને દ્રઢ ભાગ પાણીના કુલ હિસ્સામાં ૧.૬ ભાગ પાણી જમીનમાં પીગળ્યું છે ત્યારે જમીન પરથી સદ્ગમ પાણી મેળવવાની અપેક્ષા છે. તેમાં આપણી જ્ઞાન તકનીકી મર્યાદા છતી થાય છે. મીઠું પાણી મેળવવા પૈસાનું પાણી કરવા કરતાં ઈલેક્ટ્રોડાયાલિસિસ મેમ્બ્રેઈન તકનીક દ્વારા ડી-સેલિનેશન પદ્ધતિથી ખારું પાણી મીઠું કરવાની જરૂર છે.

જે પ્રકારે વૃક્ષો સપ્રમાણ ખારું પાણી મૂળથી પકડી ક્ષારને જૂદા કરે છે અને બાષ્પીભવન પાણી પાન, ફૂલ અને ફળને પહોંચાડે છે તે મેમ્બ્રેઈન પદ્ધતિ અનુસાર સૂક્ષ્મ છિદ્રોવાળા કપડાના જુદા જુદા ૫ડ મેમ્બ્રેઈન જોડી, કડક રોલર પાવરની સિગ્નલ મેડિસનની સંજ્ઞાથી વીજળી સંચાલિત મોટરથી તેમાં નીચેથી ભાંભળું કે ખારું પાણી ધોધ ક્ષિપ્રતા પસારથીધકેલવામાં આવે છે. સાથેસાથે સિલિન્ડર મૂકેલા બે કાર્બનરોડ ઉપર એક સાથે પોઝિટિવ અને નેગેટિવ પ્રકારે વીજળી અપાતાં પાણીમાં રહેલા સોડિયમ, કેલ્શિયમ પ્રકારે ધન ક્ષારો અને ક્લોરાઈડ, સલ્ફેટ પ્રકારના ઋણક્ષારો પાણીમાંથી છૂટા પડી જાય છે જે અલગ પાઈપથી બહાર નીકળી જાય છે અને પાણીમાં રહેતા ક્ષારોનું પ્રમાણ ૪૦૦૦ પી.પી.એમ હોવા છતાં આઠ પૈસે ૧ લિટરના ભાવે શુદ્ધ પાણી મળે છે. અહી ચોરસ ફૂટ જગ્યામાં ગોઠવણ થઈ જતાં ડી-સેલિનેશન પ્લાન્ટની કિંમત પોણા ત્રણ લાખ થાય છે પરંતુ સોસાયટી કે ફ્લેટમાં રહેતા રહેવાસીઓ કે પછી દૂધ-મંડળી, પંચાયતના સભ્યો ભાગે પડતા પૈસા રોકી એક યુનિટ વસાવે તો દરરોજ ૧૬ કલાક ચાલી શકતા યુનિટ દ્વારા રૂ. ૩૫૦ ખર્ચમાં ૫૦૦ લિટર મીઠું પાણી મળે છે. રોજગારીની તલાશમાં રહેલા યુવકો બેંક લોન દ્વારા ડી-સેલિનેશન પ્લાન્ટ નાખી દૂધ ગ્રાહક પૂજ્યની કમાઈ કરી શકે છે. ૧ યુનિટ વીજળીના વપરાશમાં ૨૫૦ લિટર મીઠું પાણી તૈયાર થાય છે. વીજળીના અભાવે ૫ લિટરની ટાંકી ધરાવતા નાના ડીઝલ જનરેટરથી કે સોલાર પેનલ ઉપર કામ કરતા ૭૫૦ કિલો વજનના ડી-સેલિનેશન પ્લાન્ટને ખાલી બોડી દ્વારા માન્યતા અને સબસીડી મળે તો ટેકનોલોજીનો મર્મ જીવન સાથે જોડી શકાય તેમ મુંબઈ, કલકત્તા જેવા મોટા શહેરોમાં કે વિદેશોમાં રહેતા સુખી લોકો પોતાના વતન માટે આવી એક પ્લાન્ટ વસાવી આપે તો પાણીનું પરમ બંધાવા જેટલું પુણ્ય મળશે.

હૈદ્રાબાદને સાયબરાબાદ નામ આપવાનો વખત આવી ગયો હોવા છતાં, એ જ લેપટોપ સૃષ્ટીમાં ૧૦૦એ ૬૦ માણસોને કોલેરા, કમળો, ટાઈફોઈડ જેવા પાણીજન્ય રોગો થાય છે. એટલું જ નહિ, પણ સુરતથી લઈ પંજાબ સુધીના તળના પાણીથી ખેતી કરતા અને મૂલિયા પ્રકારના ખાતરનો અતિરેક કરતા ખેડૂતો પણ ફ્લોરયુક્ત પાણીના રોગોથી પીડાય છે. તે જોતાં બિલ ક્લિન્ટને પણ હૈદરાબાદને શુદ્ધ પાણી અને પ્રદૂષણ વિહીન વીજળી મળે તેવી શીખ આપવી પડી હતી.

ઈઝરાયલ, નેધરલેન્ડ, મધ્યપૂર્વના અલગ રાજ્યો અને જામનગરમાં રિલાયન્સ ઉદ્યોગો દરિયાના પાણીને મીઠું કરી વ્યવહારુ ઉપાય આપ્યો છે, તો મે દિવસ વિભિન્ન પોષણ પાણીના સ્વતંત્ર સ્ત્રોતના અભાવે ગ્રસ્ત ગુજરાતમાં કિરણોએ ‘ઘર ઘર જળ દર ઘર નળના’ સૂત્રો યથાર્થ કરવા માટે પણ રાષ્ટ્રના આવા પાણીના ઈલેક્ટ્રોનઉપર ડી-સેલિનેશન પ્લાન્ટ નાખવાનું વધુ વ્યવહારુ અને કાયમી ઉપાય બનશે. આવી મશીનરીનો ઉપયોગ ડ્રિપ ઈરિગેશન સાથે જોડતાં સળગણાદિ પ્રકારનાં વૃક્ષોની ખેતીને પ્રોત્સાહન મળશે અને સમયાંતરે ધરતી વૃક્ષોથી ઢંકાશે. પાતાળનાં પાણી ઉલેચવા કરતાં ખારા પાણીને વધુ ને વધુ સરતા દરે મીઠું કરવા સેન્ટ્રલ સોલ્ટ રિસર્ચ અને ભાભા એટમિક સેન્ટરના વિજ્ઞાનીઓએ કમર કસવી પડશે. ૧૯૬૦ના દાયકામાં અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ જહોન કેનેડીએ પોતાના હોદ્દાના શપથ લીધા ત્યારે અમેરિકાની જનતાને સંબોધન કરતાં કહ્યું કે, ’મારી સરકાર અમેરિકાનો ધ્વજ ચંદ્ર ઉપર લહેરાવશે, પરંતુ તે પહેલાં અમેરિકી ખાણના ટેબલ ઉપર શુદ્ધ પાણીનો ગ્લાસ મૂકાશે.’ આ વાત મૂકતાં ભારતરત્ન અબ્દુલ કલામે અમદાવાદમાં કહ્યું કે, ’અવકાશમાં સેટેલાઈટ તરતો મૂકવો સહેલો છે. પણ ઘરે-ઘરે શુદ્ધ પાણી પહોંચાડવું કપરું છે.’

પાણી એ સહુથી વધુ આવશ્યક અને તેનાં ખારાપણ સાથે સહુથી વધુ જથ્થામાં ઉપલબ્ધ છે ત્યારે હવે મીઠા પાણીની શોધમાં અટવાવા કરતાં ખારા પાણીને પીવા અને વાપરવા યોગ્ય મીઠું કરી લેવામાં અને છેવટે ખારા પાણીથી ઉગતી વનસ્પતિ અને તેની આડપેદાશોના ઉદ્યોગો તરફ ગંભીરતાથી વિચારણા કરતા થઈએ.

# ચાણક્ય નીતિ: આ ૪ ગુણો વગરનું સ્થળ જીવનના વિકાસમાં અવરોધરૂપ

## જ્યાં સન્માન, રોજગાર, વિશ્વાસુ સંબંધો અને વિદ્યાની તકો ન હોય, ત્યાં વસવાટ કરતાં પહેલાં વિચારવું જોઈએ

વિશેષ



આચાર્ય ચાણક્યની નીતિઓમાં જીવનને સુખી, સફળ અને વ્યવસ્થિત બનાવવા માટે અનેક માર્ગદર્શક વિચારો રજૂ કરવામાં આવ્યા છે. ચાણક્ય નીતિના પ્રથમ અધ્યાયના આઠમા શ્લોકમાં વ્યક્તિએ રહેવા માટે સ્થળ પસંદ કરતી વખતે કઈ બાબતોને મહત્ત્વ આપવું જોઈએ તે સમજાવવામાં આવ્યું છે. તેમના જણાવ્યા અનુસાર, જ્યાં સન્માન, આવકનાં સાધનો, ભાઈ-બંધુઓ અને વિદ્યાની તકો ન હોય, તેવા સ્થળે રહેવા અંગે વિચાર કરવો જોઈએ.

વ્યક્તિના જીવનમાં સન્માનનું વિશેષ મહત્ત્વ છે. જ્યાં વ્યક્તિની યોગ્યતા અને વ્યક્તિત્વની કદર થતી ન હોય તથા વારંવાર અપમાનનો સામનો કરવો પડતો હોય, ત્યાં જીવનમાં માનસિક શાંતિ જાળવવી મુશ્કેલ બની શકે છે. તેથી વ્યક્તિએ એવા વાતાવરણને પ્રાથમિકતા આપવી જોઈએ, જ્યાં તેને યોગ્ય માન-સન્માન મળે.

જીવનની મૂળભૂત જરૂરિયાતો પૂરી કરવા માટે આવક જરૂરી છે. રોજગાર, વ્યવસાય અને પોતાની આવડતનો ઉપયોગ કરવાની તકો વ્યક્તિને આર્થિક રીતે સક્ષમ બનાવે છે. જ્યાં કમાણીની પૂરતી તકો ન હોય, ત્યાં જીવનનિર્વાહ મુશ્કેલ બની શકે છે. તેથી સ્થળ પસંદ કરતી વખતે રોજગાર અને આર્થિક વિકાસની શક્યતાઓ ધ્યાનમાં લેવી જોઈએ.

સુખ અને દુઃખના સમયમાં પરિવારજનો, મિત્રો અને વિશ્વાસુ લોકોનો સાથ વ્યક્તિને હિંમત આપે છે. ચાણક્યની નીતિમાં ભાઈ-બંધુઓ અને સંબંધીઓની હાજરીને પણ મહત્ત્વ આપવામાં આવ્યું છે. જોકે, સંબંધોનો અર્થ માત્ર લોહીના સંબંધો પૂરતો મર્યાદિત નથી. મુશ્કેલીના સમયે સાથ આપતા મિત્રો અને સમાજના વિશ્વાસુ લોકો પણ જીવનમાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે.

વિદ્યા વ્યક્તિના વિકાસનો પાયો છે. શિક્ષણ, નવી કુશળતાઓ, અનુભવો અને જ્ઞાન મેળવવાની તકો વ્યક્તિને આગળ વધવામાં મદદ કરે છે. જ્યાં શીખવા અને પોતાની ક્ષમતાઓ વિકસાવવાની તકો ઉપલબ્ધ હોય, ત્યાં વ્યક્તિ પોતાના જીવનમાં પ્રગતિ કરી શકે છે. તેથી રહેવા માટે સ્થળ પસંદ કરતી વખતે શિક્ષણ અને જ્ઞાનવર્ધનની શક્યતાઓને પણ ધ્યાનમાં લેવી જોઈએ.

વિદ્યા વ્યક્તિના વિકાસનો પાયો છે. શિક્ષણ, નવી કુશળતાઓ, અનુભવો અને જ્ઞાન મેળવવાની તકો વ્યક્તિને આગળ વધવામાં મદદ કરે છે. જ્યાં શીખવા અને પોતાની ક્ષમતાઓ વિકસાવવાની તકો ઉપલબ્ધ હોય, ત્યાં વ્યક્તિ પોતાના જીવનમાં પ્રગતિ કરી શકે છે. તેથી રહેવા માટે સ્થળ પસંદ કરતી વખતે શિક્ષણ અને જ્ઞાનવર્ધનની શક્યતાઓને પણ ધ્યાનમાં લેવી જોઈએ.

આચાર્ય ચાણક્યને કૌટિલ્ય અને વિષ્ણુગુપ્ત તરીકે પણ ઓળખવામાં આવે છે. તેઓ પ્રાચીન ભારતના જાણીતા રાજનીતિજ્ઞ, અર્થશાસ્ત્રી અને શિક્ષક હતા. પરંપરાગત રીતે તેમને ચંદ્રગુપ્ત મૌર્યના માર્ગદર્શક તરીકે ઓળખવામાં આવે છે. તેમના વિચારોમાં વ્યવહારુ જીવન, આર્થિક સક્ષમતા, સામાજિક સંબંધો અને જ્ઞાનના મહત્ત્વ પર ભાર મૂકવામાં આવ્યો છે.

ચાણક્યની આ નીતિનો મુખ્ય સંદેશ એ છે કે જીવનમાં પ્રગતિ કરવા માટે માત્ર ઘર કે મિલકત પૂરતી નથી. સન્માનજનક વાતાવરણ, આજીવિકાની તકો, વિશ્વાસુ લોકોનો સાથ અને સતત શીખવાની તક પણ એટલી જ જરૂરી છે. સ્થળ પસંદ કરતી વખતે આ બાબતોનો વિચાર કરવાથી વ્યક્તિ પોતાના અને પરિવારના ભવિષ્ય માટે વધુ યોગ્ય નિર્ણય લઈ શકે છે.

# મા બ્રહ્મચારિણીનું દિવ્ય સ્વરૂપ અને તેનો અર્થ

**બીજી નવરાત્રિ બ્રહ્મચારિણી માતાને સમર્પિત છે અને આ દિવસનું સ્થાન નવરાત્રિની સમગ્ર સાધનામાં અત્યંત ઊંડું અને વિશિષ્ટ છે. નવરાત્રિમાં નવ દિવસ સુધી શક્તિના નવ અલગ અલગ સ્વરૂપોની ઉપાસના કરવામાં આવે છે. પ્રથમ દિવસે શૈલપુત્રી સ્વરૂપની પૂજા એ નવી શરૂઆત, સ્થિરતા અને સંકલ્પનું પ્રતીક છે, જ્યારે બીજો દિવસ એ શરૂઆતને સિદ્ધિ સુધી પહોંચાડવા માટે જરૂરી તપ, સંયમ અને સાધનાનો દિવસ છે. જો પ્રથમ નોરતાને બીજ વાવવાની ક્રિયા સાથે સરખાવીએ તો બીજું નોરતું એ બીજને અંકુરિત કરીને તેનું જતન કરવાની પ્રક્રિયા છે. આ દિવસ વગર કોઈ પણ વ્રત કે સાધના પૂર્ણતા પામતી નથી, એટલે જ શાસ્ત્રોમાં બીજી નવરાત્રિને અત્યંત કઠિન છતાં સૌથી વધુ ફળ આપનારી કહેવામાં આવી છે.**

આસપાસ ચોપાસ

સુરેશ ભટ્ટ

બ્રહ્મ એટલે તપસ્યા, વેદ અને પરમ તત્વ અને ચારિણી એટલે તેનું નિરંતર આચરણ કરનારી. આ રીતે તપનું સતત આચરણ કરનારી દેવી તે બ્રહ્મચારિણી. તેમનું સ્વરૂપ અત્યંત શાંત, સૌમ્ય અને તપના તેજથી દેદીપ્યમાન છે. શ્વેત વસ્ત્રધારિણી માતાના એક હાથમાં અક્ષમાળા શોભે છે જે અખંડ જપ અને ઈશ્વર સ્મરણનું પ્રતીક છે અને બીજા હાથમાં કમંડળ છે જે ત્યાગ અને સંયમનો સંદેશ આપે છે. તેમના મુખ પર અપાર કરુણા અને નેત્રોમાં અલૌકિક શાંતિ છે. આ સ્વરૂપ આપણને એ બોધ આપે છે કે સાચું સૌંદર્ય બાહ્ય આડંબરમાં નહીં પણ આંતરિક પવિત્રતા અને જ્ઞાનમાં રહેલું છે.

પુરાણ કથા અનુસાર પૂર્વ જન્મમાં દક્ષ પ્રજાપતિના યજ્ઞમાં પતિ શિવનું અપમાન થવાથી સતીએ યોગાગ્નિ દ્વારા દેહનો ત્યાગ કર્યો હતો. ત્યારબાદ તેમણે પર્વતરાજ હિમાલયને ત્યાં પાર્વતી તરીકે જન્મ ધારણ કર્યો. બાળપણથી જ તેમના હૃદયમાં ભગવાન શિવને ફરી પતિ સ્વરૂપે પ્રાપ્ત કરવાની દૃઢ અભિલાષા હતી. આ હેતુની સિદ્ધિ માટે તેમણે નારદજીના માર્ગદર્શન હેઠળ ઘોર તપસ્યાનો પ્રારંભ કર્યો. પ્રારંભમાં તેમણે માત્ર ફળ અને ફૂલનો આહાર કર્યો, ત્યારબાદ સમય જતાં સુકાયેલા બિલ્વ પત્રો પર નિર્વાહ કર્યો, જેને કારણે તેમનું એક નામ અપર્ણા પણ પ્રસિદ્ધ થયું. અંતે તેમણે પત્રોનો પણ ત્યાગ કરીને સંપૂર્ણ નિરાહાર અને નિર્જળ રહીને હજારો વર્ષો સુધી અવિરત તપ કર્યું. તેમની આ અપ્રતિમ સાધનાથી ત્રણેય લોક પ્રકંપિત થઈ ઉઠ્યા અને અંતે બ્રહ્માજીએ પ્રસન્ન થઈને તેમને શિવ પતિ પ્રાપ્ત થશે તેવું વરદાન આપ્યું. આ કથા આપણને શીખવે છે કે જો સંકલ્પ અડગ હોય તો અસંભવ કાર્ય પણ સંભવ બની જાય છે.

આપણામાંથી મોટાભાગના લોકો આ દિવસના સાચા આધ્યાત્મિક મહત્વથી અજાણ છે. આ દિવસ ભક્તિ, એકાગ્રતા અને આત્મમંથન માટે છે, માત્ર બાહ્ય મનોરંજન કે ડિસ્કો માટે નથી. સમય જતાં આપણે સનાતન મૂલ્યોને વિસ્મૃત કર્યા છે અને ધાર્મિક ઉજવણીઓમાં વિકૃતિઓએ પ્રવેશ કર્યો છે, ત્યારે બીજી નવરાત્રિ આપણને ફરી મૂળ તરફ પાછા વાળે છે. આ સંયમ અને ધૈર્યનો દિવસ છે. જીવનમાં કોઈ પણ મોટા લક્ષ્યની પ્રાપ્તિ માટે તપ અને ધીરજ અનિવાર્ય છે. યોગશાસ્ત્રની દૃષ્ટિએ આ દિવસનો સંબંધ સ્વાધિષ્ઠાન ચક્ર સાથે છે, જે નાભિ પ્રદેશમાં સ્થિત છે અને સર્જનાત્મકતા, ભાવના અને ઊર્જાનું કેન્દ્ર ગણાય છે. આ દિવસે માતાની ઉપાસનાથી આ ચક્ર શુદ્ધ થાય છે, જેના પરિણામે મનમાં એકાગ્રતા, આત્મવિશ્વાસ વધે છે અને નકારાત્મક વિચારો દૂર થાય છે. વિદ્યાર્થીઓ અને સાધકો માટે આ દિવસ વિશેષ લાભદાયી છે, કારણ કે તેનાથી બુદ્ધિ, સ્મરણશક્તિ અને કાર્યસિદ્ધિ પ્રાપ્ત થાય છે.

આ દિવસે બ્રહ્મમુહૂર્તમાં જાગી સ્નાનાદિથી પવિત્ર થઈ શ્વેત વસ્ત્રો ધારણ કરવા શુભ મનાય છે. પૂજા સ્થળે દીવો પ્રગટાવી માતાને શ્વેત પુષ્પો, ખાસ કરીને જાઈ અને કમળ અર્પણ કરવા જોઈએ. ભોગમાં ખાંડ, સાકર મિશ્રી અને પંચામૃતનું વિશેષ મહત્વ છે. એવી લોકમાન્યતા છે કે આ દિવસે ખાંડનું દાન કરવાથી પિતૃઓ તૃપ્ત થાય છે અને પરિવારમાં સુખ, સમૃદ્ધિ અને દીર્ઘાયુની પ્રાપ્તિ થાય છે. આ દિવસનો મુખ્ય રંગ સફેદ છે જે શાંતિ અને પવિત્રતાનું પ્રતીક છે, જ્યારે લાલ રંગ પણ શક્તિ અને ઉત્સાહના પ્રતીક તરીકે શુભ ગણાય છે. મંત્ર સાધના આ દિવસનું હૃદય છે. ઓમ દેવી બ્રહ્મચારિણ્યૈ નમઃ આ સરળ મંત્રનું સ્મરણ અને દધાના કર પદ્માભ્યામક્ષમાલા કમણ્ડલૂ દેવી પ્રસીદતુ મયિ બ્રહ્મચારિણ્યનુત્તમા આ સિદ્ધ મંત્રનો એકસો આઠ વાર જપ કરવાથી મનની ચંચળતા શાંત થાય છે અને અટકેલા કાર્યોમાં સફળતા મળે છે. જપ માટે સ્ફટિકની માળા ઉત્તમ માનવામાં આવે છે.

આજના ત્વરિત પરિણામ ઈચ્છતા યુગમાં બીજી નવરાત્રિનું મહત્વ વધુ વધી જાય છે. આપણે પરિશ્રમ વગર સફળતા ઈચ્છીએ છીએ, જ્યારે માતાએ હજારો વર્ષો સુધી તપ કરીને આદર્શ સ્થાપિત કર્યો. આ દિવસ આપણને શીખવે છે કે મોબાઈલ, સોશિયલ મીડિયા અને વ્યર્થ વાતોમાં વેડફાતી ઊર્જાને બચાવીને તેને પોતાના લક્ષ્ય તરફ વાળવી જોઈએ. જે વ્યક્તિ ઈન્દ્રિયો પર સંયમ મેળવી લે છે તેને કોઈ પણ શક્તિ રોકી શકતી નથી. વ્રતની દૃષ્ટિએ ફળાહાર અને સાત્વિક ભોજનથી શરીરનું શુદ્ધિકરણ થાય છે. આધ્યાત્મિક રીતે એવું કહેવાય છે કે કુંવારી કન્યાઓ જો ઉત્તમ વરની પ્રાપ્તિ માટે આ દિવસનું વ્રત કરે તો તેમની મનોકામના અવશ્ય પૂર્ણ થાય છે, કારણ કે માતાએ પોતે ઉત્તમ પતિ માટે તપ કર્યું હતું. અંતે




બીજી નવરાત્રિનો સંદેશ એ છે કે જીવનમાં પ્રેમ, જ્ઞાન, સફળતા કે ઈશ્વર, કંઈ પણ તપ વગર મળતું નથી. સાચા હૃદયથી કરેલી ઉપાસના જીવનની અસ્થિરતાને દૂર કરીને સ્થિરતા અને સત્યના માર્ગ તરફ દોરી જાય છે.

# બોલિવૂડની જાણીતી હસ્તીઓની મહાનાયકને જન્મ દિવસની શુભેચ્છા : કેબીસીના સેટ પર પણ સરપ્રાઈઝ ઉજવણી







મુંબઈ,

બોલીવુડના મહાનાયક અમિતાભ બચ્ચન પોતાનો ૮૪મો જન્મદિવસ ઉજવી રહ્યા છે. આ ખાસ અવસરે ફિલ્મ જગતના કલાકારોથી લઈને ચાહકો સુધી સૌએ તેમને શુભેચ્છાઓ પાઠવી છે. અભિનેતા સુનીલ શેટ્ટી, કિયારા અડવાણી, કાજોલ, અજય દેવગન અને સિદ્ધાર્થ મલ્હોત્રા સહિત અનેક કલાકારોએ સોશિયલ મીડિયા પર પોસ્ટ શેર કરીને બિગ બી પ્રત્યે પોતાનો પ્રેમ અને આદર વ્યક્ત કર્યો હતો. દક્ષિણ ભારતીય ફિલ્મોના સુપરસ્ટાર ચિરંજીવીએ પણ અમિતાભ બચ્ચનને પોતાના પ્રિય ગુરુ ગણાવીને જન્મદિવસની શુભેચ્છા પાઠવી હતી, જ્યારે કેબીસીના સેટ પરથી બિગ બીને મળેલી સરપ્રાઈઝે સોશિયલ મીડિયા પર ચર્ચાનો વિષય બની હતી.

અભિનેતા સુનીલ શેટ્ટી એ અમિતાભ બચ્ચન સાથેની એક જૂની તસવીર શેર કરીને તેમને જન્મદિવસની શુભેચ્છા આપી હતી. તેણે પોતાની પોસ્ટમાં લખ્યું હતું કે, અમિતાભ બચ્ચનને તે જેટલી પણ વાર મળે છે, દરેક વખતે બાળપણમાં તેમને પડદા પર જોઈને થતો ઉત્સાહ અને આશ્ચર્ય ફરી અનુભવાય છે. તેમની સાથેની દરેક મુલાકાતમાંથી કંઈક નવું શીખવા મળે છે અને તેમના પ્રત્યેનો આદર વધુ વધી જાય છે. સુનીલ શેટ્ટીએ અમિતાભ બચ્ચન પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરતાં તેમને જન્મદિવસની શુભેચ્છાઓ પાઠવી હતી.અભિનેત્રી કિયારા અડવાણી એ પણ અમિતાભ બચ્ચન સાથેની તસવીર શેર કરીને તેમને શુભેચ્છા પાઠવી હતી. કિયારાએ પોતાની પોસ્ટમાં લખ્યું હતું કે, 'જન્મદિવસની ખૂબ ખૂબ શુભેચ્છાઓ સર! તમે આજે પણ અને હંમેશાં એક આઈકન, દિગ્ગજ અને સૌના માટે પ્રેરણાસ્રોત છો.' આ સાથે તેણે અમિતાભ બચ્ચન માટે અપાર ખુશીઓ અને સારા સ્વાસ્થ્યની કામના કરી હતી. કિયારાના સંદેશમાં બિગ બી પ્રત્યેનો આદર અને તેમની પાસેથી મળતી પ્રેરણાની લાગણી સ્પષ્ટ જોવા મળી હતી.

અભિનેત્રી કાજોલ એ પણ અમિતાભ બચ્ચનને ખાસ અંદાજમાં જન્મદિવસની શુભેચ્છા આપી હતી. તેણે પોતાના સંદેશમાં લખ્યું હતું કે, 'જન્મદિવસની શુભેચ્છાઓ, અમારા અત્યંત શાનદાર વ્યક્તિત્વ ધરાવતા વ્યક્તિ! તમારા માટે હંમેશાં સારા સ્વાસ્થ્ય અને અપાર ખુશીઓની કામના કરું છું.' કાજોલની આ શુભેચ્છા સાથે અનેક કલાકારોએ પણ બિગ બીના લાંબા અને યાદગાર ફિલ્મી સફરની પ્રશંસા કરી હતી.

દક્ષિણ ભારતીય સિનેમાના દિગ્ગજ અભિનેતા ચિરંજીવી એ અમિતાભ બચ્ચન સાથેની એક તસવીર શેર કરી હતી, જેમાં બંને કલાકારો એકબીજાને ભેટતા જોવા મળે છે. ચિરંજીવીએ તેમને પોતાના 'સૌથી પ્રિય ગુરુજી' કહીને શુભેચ્છા પાઠવી હતી. તેણે લખ્યું હતું કે, સિનેમા પ્રત્યેનો અમિતાભ બચ્ચનનો પ્રેમ અને પોતાના કામ પ્રત્યેનું સન્માન હંમેશાં તેના માટે પ્રેરણારૂપ રહ્યાં છે. સાથે જ તેણે બિગ બીના સારા સ્વાસ્થ્ય, અપાર ખુશીઓ અને આવનારા વર્ષોમાં પણ મનપસંદ કામ કરતા રહેવાની શુભેચ્છા વ્યક્ત કરી હતી.

અભિનેતા અજય દેવગન એ પણ અમિતાભ બચ્ચનને જન્મદિવસની શુભેચ્છા આપતાં તેમની ઉંમર સામે તેમના ઉત્સાહની પ્રશંસા કરી હતી. અજય દેવગને લખ્યું હતું કે, ઉંમર વધવાની સાથે અમિતાભ બચ્ચન ભલે સૌથી વરિષ્ઠ કલાકારોમાં સામેલ થયા હોય, પરંતુ તેમનો ઉત્સાહ આજે પણ પહેલાંની જેમ યુવાન છે.

અભિનેતા સિદ્ધાર્થ મલ્હોત્રા એ અમિતાભ બચ્ચનને અભિનય પ્રત્યે પ્રેમ જાગવાનું એક મોટું કારણ ગણાવ્યું હતું. તેણે બિગ બીનો આભાર માનતાં તેમના સારા સ્વાસ્થ્ય અને ખુશીઓની કામના કરી હતી. દરમિયાન બિગ બીના ઘર બહાર મોડી રાતથી ચાહકોએ શુભેચ્છાઓ આપવા માટે લાઈન લગાવી હતી. કોઈ કેક લઈને પહોંચ્યા હતા, તો કોઈક પોસ્ટર અને મીઠાઈઓ લઈ પહોંચ્યા હતા.કોમેડિયન ભારતી સિંહ અને પતિ હર્ષ લિંબાચિયાએ ખાસ અંદાજમાં એક કિસ્સો યાદ કરીને શુભેચ્છા વ્યક્ત કરી હતી. અમે તો નાનાપણથી અમિતાભ બચ્ચનને જોતા આવ્યા છે, જેમને ટીવી પર જોવાની બાબત એક ઉત્સવ સમાન છે. કૌન બનેગા કરોડપતિ પણ તેમના માટે વિશેષ વાત રહી છે. તેમનું સ્માઈલ, પોતાપણુ અને તેમની ઊર્જા એટલી જ ખુશી આપે છે જેટલી પહેલા મળતી હતી. તેમણે અનેક પેઢીઓને સુંદર યાદો આપી છે અને પોતાને નસીબદાર માને છે કે બાળપણથી મહાનાયકને જોવાની તક મળી હતી.

# અભિષેકની આતશબાજી પછી બોલર્સે બાજી પલટાવી, ભારત ૨-૧થી આગળ




ઈન્દોર,

વેસ્ટ ઈન્ડિઝ (West Indies) સામેની ત્રીજી ટી-૨૦માં અભિષેક શર્મા (૬૯ રન, ૩૦ બૉલ, પાંચ છગ્ગા, છ ચોગ્ગા)એ અને પછીથી બોલર્સે ઈન્દોરના હોલકર સ્ટેડિયમમાં ટીમ ઈન્ડિયા માટે સુપર સન્ડે સાબિત કર્યો હતો. ભારત (India)એ આ રોમાંચક મુકાબલો ૧૪ રનથી જીતીને પાંચ મૅચવાળી શ્રેણીમાં ૨-૧થી સરસાઈ લીધી હતી. કૅરિબિયનો ભારત આવ્યા ત્યાર બાદ ત્રણ વન-ડે અને ત્રણ ટી-૨૦ મળીને કુલ છ મૅચમાં પહેલી વખત પ્રથમ બૅટિંગ કરનાર ટીમે વિજય મેળવ્યો હતો.

કૅરિબિયનો ૨૨૪ રનના લક્ષ્યાંક સામે સાત વિકેટે ૨૦૯ રન બનાવી શક્યા હતા. શિમરૉન હેટમાયર (૪૩ રન, ૨૬ બૉલ, બે છગ્ગા, છ ચોગ્ગા), કમિલ પૂરન (૪૨ રન, ૨૭ બૉલ, ત્રણ છગ્ગા, ત્રણ ચોગ્ગા), શેરફેન રુધરફર્ડ (૩૨ રન, ૨૦ બૉલ, બે છગ્ગા, બે ચોગ્ગા) તેમ જ છેલ્લે છેલ્લે શમાર સ્પ્રિંગરે (૩૫ અણનમ, ૧૧ બૉલ, ચાર છગ્ગા, બે ચોગ્ગા)એ થોડીઘણી ફટકાબાજી કરી હતી, પરંતુ ભારતીય બોલર્સે તેમને એકંદરે કાબૂમાં રાખ્યા હતા.

છ બોલરમાંથી લેફ્ટ-આર્મ પેસ બોલર અર્શદીપ સિંહને ત્રણ તથા સ્પિનર નમન ધીરને બે વિકેટ તેમ જ ઑલરાઉન્ડર અક્ષર પટેલ તથા નીતીશ રેડ્ડીને એક-એક વિકેટ મળી હતી. શુક્રવારે રાંચીની બીજી મૅચમાં કલાકે ૧૪૦.૦૦-પ્લસ કિલોમીટરની ઝડપ સાથે ત્રણ વિકેટનો તરખાટ મચાવનાર ફાસ્ટ બોલર મયંક યાદવને રવિવારે ૩૪ રનમાં એકેય વિકેટ નહોતી મળી. પ્રિન્સ યાદવને ૩૭ રનમાં વિકેટ નહોતી મળી, પણ મયંક અને પ્રિન્સે પેસ, યૉર્કર સહિતના વૅરિએશન્સથી કૅરિબિયનોને સંયમમાં રાખ્યા હતા.

એ પહેલાં, ભારતે ૨૦ ઓવરમાં ૨૨૩ રન બનાવ્યા હતા. અંતિમ ઓવરના આખરી બૉલ પર મયંક યાદવ શૂન્યમાં આઉટ થયો હતો, પણ એ પહેલાં અભિષેક શર્મા તથા સ્ટમ્પ-આઉટ થયેલા ઈશાન કિશન (૩૭ રન, ૧૮ બૉલ, એક છગ્ગો, છ ચોગ્ગા)ની આતશબાજી બાદ ટીમને ખાસ કરીને પૂંછડિયાઓએ સંગીન સ્થિતિમાં લાવી દીધી હતી. ભારતની ૧૩૫મા રને નમન ધીર (૧૦ રન)ની પાંચમી વિકેટ અને ૧૫મી ઓવરમાં ૧૬૯ રનના સ્કોર પર નીતીશ રેડ્ડી (૨૧ રન)ની વિકેટ પડી ત્યારે એવું લાગતું હતું કે ટીમ ઈન્ડિયા ૨૦૦ રન સુધી કદાચ નહી પહોંચી શકે. જોકે તિલક વર્મા (૨૮ રન) બાદ અક્ષર પટેલ (૨૦ રન) તેમ જ અર્શદીપ સિંહ (૧૧ રન) તથા પ્રિન્સ યાદવ (૧૩ અણનમ) સહિતના પૂંછડિયા બૅટ્સમેનોએ ૧૦-૨૦ રનના યોગદાન સાથે ટીમનો સ્કોર ૨૨૩ રન સુધી પહોંચાડી દીધો હતો.

રૉસ્ટન ચેઝ, શમાર જોસેફ અને શમાર સ્પ્રિંગરે બે-બે વિકેટ લીધી હતી. ૬૯ રન બનાવનાર અભિષેકની સૌથી મહત્ત્વની વિકેટ સ્પ્રિંગરે લીધી હતી. કૅપ્ટન શ્રેયસ ઐયર (એક રન) અને ઓપનર સંજુ સૅમસન (ત્રણ રન) સારું રમવામાં સદંતર નિષ્ફળ ગયા હતા. આ મૅચમાં પ્રિન્સ યાદવને કુલદીપ યાદવના સ્થાને અને નીતીશ રેડ્ડીને શિવમ દુબેના સ્થાને પ્લેઈંગ-ઈલેવનમાં સમાવવામાં આવ્યો હતો.

# ૨,૦૦૦ રન પૂરા કરનાર અભિષેક શર્માએ સૂર્યકુમાર યાદવનો વિશ્વવિક્રમ તોડ્યો



ઈન્દોર,

તાજેતરમાં જ ૩૦ બૉલમાં ફાસ્ટેસ્ટ સેન્ચુરીનો વર્લ્ડ રેકૉર્ડ પોતાના નામે કરનાર અભિષેક શર્માએ રવિવારે અહીં વેસ્ટ ઈન્ડિઝ સામેની ત્રીજી ટી-૨૦માં ભારતના જ સૂર્યકુમાર યાદવનો વિશ્વવિક્રમ તોડ્યો હતો. અભિષેક ટી-૨૦ આંતરરાષ્ટ્રીયમાં સૌથી ઝડપે (સૌથી ઓછા બૉલમાં) ૨,૦૦૦ રન પૂરા કરનાર ખેલાડી બન્યો હતો.અભિષેક (Abhishek)એ ૩૦ બૉલમાં ૬૯ રન બનાવીને કૅરિબિયનોને ૨૦૦-પ્લસનો લક્ષ્યાંક આપવામાં સૌથી મોટી ભૂમિકા ભજવી હતી. આ મૅચ હોલ્કર સ્ટેડિયમમાં રમાઈ જેમાં અભિષેકે ૩૩મો રન બનાવ્યો એ ટી-૨૦માં તેનો ૨,૦૦૦મો રન હતો અને તેણે સૂર્યકુમારનો થોડા મહિના પહેલાંનો વિક્રમ (Recrod) તોડ્યો હતો.અભિષેકે ૨,૦૦૦મો રન ૧,૦૨૪મા બૉલ પર કર્યો હતો. સૂર્યકુમારે ૨,૦૦૦ રન ૧,૧૬૪ બૉલમાં બનાવ્યા હતા. એ રીતે, અભિષેક તેનાથી ઘણો ઝડપી છે.આ યાદીમાં ઑસ્ટ્રેલિયાનો આરોન ફિન્ચ ત્રીજા સ્થાને છે જેણે ૨,૦૦૦ રન ૧,૨૮૩ બૉલમાં બનાવ્યા હતા. ચોથા નંબરે ગ્લેન મૅક્સવેલ (૧,૩૦૪ બૉલ) અને પાંચમા ક્રમે હાર્દિક પંડ્યા (૧,૩૯૦ બૉલ) છે.

# દૃશ્યમ-૩ ની અભિનેત્રી ઈશિતા દત્તાનું માત્ર ૪૦ દિવસમાં ૧૫ કિલો વજન ઘટી ગયું હતુ





મુંબઈ,

બોલીવુડ અભિનેત્રી ઈશિતા દત્તા હાલમાં અજય દેવગનની ફિલ્મ 'દશ્યમ: ધ કન્ક્લૂઝન'માં અંજુ સાલગાંવકરની ભૂમિકા ભજવવા બદલ ચર્ચામાં છે. જોકે, આ વખતે અભિનેત્રી પોતાની ફિલ્મને બદલે અંગત જીવનમાં સામનો કરેલી મુશ્કેલીઓના કારણે ચર્ચામાં આવી છે.

ઈશિતાએ ખુલાસો કર્યો છે કે બીજી પ્રેગ્નન્સીના અંતિમ દિવસોમાં તેની તબિયત ખૂબ જ ખરાબ થઈ ગઈ હતી. પિત્તાશયમાં પથરી થવાને કારણે તેને વારંવાર અસહ્ય દુખાવો થતો હતો. બીમારી અને ત્યાર બાદ કરાવેલી સર્જરીની અસર એવી થઈ હતી કે માત્ર ૪૦ દિવસમાં તેનું ૧૫ કિલો વજન ઘટી ગયું હતું.

ઈશિતા દત્તા અને તેના પતિ વત્સલ સેઠ વર્ષ ૨૦૨૫માં બીજી વખત માતા-પિતા બન્યાં હતાં. આ પહેલાં વર્ષ ૨૦૨૩માં તેમના ઘરે પુત્ર વાયુનો જન્મ થયો હતો. બીજી પ્રેગ્નન્સીના અંતિમ તબક્કામાં ઈશિતાને પિત્તાશયમાં પથરી હોવાની જાણ થઈ હતી. આ ઉપરાંત, સમય પહેલાં પ્રસૂતિ થવાની આશંકાને કારણે તેને બેડ રેસ્ટ કરવાની સલાહ પણ આપવામાં આવી હતી. ગર્ભાવસ્થા દરમિયાન તેની તબિયત સતત ખરાબ રહેતી હતી અને દર અઠવાડિયે દુખાવાનો સામનો કરવો પડતો હતો.

ઈશિતાએ આપેલા એક ઈન્ટરવ્યૂમાં પોતાની મુશ્કેલીઓ વિશે વાત કરતાં જણાવ્યું હતું કે પ્રેગ્નન્સીના છેલ્લા દિવસોમાં તેને પિત્તાશયમાં પથરી હોવાનું જાણવા મળ્યું હતું. તેના કારણે દર અઠવાડિયે દુખાવો થતો હતો. જોકે, તે સમયે ડૉક્ટરો સર્જરી કરી શકે તેમ નહોતા, કારણ કે પહેલાં પ્રસૂતિ થવી જરૂરી હતી. આ દરમિયાન અભિનેત્રીએ ઘણી શારીરિક તકલીફો સહન કરી હતી. બીમારીને કારણે તેની દિનચર્યા પણ પ્રભાવિત થઈ હતી અને તેને સ્વાસ્થ્યની વધુ કાળજી રાખવી પડી હતી.

# મુંબઈમાં યોજાયેલ કાર્યક્રમમાં નીતા અંબાણી સાથે ગરબે રમતા જોવા મળ્યો રણવીરસિંહ





મુંબઈ,

બોલીવુડના સુપર એનર્જેટિક અભિનેતા રણવીર સિંહ ફરી એકવાર પોતાના અનોખા અંદાજને કારણે ચર્ચામાં આવ્યા છે. નવરાત્રિના માહોલ વચ્ચે રણવીર સિંહ ઉદ્યોગપતિ મુકેશ અંબાણીનાં પત્ની નીતા અંબાણી સાથે ગરબા રમતો જોવા મળ્યો હતો. મુંબઈમાં યોજાયેલા એક ખાસ કાર્યક્રમનો વીડિયો સોશિયલ મીડિયા પર ઝડપથી વાયરલ થઈ રહ્યો છે. વીડિયોમાં રણવીર સિંહ અને નીતા અંબાણી ગરબાના તાલે ઝૂમતાં જોવા મળે છે. બંનેનો ઉત્સાહ અને રણવીરના ડાન્સ મૂવ્સ ચાહકોનું ધ્યાન ખેંચી રહ્યા છે.

આ ખાસ કાર્યક્રમનું આયોજન મુંબઈમાં 'સ્વદેશ ઈરોસ'ની પ્રથમ વર્ષગાંઠ નિમિત્તે કરવામાં આવ્યું હતું. રિલાયન્સ ફાઉન્ડેશનની આ પહેલ ભારતીય પરંપરાગત કળા, હસ્તકલા અને કારીગરોની કળાને પ્રોત્સાહન આપવા માટે જાણીતી છે. નવરાત્રિની શરૂઆત પહેલાં યોજાયેલા આ કાર્યક્રમને દેવી શક્તિનું સમ્માન કરતા નીતા અંબાણીએ આ કાર્યકર્મનું આયોજન કર્યું હતું, જેમાં ભારતીય સંસ્કૃતિ, પરંપરા અને દેવી શક્તિના ઉત્સવની ઝલક જોવા મળી હતી.

રણવીર સિંહે પોતાના ખાસ ફેશન અંદાજથી પણ સૌનું ધ્યાન ખેંચ્યું હતું. અભિનેતાએ ફ્લોરલ એમ્બ્રોઈડરીવાળું ગુલાબી રંગનું જેકેટ પહેર્યું હતું, જેની સાથે મેચિંગ કુર્તો અને સફેદ પેન્ટ્ પહેર્યું હતું. ટિન્ટેડ સનગ્લાસિસ અને હીરાની ઈયરિંગ્સ સાથે તેનો લુક વધુ આકર્ષક લાગતો હતો. રણવીરનો આ રંગીન પરંપરાગત અંદાજ નવરાત્રિના ઉત્સવને અનુરૂપ હતો. રણવીર અને નીતા અંબાણીનો સાથે ગરબા રમતો વીડિયો વાયરલ થયા બાદ સોશિયલ મીડિયા પર તેમની આ ઝલક ચર્ચાનો વિષય બની છે.રણવીર સિંહ હાલમાં પોતાની અંગત જિંદગીને લઈને પણ ચર્ચામાં છે. અભિનેતા અને તેની પત્ની દીપિકા પાદુકોણે તાજેતરમાં જ બીજી દીકરીનું સ્વાગત કર્યું હતું. આ પહેલાં વર્ષ ૨૦૨૪માં તેમના ઘરે પ્રથમ દીકરીનો જન્મ થયો હતો.

## શબ્દ શોધો

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| જ | રી | ગ | કા | ઓ | અ | મા | ક્ષ | બ | શિ | ળો | ગ |
| ક | ઔ | ઝ | કુ | બૂ | એ | ગ | દા | ક | ક | ળ | દ |
| મા | ડી | લ | ત | ડી | સા | ગં | સા | ગુ | તા | ડો | ડ |
| મા | વ | લી | રા | વિ | ગુ | ઈ | ત | પ | મ | મ | અ |
| ળ | સા | ધ | ગી | લા | ર | બિ | સ | બં | રી | ના | સ |
| કી | ત | મા | મ | ઊ | ચ | ર | અ | ન | ર | ણિ | મ |
| ગ | બા | ક્ષ | દ | બૂ | ક | તુ | ધ | ગ | ગુ | ત | લા |
| લ | ગ | રો | ણિ | પ્ર | ચા | ધ | બા | અ | મા | ર | કા |
| જ્ઞા | ન | ચ | અં | એ | ર | ડ | મ | રો | ન | પ્ર | મા |
| ડો | મ | ધ | ક | લા | ન | વિ | શિ | દ | બા | વ | ર |
| ચી | ગી | અઃ | ક | ર | મા | વા | ર | ક્રો | દ | હિ | ક્ષ |
| આ | ડી | ઊ | કા | ઈ | મ | ણ | ણે | સ | ઇ | રો | ગ |

શબ્દ શોધો: ગઝલ, ગુમનામ, ગુમાન, ગુલામ, ચકચાર, ચમચી, જ્ઞાન, ડમરી, ડમરો, તાપસ

# મધુશાલા ટુ જ્ઞાનશાલા : મહાનાયક અમિતાભ બચ્ચનના જન્મ દિવસની અનોખી ઉજવણી



મુંબઈ,

મહારાષ્ટ્રના લાતુર જિલ્લાના અહમદપુરમાં આવેલી ડૉ. હરિવંશરાય બચ્ચન વિદ્યાલયે બોલીવુડના મહાનાયક અમિતાભ બચ્ચનના ૮૪મા જન્મદિવસની ઉજવણી અનોખી રીતે કરી હતી. આજે અહીંની શાળામાં કેક અને મીણબત્તીઓની જગ્યાએ કવિતા, સંગીત અને નવીનતાની સાથે બિગ બીના જન્મદિવસની અનોખી ઉજવણી કરાઈ હતી. 'મધુશાલા ટુ જ્ઞાનશાલા' નામની પહેલ હેઠળ વિદ્યાર્થીઓએ કવિ ડૉ. હરિવંશરાય બચ્ચનની રચનાઓને પોતાના અવાજમાં રજૂ કરીને ઉજવણીને સાહિત્ય સાથે જોડી હતી.

સરકારી સહાયથી ચાલતી આ શાળાના સ્થાપક નિવૃત્તિ યાદવે જણાવ્યું હતું કે વિદ્યાર્થીઓએ હરિવંશરાય બચ્ચનની કવિતાઓને સંગીતબદ્ધ કરીને પોતાના અવાજમાં રેકોર્ડ કરી હતી અને નૃત્ય પણ રજૂ કર્યું હતું. આ પહેલનો હેતુ ગ્રામીણ વિસ્તારનાં બાળકોમાં હિન્દી સાહિત્ય પ્રત્યે રસ જગાડવા સાથે સર્જનાત્મકતા અને ડિજિટલ શિક્ષણને પ્રોત્સાહન આપવાનો છે. આ ઉજવણી શાળાની ૨૦મી વર્ષગાંઠ સાથે પણ જોડાયેલી હતી.મધુશાલા ટુ જ્ઞાનશાલા' પહેલ હેઠળ વિદ્યાર્થીઓએ ઑડિયો ક્યૂઆર કોડ આધારિત જ્ઞાનભંડાર તૈયાર કર્યો છે. આ નિઃશુલ્ક પહેલ દ્વારા કવિતાઓ અને શૈક્ષણિક સામગ્રીને હિન્દી, મરાઠી અને અંગ્રેજી ભાષામાં ઑડિયો સ્વરૂપે સાંભળી શકાય છે. શાળાના એક અધિકારીના જણાવ્યા અનુસાર આ પ્રોજેક્ટ બાળકોને મોબાઈલ ગેમિંગ પરની નિર્ભરતા ઘટાડવામાં મદદરૂપ થવા સાથે તેમની સાંભળવાની કુશળતા વિકસાવવા અને સાહિત્ય પ્રત્યે પ્રેમ વધારવાનો પ્રયાસ કરશે.આ પહેલમાં વિદ્યાર્થીઓ પોતાના જ આવાજમાં સાહિત્યિક રચનાઓ રેકોર્ડ કરીને રજૂ કરે છે, જેથી તેમને કવિતા અને બહુભાષી શિક્ષણમાં રસ વધે. ટેક્નોલોજીનો ઉપયોગ કરીને શિક્ષણને વધુ રસપ્રદ અને સરળતાથી ઉપલબ્ધ બનાવવાનો આ પ્રયાસ ગ્રામીણ બાળકો માટે નવી તક નિર્માણ કરે છે.

# યુનિસેફ ઈન્ડિયા દ્વારા સ્મૃતિ મંધાનાની સેલિબ્રિટી એડવોકેટ તરીકે કરાઈ નિયુક્તિ




નવી દિલ્હી,

ભારતીય મહિલા ટીમની નવી કેપ્ટન સ્મૃતિ મંધાનાને યુનાઈટેડ નેશન્સ ઈન્ટરનૅશનલ ચિલ્ડ્રન્સ ઈમરજન્સી ફંડ (યુનિસેફ)ના ભારતીય એક યુનિસેફ ઈન્ડિયા દ્વારા 'સેલિબ્રિટી એડવોકેટ' તરીકે નિયુક્ત કરવામાં આવી છે. ક્રિકેટ આઈકન સચિન તેન્ડુલકરની નિયુક્તિ યુનિસેફ દ્વારા દક્ષિણ એશિયા માટેના રિજનલ ઍમ્બેસેડર તરીકે થઈ છે.

છોકરીઓને સમાન તકો મળી રહે એ માટે તેમ જ તેમના સ્વાસ્થ્ય અને કલ્યાણને લગતા કાર્યોમાં સ્મૃતિની લોકપ્રિયતા અને તેના પ્રભાવશાળી વ્યક્તિત્વની મદદ મળી રહે એ હેતુથી તેને આ સન્માન આપવામાં આવ્યું છે.

રવિવારે 'ઈન્ટરનૅશનલ ડે ઑફ ધ ગર્લ' નિમિત્તે આ જાહેરાત કરવામાં આવી હતી. અર્જુન અવૉર્ડ પુરસ્કારથી સન્માનિત સ્મૃતિ મંધાના ક્રિકેટના મેદાન બહારની તેની આ નવી ભૂમિકામાં કિશોરીઓને આવશ્યક અધિકારો મળી રહે, તેમના સ્વાસ્થ્ય સારા રહે, તેમના કલ્યાણ માટેના કાર્યો થાય તેમ જ તેમને સંબંધિત ક્ષેત્રમાં નવું શીખવાની, ભાગ લેવાની તેમ જ નેતૃત્વની ભાવના કેળવવાની તક મળી રહે એ માટેના યુનિસેફ ઈન્ડિયાના પ્રયાસોમાં સાથ આપશે.

સ્મૃતિએ એક નિવેદનમાં જણાવ્યું હતું કે 'યુનિસેફ ઈન્ડિયા સાથે સેલિબ્રિટી ઍડવોકેટ તરીકે જોડાવા બદલ હું ગર્વ અનુભવું છું. હું નાનપણથી ક્રિકેટ રમી છું અને એમાં મેં શીખ્યું છે કે દરેક સપનાંની શરૂઆત તકથી જ થતી હોય છે. જો તનતોડ મહેનત કરવા તૈયાર રહો, સંકલ્પશક્તિ પણ હોય અને પ્રોત્સાહન પણ મળી રહેતું હોય તો તકો કંઈક અસાધારણ સિદ્ધિ અપાવતી હોય જ છે.'

# જામનગરમાં બાયોમેડિકલ વેસ્ટનો કચરો બહાર ફેંકવા બદલ ડો. ગાયત્રી ઠક્કર સામે દંડની કાર્યવાહી





તસવીર: સુનિલ ચુડાસમા

જામનગર : જામનગર શહેરમાં સ્વચ્છતા જળવાઈ રહે અને જાહેર સ્થળોએ કચરો ફેંકવાની પ્રવૃત્તિ અટકે તે માટે જામનગર મહાનગરપાલિકા દ્વારા કાર્યવાહી કરવામાં આવી રહી છે. શહેરમાં ડોર-ટુ-ડોર કચરા કલેક્શનની વ્યવસ્થા હોવા છતાં જાહેરમાં કચરો ફેંકવામાં આવતો હોવાની બાબતો સામે આવતાં તંત્ર દ્વારા દંડાત્મક પગલાં લેવામાં આવી રહ્યાં છે.

આ અંતર્ગત જામનગર શહેરના વોર્ડ નં. ૯માં અંબર મેન રોડ પર જાહેરમાં બાયોમેડિકલ વેસ્ટ ફેંકવાની બાબતે જામનગર મહાનગરપાલિકાના આરોગ્ય વિભાગની ટીમ દ્વારા કાર્યવાહી કરવામાં આવી હતી. આ કાર્યવાહી દરમિયાન ડૉ. સુરેશ ઠાકર અને ડૉ. ગાયત્રી ઠાકર પાસેથી રૂ. ૨૦,૦૦૦નો વહીવટી ચાર્જ વસૂલવામાં આવ્યો હતો.

જામનગર મહાનગર પાલિકાના ઝોનલ ઓફિસર એસ. આઈ. બળવંત ચૌહાણ તથા એસ.એસ.આઈ. સહિતની ટીમ દ્વારા આ કામગીરી હાથ ધરવામાં આવી હતી.

શહેરમાં કચરાના યોગ્ય નિકાલ માટે મહાનગરપાલિકા દ્વારા ડોર-ટુ-ડોર કલેક્શનની સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવી છે. તેમ છતાં જાહેર સ્થળોએ કચરો ફેંકવો એ સ્વચ્છતા અને જાહેર આરોગ્ય માટે જોખમી બની શકે છે. ખાસ કરીને બાયોમેડિકલ વેસ્ટનો નિકાલ નિયત નિયમો મુજબ કરવો જરૂરી છે. મહાનગરપાલિકા દ્વારા સ્વચ્છતા જાળવવા અને જાહેરમાં કચરો ફેંકતા આસામીઓ સામે આવી કાર્યવાહી આગળ પણ ચાલુ રાખવામાં આવશે.

# જામનગર જિલ્લામાં નવરાત્રિ દરમિયાન ૭૮૯ ગરબા સ્થળો પર પોલીસનો ચુસ્ત બંદોબસ્ત

## ૧,૩૭૧ પોલીસ અધિકારી-કર્મચારીઓ તૈનાત, ૧૧૨ મોબાઈલ, ૧૫ શી-ટીમ અને નાઈટ વિઝન ડ્રોનથી રખાશે નજર

જામનગર : જામનગર જિલ્લામાં નવરાત્રિ મહોત્સવ દરમિયાન નાગરિકોની સલામતી અને કાયદો-વ્યવસ્થાની જાળવણી માટે જિલ્લા પોલીસ દ્વારા વ્યાપક સુરક્ષા વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. સમગ્ર જિલ્લામાં શહેરી અને ગ્રામ્ય વિસ્તારોમાં ૨૧ કોમર્શિયલ ગરબા, ૭૮ મોટા ગરબા તથા ૬૯૨ શેરી ગરબા મળી કુલ ૭૮૯ ગરબાનું આયોજન થનાર હોવાથી પોલીસ તંત્ર દ્વારા ચુસ્ત બંદોબસ્તનું આયોજન કરવામાં આવ્યું છે.

નવરાત્રિ દરમિયાન સુરક્ષા વ્યવસ્થાના ભાગરૂપે કુલ ૫૧ પોલીસ અધિકારીઓ સહિત પોલીસ અને અન્ય સુરક્ષા કર્મચારીઓ મળી કુલ ૧,૩૭૧ કર્મચારીઓ બંદોબસ્તમાં તૈનાત રહેશે. ગરબા સ્થળોએ પોલીસ અને હોમગાર્ડનો સ્થાયી બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે. આ ઉપરાંત પોલીસ સ્ટેશનની ૨૦ મોબાઈલ ટીમો તથા સમગ્ર જિલ્લામાં આશરે ૩૨ જેટલી ૧૧૨ મોબાઈલ ટીમો દ્વારા સતત પેટ્રોલિંગ કરવામાં આવશે.

મહિલાઓની સુરક્ષા અને છેડતી સહિતની ઘટનાઓ અટકાવવા માટે જિલ્લા પોલીસની ૧૫ શી-ટીમ દ્વારા ગરબા સ્થળોએ ખાસ વોચ રાખવામાં આવશે. ઘોડેસવાર પોલીસ યુનિટ દ્વારા પણ પેટ્રોલિંગ કરાશે. ટ્રાફિક પોલીસ દ્વારા અગત્યના પોઈન્ટ પર બંદોબસ્ત ગોઠવી વાહન ચેકિંગ હાથ ધરવામાં આવશે.

સુરક્ષા વ્યવસ્થાને વધુ અસરકારક બનાવવા કમાન્ડ એન્ડ કંટ્રોલ ટીમ દ્વારા સીસીટીવી કેમેરાનું મોનિટરિંગ કરવામાં આવશે. આશરે ૨૦૦ બોડીવોર્ન કેમેરાનો ઉપયોગ કરવામાં આવશે. જયારે અવાવરુ વિસ્તારો, ભીડભાડવાળી જગ્યાઓ તથા ગરબા સ્થળોની આસપાસના વિસ્તારોમાં નાઈટ વિઝન ડ્રોન દ્વારા સર્વેલન્સ કરવામાં આવશે.

જિલ્લા પોલીસની એલસીબી, એસઓજી, પેરોલ-ફર્લો સ્કવોડ તથા પોલીસ સ્ટેશનના સર્વેલન્સ સ્ટાફ દ્વારા ગુનાહિત ઈતિહાસ ધરાવતા શખ્સો, ગુનેગારો, અસામાજિક તત્ત્વો અને ટપોરીઓનું ચેકિંગ કરવામાં આવશે. એન્ટી નાર્કોટિક્સ વિંગ દ્વારા નશીલા પદાર્થોના ગુનાઓ સાથે સંકળાયેલા શખ્સો પર નજર રાખવામાં આવશે. આ ઉપરાંત સોશિયલ મીડિયા મોનિટરિંગ સેલ દ્વારા પણ સતત વોચ રાખવામાં આવશે.

નવરાત્રિ દરમિયાન નાગરિકોને કોઈપણ પ્રકારની પોલીસ મદદની જરૂર પડે તો તાત્કાલિક ઈમરજન્સી હેલ્પલાઈન નંબર ૧૧૨ અથવા જામનગર પોલીસ કંટ્રોલ રૂમના નંબર ૦૨૮૮-૨૫૫૦૨૦૦ તથા ૬૩૫૯૬૨૭૮૦૦ પર સંપર્ક કરવા જિલ્લા પોલીસ દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે.

# જામનગરની જય શ્રી આશાપુરા ગરબીમાં અઠંગો શ્રદ્ધા અને શૌર્યનું પ્રતિક



તસવીર: સુનિલ ચુડાસમા

જામનગર : જામનગર શહેરના ન્યૂ જેલ રોડ રાજપૂત પરા, કુંવરબાઇ ની ધર્મશાળા સામે આવેલ જય શ્રી આશાપુરા ગરબી મંડળ છેલ્લા ૩૮ વર્ષથી વધુ સમયથી આ ગરબી પરંપરાગત રાસ અને ભક્તિના અનોખા સંયોજન માટે જાણીતી છે. આ ગરબીની ખાસ વિશેષતા તરીકે અઠંગા રાસ છે જેને લોકપ્રિય રીતે ગોપ ગુઠણ રાસ અને કાન ગોપી રાસ તરીકે પણ ઓળખવામાં આવે છે. જે ભગવાન ક્રિષ્નાની બાળલીલા સાથે જોડાયેલો છે. જેમાં સોળ સભ્યો દોરડા વડે રાસ રજુ કરે છે. અઠંગા રાસ ની સાથે સાથે તલવાર રાસ પણ અનોખું આકર્ષણ ધરાવે છે, જેમાં મંડળના સભ્યો બે તલવાર સાથે શિસ્તબદ્ધ રીતે રાસ રજુ કરે છે. તલવાર રાસ એ માત્ર રાસ નથી, પરંતુ રાજપૂત શૌર્ય, સાહસ અને ભક્તિનું જીવંત પ્રતિબિંબ છે. વર્ષો વીતી ગયા હોવા છતાં જય શ્રી આશાપુરા ગરબી મંડળએ પોતાની મૂળ પરંપરા, સંસ્કૃતિ અને ગૌરવને અખંડ રાખ્યું છે. આજે પણ મંડળના સભ્યો ભક્તિભાવ અને ઉત્સાહ સાથે ગરબી રમે છે અને નવી પેઢીને પણ આ પરંપરાના વારસાથી જોડે છે. આ રીતે જય શ્રી આશાપુરા ગરબી મંડળ માત્ર જામનગર જ નહીં પરંતુ સમગ્ર સૌરાષ્ટ્ર અને ગુજરાત માં પરંપરા, શ્રદ્ધા અને શૌર્યનું જીવંત પ્રતિક બનીને ઉભરી આવ્યું છે.

# જામનગરના શરૂ સેકશન રોડ પરના ધંધાર્થીઓને તંત્રએ વૈકલ્પિક જગ્યા ફાળવી



તસવીર: સુનિલ ચુડાસમા

જામનગર : જામનગરના શરૂ સેક્શન રોડ પર ફૂટપાથ પર ધંધો કરતા રાજસ્થાની વેપારીઓને મહાનગરપાલિકા દ્વારા સરલાબેન આવાસ રોડના મેદાનમાં વૈકલ્પિક જગ્યા ફાળવવામાં આવતાં વેપારીઓ અને શહેરીજનો બંનેને રાહત મળી છે. નવી જગ્યાએ શરૂઆતમાં ગ્રાહકો મળશે કે કેમ તે અંગે વેપારીઓમાં આશંકા હતી, પરંતુ પ્રથમ દિવસથી જ મોટી સંખ્યામાં લોકો ખરીદી માટે પહોંચતાં મોડી રાત સુધી બજાર જામ્યું હતું.

તહેવારોના દિવસોમાં શરૂ સેક્શન રોડ પર કપડાં, બેડશીટ, પડદા સહિતની ઘરવપરાશની ચીજવસ્તુઓનું વેચાણ કરતા વેપારીઓના કારણે ટ્રાફિકની સમસ્યા સર્જાતી હતી. આ અંગે મહાનગરપાલિકાની એસ્ટેટ શાખા દ્વારા દબાણ હટાવવાની કાર્યવાહી પણ કરવામાં આવી હતી. અગાઉ વેપારીઓ અને તંત્ર વચ્ચે ઘર્ષણ થતાં આ મુદ્દો વિવાદમાં આવ્યો હતો.

વેપારીઓના રોજગારને અસર ન થાય અને રસ્તા પરની ટ્રાફિક સમસ્યાનો ઉકેલ આવે તે હેતુથી મેયર મોનિકાબેન વ્યાસ તથા મ્યુનિસિપલ કમિશનર દીપેશ કેડિયાની સૂચનાથી વૈકલ્પિક વ્યવસ્થા કરવામાં આવી હતી. મેદાનમાં રોશની સહિતની સુવિધા ઊભી થતાં વેપારીઓએ નવા સ્થળે ધંધો શરૂ કર્યો છે. પ્રથમ દિવસથી જ ગ્રાહકોનો પ્રતિસાદ મળતાં વેપારીઓએ પણ રાહત અનુભવી છે. આમ, તંત્રની પહેલથી એક તરફ ફૂટપાથ પરનાં દબાણો દૂર થતાં ટ્રાફિક વ્યવસ્થામાં સુધારો થયો છે, તો બીજી તરફ વેપારીઓને રોજગાર માટે યોગ્ય જગ્યા મળી છે.

# વિધર્મી મુક્ત નવરાત્રી માટે હિન્દુ સેના દ્વારા લવ જીહાદની પત્રિકાનું વિતરણ



તસવીર: સુનિલ ચુડાસમા

જામનગર : હાલ નવરાત્રીનું મહાપર્વ શરૂ થઈ ગયું છે ત્યારે ગુજરાતના અનેક જિલ્લાઓમાં લવ જિહાદને લઈ જાગૃત્તા ચલાવાઇ રહી છે. જેને લઈ હિન્દુ સેના દ્વારા જામનગરમાં ખંભાળિયાનાકા સર્કલ, આર્ય સમાજ રસ્તા પર લવ જિહાદથી લોકોને જાગૃત કરવા પત્રિકા વિતરણ કરી, આતંકવાદનું નવું સ્વરૂપ એટલે કે લવ જિહાદીને જાહેરમાં લાવી ઉઘાડા પાડવા જાગૃતતા અભિયાનની શરૂઆત કરી દીધી છે.

આ કાર્યક્રમ દરમિયાન હિન્દુ સેના ગુજરાતના અધ્યક્ષ પ્રતીક ભટ્ટની ખાસ ઉપસ્થિતિમાં સૌરાષ્ટ્ર મંત્રી મયુર ચંદન દ્વારા ગરબા આયોજકોને ગરબાની અંદર આવતા લોકો કે ખેલૈયાના આઈ.ડી. પ્રુફ તપાસવા, વિધર્મીને ગરબામાં આવતા પર પ્રતિબંધ મૂકવો તેમજ આવતા લોકોને કપાળે કંકુનું તિલક, માથા પર ગૌમૂત્ર નો છંટકાવ અને માતાજીની પ્રસાદી આપવી તેવી અપીલ કરી હતી. નવરાત્રીમાં ગરબા આયોજકોને હિન્દુ સેના દ્વારા સંદેશો આપવામાં આવ્યો હતો કે રાસ ગરબાઓની અંદર ગાયકો, મુઝિક પાર્ટીઓ, ઈલેક્ટ્રીક, મંડપ સર્વિસ, સિક્યુરિટી સહિતના કામો બધા હિન્દુઓને જ આપવા અન્યથા કોઈ પણ અણછાજતા બનાવ બનશે તો તમામ જવાબદારી ગરબા સંચાલકોની અને આયોજકોની રહેશે તેવી ગર્ભિત ચેતવણી સાથે વિધર્મી મુક્ત નવરાત્રી કરવા હિન્દુ સેનાએ જાહેર કર્યું.

આ હિંદુ સેનાના પત્રિકા વિતરણ કાર્યક્રમમાં શહેર પ્રમુખ દિપક પિલ્લાઈ, મંત્રી સંજય ધનવાણી, સંગઠન મંત્રી વિવેક જાખરીયા, યુવા ઉપપ્રમુખ ધિરેન નંદા, મંથન પારેખ, જયરાજસિંહ જાડેજા, આનંદ કનખરા, મેહુલ ઝાલા અને હિન્દુ સેના મહિલા વિંગ ના વાલી કાજલબેન પંડ્યા તથા સૈનિક જયશ્રીબેન સોનેજી ની ખાસ હાજરી સાથે અનેક હિંદુ સેના સૈનિકો લવ જીહાદ જાગૃતિ અભિયાનમાં જોડાયા હતા.

# જામનગરમાં ખેલૈયાઓની સુરક્ષા માટે પોલીસ દ્વારા ગરબા ગ્રાઉન્ડમાં ડ્રોન કેમેરાથી દેખરેખ



તસવીર: સુનિલ ચુડાસમા

જામનગર : નવરાત્રિ મહોત્સવ દરમિયાન ખેલૈયાઓ સુરક્ષિત અને ભયમુક્ત વાતાવરણમાં ગરબા રમી શકે તે માટે જામનગર જિલ્લા પોલીસ તંત્ર દ્વારા સમગ્ર જિલ્લામાં વિશેષ સુરક્ષા વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. કાયદો અને વ્યવસ્થા જાળવવા સર્વેલન્સ, પેટ્રોલિંગ અને ટ્રાફિક વ્યવસ્થાપનનું સઘન આયોજન કરવામાં આવ્યું છે.જામનગર જિલ્લા પોલીસ અધિક્ષક ડો. રવિ મોહન સૈનીના માર્ગદર્શન હેઠળ અને જામનગર શહેર વિભાગના નાયબ પોલીસ અધિક્ષક જયવીરસિંહ ઝાલાની સૂચનાથી સિટી-એ ડિવિઝન પોલીસ સ્ટેશનના પીઆઇ વી.એમ.ડોડીયા સહિત સર્વેલન્સ ટીમે "નાઈટ વિઝન ડ્રોન કેમેરા" થી વિવિધ સ્થળો પર દેખરેખ રાખી હતી. સિટી-એ ડિવિઝન પોલીસ ટીમે ગરબા ગ્રાઉન્ડસ, પાર્કિંગ કમ્પાઉન્ડ, એસ.ટી.બસ ડેપો, ભીડભાડવાળી જગ્યાઓ તથા અવાવરૂ સ્થળો પર ડ્રોનથી સર્વેલન્સ કર્યું હતું. નવરાત્રિ દરમિયાન જાહેર સ્થળોએ સુરક્ષા જળવાઈ રહે અને ખેલૈયાઓ નિર્ભય બનીને ગરબાનો આનંદ માણી શકે તે હેતુથી આ કામગીરી હાથ ધરવામાં આવી હતી.

# મીઠાપુરમાં ચૂંટણી એજન્ટ સામે પૈસાની વહેંચણીનો આક્ષેપ કરી ડખ્ખો કર્યો

દ્વારકા : દ્વારકા પંથકના મીઠાપુરમાં ચૂંટણીમાં ભાજપ પક્ષના ઉમેદવારના એજન્ટ અને અન્ય વ્યક્તિ સાથે બે શખ્સે પૈસાની વહેચણીનો આક્ષેપ કરી પતાવી દેવાની ધમકી આપવા સબબ સ્થાનિક પોલીસ દફતરે વિધિવત ગુન્હો દાખલ થતા ભારે ચકચાર સાથે લોકચર્ચા જાગી છે. આ ઘટનાની જાણ થતાં સ્થાનિક પોલીસ કાફલો સ્થળપર દોડી ગયો હતો અને આગળની કાર્યવાહી શરૂ કરી હતી.

પ્રાપ્ત માહિતી અનુસાર દ્વારકા તાલુકાના મીઠાપુરમાં રહેતા અને વ્યવસાય કોન્ટ્રાક્ટર રવિન્દ્રભાઈ માધવજીભાઈ પરમાર ભાજપ પક્ષના વોર્ડ નંબર ૭ માં યોજાયેલ ચૂંટણીમાં ઉમેદવારના ચૂંટણી એજન્ટ હોય અને તેઓ આંગણવાડી ૧૦૫ નંબરના બુથ થી આંબેડકર સોસાયટી, ઉદ્યોગનગર પાસે દેવશીભાઈના રહેણાંક મકાનની સામેની ગલીમાં કાર્યકર્તાઓ સાથે બેસેલા હોય આ વેળાએ સુરજ કરાડીમાં રહેતા ભીખુભાઈ નાથાભાઈ પરમાર, પ્રતાપભાઈ સામતભાઈ પરમાર નામના બન્ને શખ્સ ત્યાં આવ્યા હતા અને રવીન્દ્રભાઈ તથા સાહેદને " તમો પૈસાની વહેચણી કરો છો " તેમ કહેતા રવિન્દ્રભાઈએ " આવું અમે કાંઈ કરતા નથી " કેમ જણાવતા ઉશ્કેરાયેલા ભીખુભાઈએ તેઓનો કાઠલો પકડી આજ તને જાનથી મારી નાખવો છે તેમ જણાવી ઝપાઝપી કરી સાહેબ યુવરાજ વચ્ચે આવતા તેની સાથે પણ ઝપાઝપી કરી જાનથી મારી નાખવાની ધમકી આપતા રવિન્દ્રભાઈ પરમાર દ્વારા બન્ને સામે મીઠાપુર પોલીસ દફતરે ફરિયાદ નોંધાવવામાં આવતા પોલીસે સ્થળપર દોડી જઈ વધુ તપાસ હાથ ધરી છે.

# જામનગરના એસ.ટી. રોડ પર યુવક-યુવતી વચ્ચે મારામારી થતા લોકો ટોળે વળ્યાં



જામનગર : જામનગરના એસ.ટી. રોડ પર સાત રસ્તા નજીક યુવક અને યુવતી વચ્ચે જાહેરમાં છૂટ્ટાહાથે મારામારી થઈ હતી. જેને લઈને લોકોનાં ટોળાં એકત્ર થયાં અને સ્થાનિક લોકોએ બંનેને છોડાવ્યાં હતાં. ત્યારબાદ યુવક પોતાનું સ્કૂટર લઈને ત્યાંથી નીકળી ગયો હતો. જે સમગ્ર ઘટનાનો વિડિયો સોશિયલ મીડિયામા વાયરલ થયો છે. જો કે બંને વચ્ચે કયા કારણોસર ઝઘડો થયો અને મારામારી સુધી વાત પહોંચી તે અંગેનું કારણ અકબંધ છે.

# જોડિયા તાલુકાને દુષ્કાળગ્રસ્ત જાહેર કરવાની માંગ સાથે કોંગ્રેસનું મામલતદારને આવેદન



તસવીર: સુનિલ ચુડાસમા

જામનગર : જામનગર જિલ્લાના જોડિયા તાલુકાને તાત્કાલિક દુષ્કાળગ્રસ્ત જાહેર કરી ખેડૂતોને રાહત આપવા તેમજ પશુઓ માટે ઘાસચારા સહિતની સહાય પૂરી પાડવાની માંગ સાથે કોંગ્રેસ દ્વારા રજૂઆત કરવામાં આવી છે. આ અંગે કોંગ્રેસના આગેવાનો દ્વારા જોડિયા મામલતદારને આવેદનપત્ર પાઠવી ખેડૂતોની મુશ્કેલીઓ દૂર કરવા તાત્કાલિક પગલાં ભરવાની માંગ કરવામાં આવી હતી.

જોડિયા તાલુકાના ખેડૂતોને રાહત મળે અને પશુપાલકોને ઘાસચારા સહિતની જરૂરી સહાય ઉપલબ્ધ થાય તે માટે કોંગ્રેસે સરકારનું ધ્યાન દોર્યું છે. તાલુકાને દુષ્કાળગ્રસ્ત જાહેર કરી અસરગ્રસ્ત ખેડૂતોને જરૂરી સહાય પૂરી પાડવામાં આવે તેવી માંગ પણ ઉઠાવવામાં આવી છે.

આ રજૂઆત દરમિયાન કોંગ્રેસના નેતા લલિતભાઈ કગથરા, મનોજભાઈ પનારા સહિતના કોંગ્રેસના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. આગેવાનોએ ખેડૂતોના હિતમાં તાત્કાલિક નિર્ણય લઈ રાહતલક્ષી કાર્યવાહી કરવાની માંગ કરી હતી.

# કલ્યાણપુરમાં વાડીમાં જુગાર રમતા સંચાલક સહિત છ શખ્સની અટકાયત

ખંભાળિયા : કલ્યાણપુર ગામે વાડી વિસ્તારમાં રહેણાંક મકાનમાં જુગારનો અખાડો ચલાવતા સંચાલક સહિત છ શખ્સને પોલીસે જુગાર રમતા પકડી પાડી સ્થળપરથી રોકડ રકમ, મોબાઈલ ફોન અને વાહનો વિગેરે કુલમળી રૂ. દોઢ લાખ ઉપરાંતનો મુદ્દામાલ કબ્જે લઈ તમામ વિરુદ્ધ જુગારધારા ૪-૫ મુજબ ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી આરંભી હતી.

પ્રાપ્ત માહિતી અનુસાર કલ્યાણપુરમાં રહેતો રામદેભાઈ મુરૂભાઈ કરંગીયા નામનો શખ્સ ગામમાં આવેલી પોતાની કબ્જા ભોગવટાની વાડીએ મકાનમાં બહારથી માણસો બોલાવી નાલ ઉઘરાવી અંગત ફાયદા માટે જુગારનો અખાડો ચલાવતો હોય તેવી બાતમીના આધારે સ્થાનિક ત્યાં દરોડો પાડ્યો હતો દરમિયાન અહીથી ગંજીપાના પાના વડે તીનપતી નામનો જુગાર રમતા સંચાલક રામદેભાઈ કરંગીયા સહિત યુનુસ કાદુભાઇ બ્લોચ, રામાભાઈ ભીખાભાઈ વેસરા, પરબતભાઈ બોદાભાઈ ચિરોડીયા, તુલસીભાઈ જેન્તીભાઈ સોલંકી અને માંડણભાઈ રણમલભાઈ બુચડ વિગેરે છ શખ્સને ઝડપી લઈ સ્થળપરથી રૂ. ૩૮૫૦૦ ની રોકડ રકમ તથા રૂ. ૨૦ હજારની કિંમતના ચાર નંગ મોબાઈલ ફોન અને રૂ. ૧.૫ લાખની કિંમતના ત્રણ નંગ મોટરસાયકલ સહિત કુલમળી રૂ. ૧.૬૩ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો હતો.

# મહાસતીજી ધનકુંવરબાઈસ્વામીની ૩૩મી પુણ્યતિથિએ ગુણાનુવાદસભા યોજાઈ

## આયંબિલ, બટુક ભોજન, બહેનોની સામાયિક(જાપ) સહિતના ધાર્મિક કાર્યક્રમો યોજાયા







જામનગર : પ.પૂ. શ્રી મહાસતીજી ધનકુંવરબાઈસ્વામીની ૩૩મી વાર્ષિક પુણ્યતિથિએ ધનકુંવરબાઈસ્વામી ઉપાશ્રય, વિદ્યાભવનવાળી ગલીમાં ભારદવા વદ-૫ તા. ૧-૧૦-૨૦૨૬ને ગુરૂવારે ગુણાનુવાદ, આયંબિલ, બટુક ભોજન વગેરે કાર્યક્રમો યોજાયા હતાં.

જામનગર શહેરના તેજપ્રકાશ ઉપાશ્રયમાં બિરાજતા શ્રમણ સંઘના સળંગ ૨૯૯ દિવસની આયંબીલની ઉગ્ર તપશ્ચર્યા કરતા પ.પૂ. હઠયોગી શ્રી ધૈર્યમુની મ.સા. તથા સેવાભાવી પૂ. ઋષભમુનિ મ.સા. દ્વારા ધનકુંવરબાઈના ઉપાશ્રયે સવારે પ્રાર્થના સવારે ૮:૩૦થી ૯ મોટી સાધુવંદનાની તથા વ્યાખ્યાન સવારે ૯થી ૧૦ ગુણાનુવાદ સભામાં મહારાજશ્રીએ મહાસતીજીના જીવન દરમિયાન કરેલા અહિંસા, જીવદયાના કરેલા કાર્યોને યાદ કરાયા હતાં. આ ગુણાનુવાદસભામાં ધર્મપ્રેમી શ્રાવક-શ્રાવિકાઓએ બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહી લાભ લીધો હતો.

આ ઉપરાંત બપોરે ૨:૩૦થી ૫ વાગ્યા સુધી ત્રણ-ત્રણ સામાયિક (માત્ર બહેનો માટે) જાપ યોજાયા હતાં. સાંજે ૫:૩૦ વાગ્યે દાતા સ્વ. મનહરલાલ દડિયા પરિવાર (હસ્તે જયદેવીબેન દડિયા) તરફથી બટુક ભોજનનું કરાવાયુ હતું.

આ ઉપરાંત અન્ય વિશેષ કાર્યક્રમોમાં બપોરે ૧૨ વાગ્યે (દાળીયા-મમરાની નિરાંભી આયંબીલ)દાતા સ્વ. વકીલ દલસુખલાલ મોહનલાલ મહેતા હસ્તે જયશ્રીબેન દલસુખલાલ મહેતા પરિવાર તરફથી દશા શ્રીમાળી વણીક જ્ઞાતીની વાડી, રાજગોર ફળી, જામનગર ખાતે રાખેલ કરાવાયું હતું. આ તમામ આયોજનમાં ભક્ત મંડળ અને વિવિધ દાતાઓ તરફથી પ્રભાવના અને બહુમાન કરવામાં આવ્યું હતું.

પૂ. ધનકુંવરબાઈ મહાસતીજીની જન્મતિથિ શ્રાવણ સુદ-સાતમ છે. તેમની નિર્વાણતિથિ (કાળધર્મ) ભાદરવા વદ-પાંચમ છે. જે દિવસે તેમને યાદ કરી તેમની પસંદ હતાં તેવા ધાર્મિક કાર્યક્રમોનું તેમના ભક્તો દ્વારા આયોજન કરવામાં આવ્યું હતું.

## અવસાન નોંધ

**જામનગર** : શ્રી સમસ્ત નથું તુલસી ઔદિચ્ય ગોહિલ વાડી જ્ઞાતિ બ્રહ્મ સમાજ જામનગર જાદવજીભાઈ નાનજીભાઈ વ્યાસ (ઈશ્વરીયા વારા હાલ જામનગર- વડપચાસરા)ના પુત્ર ભાઈશંકરભાઈ જાદવજીભાઈ વ્યાસ (ઉં. વ. ૮૫) નું તા.૧૧-૧૦-૨૬ રવિવારના રોજ અવસાન થયેલ છે. તેઓ વસંતબેનના પતિ તથા સ્વ મુકુંદભાઈ સ્વ પ્રહલાદભાઈ તથા મહેન્દ્રભાઈ તથા દિનેશભાઈ તથા ગ.સ્વ. જયાબેન ધનસુખરાય પંડ્યા (પ્રાચી)ના મોટાભાઈ તથા નયનભાઈ (પૂર્વ શહેર પ્રમુખ સમસ્ત બ્રહ્મ સમાજ જામનગર), સંજયભાઈ અને મનોજભાઈના પિતા તથા સ્વ. મોનજીભાઈ વિરજીભાઇ પંડ્યાના જમાઈનું અવસાન થયેલ છે સદગતનું બંને પક્ષનું ઉઠમણું તારીખ ૧૨-૧૦-૨૦૨૬ના રોજ ભાઈઓ તથા બહેનો માટે નર્મદેશ્વર મહાદેવ મંદિર પંચવટી (જૂની એનસીસી ઓફિસ પાછળ )સાંજે ૫:૩૦ થી ૬ રાખેલ છે.

# રિયાધ એરપોર્ટની કામગીરી કલાકો માટે અટકાવાઈ

## હુથીઓ તરફથી નવી ચેતવણી: સાઉદીમાં તાજેતરના હુમલામાં ૧૨ લોકોનાં મોત બાદ તણાવમાં મોટો વધારો



રિયાધ,

શનિવારે હુથી વિદ્રોહીઓના ઘાતક હુમલામાં ૧૨ લોકોના મોત અને ૩૦૦થી વધુ લોકો ઘાયલ થયા બાદ, રવિવારે સાઉદી અરેબિયાના રિયાધ એરપોર્ટ પર ફ્લાઈટ કામગીરી સ્થગિત રાખવામાં આવી હતી. મીડિયા અહેવાલો અનુસાર, આગામી સૂચના સુધી આ કામગીરી બંધ રહેશે.

મીડિયાએ એક વરિષ્ઠ અધિકારીને ટાંકીને જણાવ્યું હતું કે, "રિયાધ એરપોર્ટ પર આજે ફરીથી કામગીરી સ્થગિત કરવામાં આવી છે. વહેલી સવારે અમને આ અંગે જાણ કરવામાં આવી હતી."

અહેવાલોમાં સૂત્રોને ટાંકીને જણાવાયું છે કે શનિવારે રિયાધ એરપોર્ટ પર હુથીઓના હુમલા બાદ રડાર અને સંચાર ઉપકરણોને નુકસાન થયું છે, તેમજ રનવેની સ્થિતિની પણ ચકાસણી કરવાની જરૂર છે.

એર ટ્રાફિક મોનિટર 'ફ્લાઈટરાડાર૨૪' એ 'ઠ' (અગાઉનું ટ્વિટર) પર એક નિવેદન જારી કરીને આ સ્થગિતતા અંગે માહિતી આપી હતી. તેમાં જણાવાયું હતું કે, "રિયાધ એરપોર્ટ બંધ રાખવાની મુદત વધુ ૨૪ કલાક માટે લંબાવવામાં આવી છે, જે આજે ૨૧:૦૦ UTC સુધી અમલમાં રહેશે."

સાઉદી-હુથી સંઘર્ષમાં મોટો વધારો

રિયાધ એરપોર્ટ પર હુથીઓનો આ તાજેતરનો હુમલો બે દિવસના ગાળામાં થયેલો બીજો હુમલો હતો. ગુરુવારે, હુથીઓએ રિયાધમાં કિંગ ખાલિદ ઈન્ટરનેશનલ એરપોર્ટ અને સાઉદિયા એરલાઈન્સના વિમાનને નિશાન બનાવ્યા હતા, જેમાં ત્રણ લોકોના મોત થયા હતા.

મૃતકોમાં રાષ્ટ્રીય એરલાઈનના એક પાઈલટનો સમાવેશ થાય છે, જેમની ઓળખ હમૂદ અલી અલ-કલથામી તરીકે કરવામાં આવી છે. સાઉદી સિવિલ એવિએશન ઓથોરિટીએ જણાવ્યું હતું કે હુમલામાં "વિવિધ રાષ્ટ્રીયતા" ધરાવતા અન્ય ઘણા લોકો પણ ઘાયલ થયા હતા.

શનિવારે હુથીઓએ ફરી એકવાર એરપોર્ટને નિશાન બનાવ્યું હતું. ૧૨ લોકોના મોત સાથે આ સંઘર્ષમાં મોટો વધારો જોવા મળ્યો છે. યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું હતું કે તેઓ હુથીઓ સામે સાઉદીની કાર્યવાહીમાં જોડાવા અંગે વિચારણા કરી રહ્યા છે. વ્હાઈટ હાઉસમાં પત્રકારો સાથે વાત કરતા તેમણે કહ્યું, "અમે કદાચ જોડાઈ શકીએ. અમે આ બાબતની તપાસ કરીશું. અમને હમણાં જ તાજેતરના હુમલા વિશે જાણ થઈ છે, તેથી અમે તે અંગે નિર્ણય લઈશું.

# ઈઝરાયેલના રાષ્ટ્રપતિએ ફ્લાયદુબઈના કેપ્ટન સ્મિત મચ્છરને જેરુસલેમ આવવાનું આમંત્રણ આપ્યું



જેરુસલેમ,

ઈઝરાયેલના રાષ્ટ્રપતિ આઈઝેક હરઝોગે ફ્લાયદુબઈના કેપ્ટન સ્મિત મચ્છરને જેરુસલેમ આવવાનું આમંત્રણ આપ્યું છે. તેમને વીરતા માટે ઈઝરાયેલના સર્વોચ્ચ નાગરિક પુરસ્કારથી સન્માનિત કરવામાં આવશે. આ સન્માન તેમને હવામાં ઉડાન દરમિયાન તેમના સહ-પાયલટ (કો-પાયલટ) દ્વારા કરવામાં આવેલા હુમલાનો સામનો કરવા અને સંભવિત હાઈજેકિંગને નિષ્ફળ બનાવવા બદલ તેમની બહાદુરીની કદર રૂપે આપવામાં આવી રહ્યું છે.

મચ્છરને સંબોધિત એક પત્રમાં, હરઝોગે જણાવ્યું હતું કે તેમને 'નાગરિક વીરતા માટે ઈઝરાયેલના રાષ્ટ્રપતિ પુરસ્કાર' થી સન્માનિત કરવામાં તેમને ગર્વ અને સન્માનની લાગણી થશે. ઈઝરાયેલના રાષ્ટ્રપતિએ કેપ્ટનને ભારત, ઈઝરાયેલ અને વિશ્વ માટે એક 'હીરો' ગણાવ્યા અને આશા વ્યક્ત કરી કે ઈજાઓમાંથી સાજા થયા પછી તેઓ જેરુસલેમની મુલાકાત લઈ શકશે. હુમલામાં ગંભીર રીતે ઘાયલ થયા બાદ સ્મિત મચ્છર હાલમાં દુબઈની એક હોસ્પિટલમાં સારવાર હેઠળ છે અને સ્વસ્થ થઈ રહ્યા છે.

ઈઝરાયેલના રાષ્ટ્રપતિએ કેપ્ટનની બહાદુરીના વખાણ કર્યા

હરઝોગે 'ઠ' (અગાઉનું ટ્વિટર) પર એક પોસ્ટમાં મચ્છરનો પત્ર વાંચતો ફોટો અને પત્રની તસવીર શેર કરી હતી. તેમણે વિમાનને સુરક્ષિત રીતે ઉતારવાની અને મુસાફરો માટે સંભવિત મોટી દુર્ઘટનાને રોકવાની કેપ્ટનની દ્રઢતાના વખાણ કર્યા હતા. હરઝોગે લખ્યું, "ઈઝરાયેલની જનતા વતી, તમને નાગરિક વીરતા માટેના ઈઝરાયેલના સર્વોચ્ચ સન્માન - 'નાગરિક વીરતા માટે ઈઝરાયેલના રાષ્ટ્રપતિ પુરસ્કાર' - થી સન્માનિત કરવામાં મને ગર્વ થશે.

# ભારતમાં ગેરકાયદેસર રીતે પ્રવેશ કરવા બદલ આસામના ગોલપારામાં ૧૨ બાંગ્લાદેશી ઝડપાયા

ગોલપારા,ગુવાહાટી,

આસામના મુખ્યમંત્રી હિમંતા બિશ્વા સરમાએ જણાવ્યું છે કે, ગોલપારા જિલ્લામાં ગેરકાયદેસર રીતે ભારતમાં પ્રવેશવા બદલ ૧૨ બાંગ્લાદેશી નાગરિકોને (જેમાં ત્રણ બાળકોનો સમાવેશ થાય છે) પકડવામાં આવ્યા છે; તેમણે આમાં માનવ તસ્કરી અને ઘૂસણખોરીના નેટવર્કની સંડોવણી હોવાની આશંકા વ્યક્ત કરી છે.

સોશિયલ મીડિયા પોસ્ટ સાથે શેર કરાયેલા વિગતવાર વર્ણનમાં મુખ્યમંત્રીએ કહ્યું કે શુક્રવારે રાત્રે એક સ્થાનિક વ્યક્તિએ કેટલાક લોકોને ગભરાટમાં રડતા અને આમ-તેમ ફરતા જોયા બાદ આ ધરપકડ કરવામાં આવી હતી.

શનિવારે રાત્રે સોશિયલ મીડિયા પોસ્ટમાં સરમાએ જણાવ્યું હતું કે, નવ પુખ્ત વયના લોકો અને ત્રણ બાળકોના બનેલા આ જૂથના સભ્યોએ કહ્યું કે તેમને ૫ ઓક્ટોબરે મેઘાલયના જાફલોંગ થઈને 'સાબોર' નામના દલાલ દ્વારા ભારતમાં લાવવામાં આવ્યા હતા.

તેમણે કહ્યું, "ત્યારબાદ, દલાલની સાથે આવેલા એક ખાસી વ્યક્તિએ તેમને ગુવાહાટી પહોંચાડ્યા, જ્યાં તેમને ત્રણ દિવસ સુધી રાખવામાં આવ્યા હતા." તેમણે ઉમેર્યું કે દલાલ જૂથ પાસેથી કથિત રીતે ૭,૦૦૦ બાંગ્લાદેશી ટકા અને એક મોબાઈલ ફોન લીધા બાદ ગુવાહાટી રેલવે સ્ટેશન નજીકથી ફરાર થઈ ગયો હતો. વધુમાં શ્રી હિમંતા બિશ્વા સરમાએ કહ્યું કે બાદમાં, આ જૂથ શુક્રવારે રાત્રે બસ દ્વારા ગોલપારા પહોંચ્યું અને અંતે સ્થાનિક વ્યક્તિની નજરમાં આવ્યું.

# ઝેલેન્સકીએ રશિયન ડીઝલ ખરીદવાના અમેરિકાના પગલા પર સવાલ ઉઠાવ્યા બાદ ટ્રમ્પે કહ્યું કે યુક્રેનને નવા રાષ્ટ્રપતિની જરૂર



વોશિંગ્ટન,

યુનાઈટેડ સ્ટેટ્સ (US) અને યુક્રેન વચ્ચે મતભેદો સ્પષ્ટપણે સામે આવ્યા છે. આ મતભેદોનું કારણ યુએસ દ્વારા રશિયા સાથે કરવામાં આવેલો તાજેતરનો સોદો છે, જે દેશમાં ચાલી રહેલી તેલની કટોકટી વચ્ચે થયો છે; યુક્રેને આ સોદાને મોસ્કો સામેના તેના યુદ્ધમાં એક "રોકાણ" ગણાવ્યું છે. જોકે, યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે તેમના યુક્રેનિયન સમકક્ષ વોલોડીમિર ઝેલેન્સ્કીની ટીકા કરી છે અને કિવ (યુક્રેન) ને નવા પ્રમુખ ચૂંટવા માટે આહ્વાન કર્યું છે.

મધ્ય-ગાળાની ચૂંટણીઓ પહેલાં ઈંધણના વધતા ભાવ વચ્ચે રશિયનો પાસેથી ડીઝલ ખરીદવાનો સોદો કરનાર ટ્રમ્પે કહ્યું કે, ઝેલેન્સ્કી ફેબ્રુઆરી ૨૦૨૨માં શરૂ થયેલા રશિયા સાથેના સંઘર્ષને સમાપ્ત કરવા માટે પૂરતા પ્રયાસો કરવામાં નિષ્ફળ રહ્યા છે. તેમણે મોસ્કોના ઊર્જા માળખાગત માળખા પર હુમલા રોકવાની વારંવારની વિનંતીઓ છતાં હુમલા ચાલુ રાખવા બદલ પણ ઝેલેન્સ્કીની ટીકા કરી હતી.

ટ્રમ્પે કહ્યું, "હું સૂચન કરું છું કે તેઓ એવા નવા નેતા પસંદ કરે જે સમજૂતી (સોદો) કરી શકે, કારણ કે તેઓ ઘણા સોદા કરી શક્યા હોત પરંતુ કોઈક કારણોસર તેઓ ક્યારેય તેમ કરતા નથી." તેમણે ઉમેર્યું, "તેઓ વિશ્વ માટે સમસ્યાઓ ઊભી કરવા માંગે છે... તેઓ ડીઝલ ઈંધણના મુદ્દે આપણા ખેડૂતો અને પશુપાલકો માટે સમસ્યાઓ ઊભી કરવા માંગે છે." ટ્રમ્પે વધુમાં કહ્યું કે, ઝેલેન્સ્કીએ "પોતાના દેશનો ૩૦ ટકા હિસ્સો ગુમાવ્યો છે અને ૧૦ લાખથી વધુ લોકો સ્થળાંતર કરી ચૂક્યા છે, તેમજ ૨૦ લાખથી વધુ લોકો માર્યા ગયા છે. આ એવું યુદ્ધ છે જે ક્યારેય શરૂ થવું જોઈતું ન હતું. અને મને લાગે છે કે હવે યુક્રેન માટે નવા પ્રમુખ મેળવવાનો સમય આવી ગયો છે."

મધ્ય-ગાળાની ચૂંટણીઓ પહેલાં ઈંધણના વધતા ભાવને કારણે ટ્રમ્પ દબાણનો સામનો કરી રહ્યા છે. પરંતુ શુક્રવારે, તેમણે રશિયા સાથે એક સોદો કર્યો જેના હેઠળ મોસ્કો તાત્કાલિક ૩,૦૦,૦૦૦ ટનથી વધુ ડીઝલનો પુરવઠો પૂરો પાડશે, ત્યારબાદ નવેમ્બરમાં વધારાના ૫,૦૦,૦૦૦ ટન અને "ત્યારબાદ તરત જ" ૧૦ લાખ ટન ડીઝલ આપવામાં આવશે. ઝેલેન્સ્કીએ આ સોદાની ટીકા કરી હતી અને બાદમાં તેને યુદ્ધમાં રોકાણ ગણાવ્યું હતું.

# તમિલનાડુ: વડાપ્રધાન મોદીએ ચેન્નાઈ મેટ્રોના બીજા તબક્કાના માર્ગનું ઉદ્ઘાટન કર્યું

## મુખ્યમંત્રી વિજય સાથે મુસાફરી કરી



ચેન્નાઈ,

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ચેન્નાઈ મેટ્રો રેલ પ્રોજેક્ટના બીજા તબક્કાના પૂનમલ્લી-વડાપલાની રૂટનું ઉદ્ઘાટન કર્યું અને તમિલનાડુના મુખ્યમંત્રી સી. જોસેફ વિજય સાથે તેમાં મુસાફરી પણ કરી.

તેમણે વિજય સાથે મળીને મેટ્રો રેલ પ્રોજેક્ટના બીજા તબક્કાના કોરિડોર-૪ હેઠળ આવતી આ નવી સેવાઓને લીલી ઝંડી બતાવી હતી અને ત્યારબાદ મુસાફરી માટે ટિકિટ ખરીદી હતી. આ પ્રસંગે રાજ્યપાલ રાજેન્દ્ર વિશ્વનાથ આર્લેકર પણ ઉપસ્થિત રહ્યા હતા.

પૂનમલ્લી-વડાપલાની રૂટમાં કુલ ૧૧ એલિવેટેડ (ઉંચાઈ પર બનેલા) મેટ્રો સ્ટેશન હશે અને તે લગભગ ૧૫ કિમીનું અંતર આવરી લેશે. પૂનમલ્લી-વડાપલાની રૂટ વિશેની માહિતી

આ નવા કોરિડોરમાં ૩.૭ કિમીનું અનોખું ડબલ-ડેકર માળખું છે. તેમાં ડ્રાઈવર વિનાની કામગીરીને સમર્થન આપવા માટે રચાયેલ અદ્યતન સિગ્નલિંગ સિસ્ટમ્સ પણ છે. તેનાથી મુસાફરોનો દૈનિક મુસાફરીનો સમય ઘટવાની અને ચેન્નાઈના ઝડપથી વિકસતા પશ્ચિમી ઉપનગરો તથા શહેરના કેન્દ્ર વચ્ચે જોડાણ સુધરવાની અપેક્ષા છે.

# CJPના ૧૦ ઓક્ટોબરના વિરોધ પ્રદર્શન અંગે દિલ્હી પોલીસે ૨૦થી વધુ FIR નોંધી

નવી દિલ્હી,

દિલ્હી પોલીસે રાજધાનીમાં વિરોધ પ્રદર્શન યોજવાના પ્રયાસોના સંબંધમાં ૨૦થી વધુ FIR નોંધી છે. આ કેસોમાં કાયદો અને વ્યવસ્થાના કથિત ભંગ, સરકારી કામમાં અવરોધ અને પોલીસ કર્મચારીઓ પર હુમલા જેવા આરોપોનો સમાવેશ થાય છે. રવિવાર, ૧૧ ઓક્ટોબરના રોજ સતત બીજા દિવસે દિલ્હીભરમાં સુરક્ષાની કડક વ્યવસ્થા જાળવી રાખવામાં આવી છે; 'કોકરોચ જનતા પાર્ટી' (CJP) એ મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમાર સામેનો વિરોધ ચાલુ રાખવાની જાહેરાત કર્યા બાદ આ પગલાં લેવામાં આવ્યા છે.

નવા દેખાવોની શક્યતાને પગલે રાજધાનીમાં ૩૦,૦૦૦થી વધુ પોલીસ અને અર્ધલશ્કરી દળના જવાનો તૈનાત કરવામાં આવનાર છે. CJPએ રવિવારે સવારે ૧૦ વાગ્યે જંતર-મંતર ખાતે વધુ એક વિરોધ પ્રદર્શનની જાહેરાત કરી છે, જેમાં મતદાર યાદીની 'સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન' (SIR) પ્રક્રિયામાં કથિત અનિયમિતતાઓને લઈને કુમારના રાજીનામાની માંગ કરવામાં આવી છે.

દિલ્હી પોલીસે પ્રસ્તાવિત સભા માટે પરવાનગી આપવાનો ઈનકાર કર્યો હતો અને શનિવારે દેખાવકારોને જંતર-મંતર પહોંચતા રોકવા માટે હાથ ધરવામાં આવેલા વ્યાપક અભિયાનના ભાગરૂપે મોટી સંખ્યામાં પ્રદર્શનકારીઓની અટકાયત કરી હતી. ત્યારથી દિલ્હીની સરહદો, રેલવે સ્ટેશનો, બસ ટર્મિનલ અને અન્ય પરિવહન કેન્દ્રો સહિતના સંવેદનશીલ સ્થળોએ સુરક્ષા વ્યવસ્થા સઘન બનાવવામાં આવી છે.

દિલ્હીભરમાં CAPFની ૧૨૦થી વધુ કંપનીઓ તૈનાત

સુરક્ષા વ્યવસ્થા સંભાળવામાં દિલ્હી પોલીસને મદદ કરવા માટે સેન્ટ્રલ આર્મ્ડ પોલીસ ફોર્સીસ (CAPF)ની ૧૨૦થી વધુ કંપનીઓ તૈનાત કરવામાં આવી છે. નવી દિલ્હી જિલ્લાને ૨૦ ઝોનમાં વહેંચવામાં આવ્યો છે, જ્યાં સંયુક્ત કમિશનર, ડેપ્યુટી કમિશનર અને વધારાના ડેપ્યુટી કમિશનર સ્થળ પરની સ્થિતિ પર નજર રાખી રહ્યા છે. વિવિધ એકમોનું નેતૃત્વ કરતા વિશેષ કમિશનરો પણ પરિસ્થિતિ પર ચાંપતી નજર રાખી રહ્યા છે.

# પૂર્વીય ક્ષેત્રમાં બાંગ્લાદેશથી થતી સોનાની દાણચોરી પર DRIની મોટી કાર્યવાહી

## DRIની ટીમે ૭.૮ કિલોગ્રામથી વધુ વિદેશી સોનું જપ્ત કર્યું; ૬ વ્યક્તિઓની ધરપકડ કરી

કોલકાતા,

ડિરેક્ટોરેટ ઓફ રેવન્યુ ઈન્ટેલિજન્સ (DRI) દ્વારા બાંગ્લાદેશમાંથી થતી સરહદ પારની સોનાની દાણચોરી સામેની ઝુંબેશ વધુ તીવ્ર બનાવવામાં આવી છે, જેના ભાગરૂપે પૂર્વ ક્ષેત્રમાં ૦૮-૦૯ ઓક્ટોબર ૨૦૨૬ના રોજ હાથ ધરવામાં આવેલી ગુપ્તચર માહિતી આધારિત કામગીરીમાં રૂ. ૧૧.૫૦ કરોડથી વધુની કિંમતનું અંદાજે ૭.૮ કિગ્રા વિદેશી મૂળનું સોનું જપ્ત કરવામાં આવ્યું છે. આ ઓપરેશનોમાં સરહદી વિસ્તારોમાંથી કોલકાતા તરફ દાણચોરીના સોનાની હેરફેર કરવા માટે રોડ અને રેલવે નેટવર્કના ઉપયોગનો પર્દાફાશ થયો છે, જેના પરિણામે છ વ્યક્તિઓની ધરપકડ કરવામાં આવી છે.

DRIના અધિકારીઓએ ડાનકુની ટોલ પ્લાઝા ખાતે એક ફોર-વ્હીલર વાહનને અટકાવ્યું હતું. ચાર વ્યક્તિઓને લઈને જઈ રહેલું આ વાહન બાંગ્લાદેશની સરહદ પાસે આવેલા બનપુરથી કોલકાતા તરફ જઈ રહ્યું હતું. વાહન અને તેમાં સવાર લોકોની તલાશી લેતા ૫૦ સોનાના બિસ્કિટ મળી આવ્યા હતા અને જપ્ત કરવામાં આવ્યા હતા, જેનું વજન આશરે ૬.૮ કિગ્રા હતું અને તેની કિંમત અંદાજે રૂ. ૧૦ કરોડ હતી.

# કોઈ બેરિકેડિંગ કે ઈન્ટરનેટ બંધ નહીં, મેટ્રો સેવાઓ સામાન્ય રીતે ચાલુ રહેશે

## વિરોધ પ્રદર્શન અંગે દિલ્હી પોલીસને સુપ્રીમ કોર્ટનો આદેશ

નવી દિલ્હી,

સુપ્રીમ કોર્ટે કેન્દ્ર સરકાર અને દિલ્હી પોલીસને નિર્દેશ આપ્યો કે 'કોકરોચ જનતા પાર્ટી' (CJP) ના વિરોધ પ્રદર્શનને ધ્યાનમાં રાખીને મૂકવામાં આવેલા તમામ બેરિકેડ્સ હટાવી લેવામાં આવે (સિવાય કે તે "અત્યંત આવશ્યક" હોય) અને રાષ્ટ્રીય રાજધાનીમાં મેટ્રો સેવાઓ સામાન્ય રીતે કાર્યરત રહે તે સુનિશ્ચિત કરવામાં આવે. વધુમાં, કોર્ટે નિર્દેશ આપ્યો કે ઈન્ટરનેટ સેવામાં કોઈ વિક્ષેપ પડવો જોઈએ નહીં.

એક વિશેષ સુનાવણી દરમિયાન, જસ્ટિસ જોયમાલ્યા બાગચી અને જસ્ટિસ વી. મોહનાની બનેલી બે-ન્યાયાધીશોની બેન્ચે કહ્યું કે પોલીસે લોકોની અવરજવર સામાન્ય થાય તે સુનિશ્ચિત કરવું જોઈએ, કારણ કે લોકોને તેમના વ્યવસાયને લગતા કામ કરતા અટકાવી શકાય નહીં. ઉપરાંત, કોર્ટે એમ પણ નિર્દેશ આપ્યો કે શાંતિપૂર્ણ રીતે એકઠા થનારા લોકોની ગેરકાયદેસર અટકાયત કરવામાં ન આવે.

જોકે, સર્વોચ્ચ અદાલતે ભારપૂર્વક જણાવ્યું હતું કે કાયદો અને વ્યવસ્થા જાળવવા માટે જરૂર પડે તો જરૂરી પ્રતિબંધો લાદી શકાય છે.

કોર્ટે દિલ્હી પોલીસ, કેન્દ્રીય ગૃહ સચિવ અને દિલ્હી મેટ્રો રેલ કોર્પોરેશન (DMRC) ને અગાઉના આદેશ છતાં રાજધાનીમાં લાદવામાં આવેલા પ્રતિબંધો અંગે નોટિસ પણ જારી કરી અને મંગળવાર સુધીમાં જવાબ માંગ્યો. જોકે, કોર્ટે નોંધ્યું હતું કે દિલ્હી પોલીસ વતી હાજર રહેલા સોલિસિટર જનરલ તુષાર મહેતાએ ખાતરી આપી છે કે મેટ્રો અને રેલ સેવાઓ સામાન્ય રીતે કાર્યરત છે અને રાજધાનીમાં ઈન્ટરનેટ સેવાઓ પુનઃસ્થાપિત કરવામાં આવી છે. કોર્ટે અવલોકન કર્યું, "મુદ્દો એ છે કે પોલીસ દ્વારા લાદવામાં આવેલા પ્રતિબંધો બંધારણની કલમ ૧૯(૨) ના દાયરામાં કઈ હદ સુધી આવે છે.

# નેપાળે બુઢી ગંડકી નદી માટે પૂરની ચેતવણી જારી કરી, લોકોને ઊંચા સ્થળોએ ખસી જવા અનુરોધ કર્યો

કાઠમાંડુ,

નેપાળની 'નેશનલ ડિઝાસ્ટર રિસ્ક રિડક્શન એન્ડ મેનેજમેન્ટ ઓથોરિટી' (દ્નઙ્ઈઇસ્છ) એ રવિવાર, ૧૧ ઓક્ટોબરના રોજ પૂરની ચેતવણી જાહેર કરી હતી. ચુમાનુબ્રી ગ્રામીણ નગરપાલિકા-૬ વિસ્તારમાંથી મોટા પૂરની શક્યતા હોવાથી લોકોને બુઢી ગંડકી નદીથી દૂર રહેવા સૂચના આપવામાં આવી હતી.

સત્તામંડળના પૂરની આગાહી કરતા વિભાગે સવારે ૬:૪૦ વાગ્યે આ એલર્ટ જારી કર્યું હતું. તેમાં લોકોને ત્રિશૂળી દોભાન સુધી નદીની નજીક ન જવા અને પૂરના પાણી પસાર ન થાય ત્યાં સુધી ઊંચા સ્થળોએ રહેવા વિનંતી કરવામાં આવી હતી. ચેતવણીમાં લોકોને સાવચેતી રાખવા અને નદીના કિનારાના એવા વિસ્તારોથી દૂર રહેવા જણાવાયું હતું જે જળસ્તર વધવાથી પ્રભાવિત થઈ શકે છે. સત્તામંડળે સોશિયલ મીડિયા પર આ એલર્ટ શેર કરીને વિસ્તારના રહેવાસીઓ અને અન્ય લોકોને પૂરના સંભવિત જોખમ વિશે ચેતવ્યા હતા. પરિસ્થિતિમાં સુધારો ન થાય ત્યાં સુધી લોકોને નદીની નજીક ન જવાની સલાહ આપવામાં આવી હતી. આ નવીનતમ ચેતવણી એવા સમયે આવી છે જ્યારે નેપાળ ૨૬ ઓગસ્ટે દેશમાં આવેલા વિનાશક પૂરની અસરોનો સામનો કરી રહ્યું છે. આ આપત્તિએ ભોટે કોશી અને ત્રિશૂળી નદીના પટમાં વસતા સમુદાયોને અસર કરી હતી, જેના કારણે વ્યાપક વિનાશ અને જાનહાનિ થઈ હતી. રસુવા, નુવાકોટ, ધાદિંગ અને ચિતવન સહિતના અનેક જિલ્લાઓ આનાથી પ્રભાવિત થયા હતા.

નેપાળના સત્તાવાળાઓએ ૫ ઓક્ટોબરે મુખ્ય શોધ અને બચાવ કામગીરી પૂર્ણ કરી હતી અને પુનર્વસન તરફ ધ્યાન કેન્દ્રિત કર્યું હતું. ઓગસ્ટની આપત્તિ બાદ ઓછામાં ઓછા ૧,૪૫૫ લોકોના મોત થયા હોવાના અહેવાલ હતા, જ્યારે ૫,૨૮૫ લોકો ગુમ થયા હતા. પૂરને કારણે ઘરો, રસ્તાઓ, પુલ, ખેતરો અને જળવિદ્યુત માળખાગત સુવિધાઓને પણ નુકસાન થયું હતું, જેના કારણે અસરગ્રસ્ત સમુદાયોએ લાંબી પુનઃપ્રાપ્તિ પ્રક્રિયાનો સામનો કરવો પડ્યો હતો.

બુઢી ગંડકી નદીના સંદર્ભમાં આપવામાં આવેલી નવી ચેતવણીએ નીચાણવાળા વિસ્તારોમાં રહેતા લોકો માટે નવી ચિંતાઓ ઊભી કરી છે. સ્થાનિક અહેવાલો અનુસાર, ગોરખા જિલ્લા વિસ્તારમાંથી નદીના પ્રવાહમાં મોટી માત્રામાં કાદવવાળું પાણી વહી રહ્યું હતું; રહેવાસીઓ અને મુસાફરોને સતર્ક રહેવા અને નદીના કિનારાથી દૂર રહેવાની સલાહ આપવામાં આવી હતી.

નેપાળના અધિકારીઓએ જણાવ્યું હતું કે પૂર બાદ શોધ અને બચાવ કામગીરી હાથ ધરવા માટે નેપાળી સેનાની એક ટુકડીને હવાઈ અને જમીની માર્ગે બુઢી ગંડકી નદી વિસ્તારમાં તૈનાત કરવામાં આવી છે. શાહના જણાવ્યા મુજબ, ભૂસ્ખલનનો ભય ધરાવતા જગત વિસ્તારમાંથી છ લોકોને એરલિફ્ટ કરવામાં આવ્યા છે. બચાવ કાર્યમાં મદદ કરવા માટે કાઠમંડુમાં તૈનાત એક સંયુક્ત ઝડપી પ્રતિક્રિયા ટીમને પણ હવાઈ માર્ગે અસરગ્રસ્ત વિસ્તારમાં તૈનાત કરવામાં આવી છે.

# પાકિસ્તાનના રાષ્ટ્રપતિ ઝરદારીએ ખૈબર પખ્તુનખ્વા પ્રાંતમાં કટોકટી લાદી

## ખૈબર પખ્તુનખ્વા પ્રાંતમાંનું શાસન ભૂતપૂર્વ વડાપ્રધાન ઈમરાન ખાનની પાર્ટી PTI સંભાળે છે



ખૈબર પખ્તુનખ્વા,

પાકિસ્તાનના રાષ્ટ્રપતિ આસિફ અલી ઝરદારીએ ખૈબર પખ્તુનખ્વા પ્રાંતમાં કટોકટી જાહેર કરી છે. ભૂતપૂર્વ વડાપ્રધાન ઈમરાન ખાનની પાર્ટી 'પાકિસ્તાન તહરીક-એ-ઈન્સાફ' (PTI) દ્વારા સંચાલિત આ પ્રાંતની સરકારને સ્થગિત કરી દેવામાં આવી છે અને ત્યાં ગવર્નર શાસન લાદવામાં આવ્યું છે.

પાકિસ્તાનના અખબાર 'ડોન' (Dawn) અનુસાર, રાષ્ટ્રપતિ ભવનના નિવેદનમાં જણાવાયું છે કે આ પગલું બંધારણની કલમ ૨૩૨ અને ૨૩૪ હેઠળ લેવામાં આવ્યું છે. વડાપ્રધાન શાહબાઝ શરીફની અધ્યક્ષતામાં મળેલી સંઘીય કેબિનેટની બેઠક બાદ તરત જ આ બંને જોગવાઈઓ લાગુ કરવામાં આવી હતી. આ બેઠક દરમિયાન શરીફને પ્રાંતની પરિસ્થિતિ વિશે માહિતગાર કરવામાં આવ્યા હતા.

વડાપ્રધાન કાર્યાલય (PMO) દ્વારા જારી કરાયેલા નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે કેબિનેટના સભ્યોએ વર્તમાન પરિસ્થિતિનું વિશ્લેષણ કર્યું અને નોંધ્યું કે "પ્રાંતીય સરકાર આતંકવાદ સામેની લડાઈમાંથી જાણીજોઈને અલગ થઈ રહી છે".

વિરોધ પ્રદર્શનોના થોડા દિવસો બાદ ખૈબર પખ્તુનખ્વામા કટોકટી લાદવામાં આવી

થોડા દિવસો પહેલા જ, ખૈબર પખ્તુનખ્વાના મુખ્યમંત્રી સોહેલ આફ્રિદીએ ઈમરાન ખાન અને જેલમાં બંધ અન્ય PTI નેતાઓની મુક્તિ માટેની પાર્ટીની ઝુંબેશના ભાગરૂપે સંઘીય સરકાર અને લશ્કરી તંત્ર સામે PTIના આંદોલનને વેગ આપ્યો હતો.

આફ્રિદીએ ઈમરાન ખાન, તેમના પત્ની બુશરા બીબી અને બહેન અલીમા ખાન સહિત જેલમાં બંધ નેતાઓ મુક્ત ન થાય ત્યાં સુધી રાજકીય દબાણ જાળવી રાખવાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી. તેમણે સહભાગીઓને અટકાયતમાં લેવાયેલા પાર્ટીના કાર્યકરો અને નેતૃત્વ વતી કાનૂની નિવારણ અને જવાબદારીની માંગણીઓ મજબૂતીથી ઉઠાવવા માટે પ્રોત્સાહિત કર્યા હતા.

દેશના યુવા વર્ગને સંબોધતા આફ્રિદીએ જાહેર કર્યું કે "વિજય ઈમરાન ખાન અને પાકિસ્તાનના યુવાનોનો થશે".

આ પ્રાંતમાં અમલમાં મૂકાયેલી સુરક્ષા વ્યવસ્થાની ટીકા કરતા મુખ્યમંત્રીએ ઈસ્લામાબાદના વહીવટ પર આકરા પ્રહારો કર્યા હતા. "ખૈબર પખ્તુનખ્વા પર આતંકવાદ થોપી દેવામાં આવ્યો છે. સંઘીય સરકારની નિષ્ફળ નીતિઓને કારણે, ખૈબર પખ્તુનખ્વા હંમેશાં દારૂગોળા અને આગની લપેટમાં રહ્યું છે.

# જામનગર શહેર અને જિલ્લામાં દારૂના છ દરોડામાં ૬૫૦ બાટલી સાથે સાત ઝડપાયા

### કુલ બાર લાખ જેટલો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો જ્યારે સપ્લાયર અને મગાવનાર ચાર શખ્સોની શોધખોળ



તસવીર: સુનિલ ચુડાસમા





જામનગર : જામનગર જિલ્લામાં દારૂબંધીના અમલ માટે પોલીસે જુદા-જુદા ૬ સ્થળોએ દરોડા પાડી સાત શખ્સોને પકડી પાડયા હતા. જેમાં એમ્યુઝમેન્ટ પાર્ક નજીક દારૂનું વેચાણ કરતો ૩૫ વખત પોલીસ ચોપડે ચડેલો શખ્સ પકડાયો હતો. આ લાલપુર, જામજોધપુર, કનસુમરા સહિતના સ્થળોએથી પોલીસે કાર, દારૂ, બાઈક મોબાઈલ સહિત ૬ લાખ ઉપરાંતનો મુદામાલ જપ્ત કર્યો હતો.

જામનગર નજીકના કનસુમરા જીઆઈડીસી કોમ્પેકસ કારખાના પાસે વર્ના કાર નં. જીજે-૧૨ ડીજી-૨૫૮૧માં દારુના જથ્થાની હેરફેર થઈ રહી હોય તેવી બાતમી પંચકોશી-બી ડિવિઝન પોલીસને મળી હતી. જેથી સ્થળ પર જઈ કારની તલાસી લેતાં તેમાંથી ૪૨૬ નંગ ઈંગ્લીશ દારુના ચપલા મળી આવ્યા હતાં. આથી પોલીસે મુદામાલ કબજે કરી અરજણભાઈ એભાભાઈ ભારવડીયા (રે. ગોકુલનગર-શિવમનગર શેરી નં. ૪) તેમજ આશિફ કાસમભાઈ કાટલીયા (રે. નાઘેડી-હનુમાન મંદિર) બંને શખ્સોને ઝડપી લેવામાં આવ્યા હતાં. જ્યારે રામ ઉર્ફે રામકો મેર (રે. નાઘેડી) ભરત સાજણભાઈ ગઢવી (રે. લાખાબાવળ), દિગ્વિજયસિંહ ઉર્ફે દિગુભા રામસંગ જાડેજા (રે. ગોકુલનગર) અને રાજ ધોકીયા નામના ચાર શખ્સોને ફરારી જાહેર કરી શોધખોળ હાથ ધરી છે.

સીટી સી ડિવિઝન પોલીસે એમ્યુઝમેન્ટ પાર્ક પાછળ આવેલા શિવદર્શન એપાર્ટમેન્ટની સામેની અવાવરૂ જગ્યામાંથી ૪૫ હજારની કિંમતના ૮૦ બોટલ દારૂ અને ૬ હજારની કિંમતનો ૪૮ ચપલા સહિત રૂ. ૫૧,૯૨૦ના મુદામાલ સાથે બીપીન ઉર્ફે લાકડી કારાભાઈ મુછડીયા (રહે. અંધાશ્રમ ફાટક પાસે આવાસ કોલોની બ્લોક નં ૫૧) ને પકડી પાડ્યો હતો. આરોપી અગાઉ ૩૫ જેટલા ગુનામાં સંડોવાયેલ હોવાનું સામે આવ્યું છે. જેની તપાસમાં દારૂનો જથ્થો આરોપી રવિ ફૂસ (રહે. જામનગર) પાસેથી મેળવ્યો હોવાનું ખૂલતાં તેને ફરાર જાહેર કરી તપાસ હાથ ધરાઇ છે.

આ સિવાઈ જામજોધપુરના બાલવા ગામના વળાંક પાસે વાહન ચેકિંગ દરમિયાન કારમાંથી ૩૬ મોટી બોટલો, ૧૦ ચપલા સહિતના દારૂના જથ્થા સાથે કારચાલક પકડાયો હતો. જેની પાસેથી રૂ. પાંચ લાખની કાર અને રૂ. ૧૦ હજારનો મોબાઈલ ફોન મળી રૂ. ૫.૩૧ લાખનો મુદ્દામાલ કબજે કરાયો હતો. આ ઉપરાંત બાલવા ગામના રેલવે ફાટક નજીક બે ચપલા સાથે જમન પરસોતમભાઈ કણસાગરા (રહે.બાલવા) અને સાત ચપલા સાથે ચનાભાઈ માંડાભાઈ કરોતરા (ઉ.વ. ૪૮)ને ઝડપી લેવામાં આવ્યા હતા. લાલપુર પોલીસે ડબાસંગ-ગજણા ફાટક પાસેથી ચેતનસિંહ સદુભા રાઠોડ (ઉ.વ. ૪૨) ને ૨૮ ચપલા અને ૪૦ ટીન મળી ૬૮ બોટલ સાથે પકડી પાડ્યો હતો.

# કુરંગા ગામના પુલ પાસે રેલીંગ સાથે બાઈક અથડાતા ચાલકનું મોત

દ્વારકા : દ્વારકા તાલુકાના કુરંગા ગામના પુલ પાસે લોખંડની રેલીંગ સાથે મોટરસાયકલ અથડાતા ભોગાત ગામના મોટરસાયકલ ચાલક યુવાનનું કરુણ મૃત્યુ નિપજ્યુ હતુ આ બનાવની જાણ થતા પોલીસે સ્થળપર દોડી જઈ મરણજનાર મોટરસાયકલ ચાલક યુવાન સામે ગુન્હો દાખલ કરી ધોરણસરની કાર્યવાહી આરંભી હતી બીજીતરફ યુવાનના અકાળે મૃત્યુથી પરિવાર આઘાતમાં સરી પડ્યો છે.

મળતી માહિતી અનુસાર કલ્યાણપુર તાલુકાના ભોગાત ગામમાં રહેતો મુરુભાઈ લખુભાઈ ચૌહાણ નામનો ૪૨ વર્ષનો યુવાન ગત તા. ૧૦ ના રોજ પોતાનું જી. જે. ૩૭. આર. ૬૬૯૬ નંબરનું મોટરસાયકલ ચલાવી દ્વારકા-પોરબંદર હાઈવે પર આવેલ કુરંગા ગામના પુલ પાસેથી પસાર થતો હોય દરમ્યાન મોટરસાયકલ ઉપરનો કાબુ ગુમાવી દેતા હાઈવે રોડની સાઈડમાં લોખંડની રેલીમાં મોટરસાયકલ અથડાયું હતું આથી તેને માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચતા ઘટનાસ્થળે કમકમાટીભર્યું મૃત્યુ નિપજ્યુ હતુ. આ બનાવ અંગે દ્વારકા પોલીસ દફતરે મૃતકના ભાઈ રામદે લખુભાઈ ચૌહાણ દ્વારા જાણ કરવામાં આવતા પી.એસ.આઇ પીકે ડાંગર સહિતનો પોલીસ કાફલો ઘટનાસ્થળે દોડી ગયો હતો અને મૃતક મુરુભાઈ લખુભાઈ ચૌહાણ સામે ગુન્હો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી.

# જામનગર-રાજકોટ બાયપાસ પર રસ્તો ઓળંગતા વૃદ્ધનું કારની ઠોકરે મોત

જામનગર : જામનગર-રાજકોટ બાયપાસ પર સુપર ફેમિલી રેસ્ટોરન્ટ નજીક ગત તા. ૩ ઓક્ટોબર, ૨૦૨૬ના રોજ રાત્રિના આશરે નવ વાગ્યે રસ્તો ઓળંગી રહેલા ૬૮ વર્ષના વ્રજલાલ જયંતીલાલ માંડલિયાને ક્રેટા કારે અડફેટે લીધા હતા. અકસ્માતમાં ગંભીર રીતે ઘવાયેલા વ્રજલાલભાઈને સારવાર માટે જામનગરની જી.જી. હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા, જ્યાં સારવાર દરમિયાન તેમનું મૃત્યુ નીપજ્યું હતું.

આ અકસ્માતમાં ફરિયાદ મુજબ, ક્રેટા કાર નંબર જીજે-૦૩-ક્યુડી-૮૨૭૪ના ચાલકે બેદરકારીથી વાહન ચલાવી વૃદ્ધને ટક્કર મારી હતી અને ત્યારબાદ સ્થળ પરથી નીકળી ગયો હતો. બનાવ અંગે પંચકોશી-બી પોલીસ મથકમાં તા. ૧૧ ઓક્ટોબરના રોજ ફરિયાદ નોંધાતાં પોલીસે આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# બેડીબંદર પાસેથી ચોરાઉ ઘઉં ખરીદવા મામલે વેપારીની ધરપકડ

### તમામ આરોપીઓ રીમાંડ પર, અન્યોની સામેલગીરી ખુલવાની શક્યતા

જામનગર : જામનગરમાં ગત તા. ૭ના રોજ બેડી બંદર રોડ પરથી સસ્તા અનાજના જથ્થાની હેરાફેરીનું કારસ્તાન પકડાયું હતું. આ જથ્થો ચોરાઉ હોવાનો ચોંકાવનારો ભાંડાફોડ થયા બાદ પોલીસે ૫ શખ્સો સામે ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી. જેની તપાસ જથ્થો ખરીદનાર તરીકે એક વેપારીની સંડોવણી બહાર આવતા તેને પણ દબોચી લઈ હાલ ૬ આરોપીઓ રિમાન્ડ હેઠળ છે. પોલીસની ઊંડી તપાસમાં મોટામાથાઓની પણ સંડોવણી બહાર આવી શકે છે.

શહેરના ઓશીયાનીક ગોડાઉન,ગરીબનગર પાણાખાણ ખાતેથી સમયાંતરે અનેક વખત ચોરી થઈ ૧,૩૯૯ કટા ઘઉં ચોરાયા બાદ તંત્રને છેક ૩ માસ પછી જાણ થઈ હતી. દેવભૂમિ દ્વારકા જિલ્લા પુરવઠા વિભાગના નાયબ જિલ્લા મેનેજર ગ્રેડ-૨ અશોકકુમાર હરિભાઈ સુચકની ફરિયાદના આધારે પોલીસે ઈકબાલ અબ્દુલ કમોરા, અબ્બાસ વલીમામદ જેડા, શબીર જુસબભાઈ શેખ, અબ્દુલ વલીમોહમ્મદ જેડા, આબીદ અબ્દુલ જેડા સામે રૂ.૧૮,૦૮ લાખની કિંમતના ઘઉંના જથ્થાની ચોરી મામલે ફરિયાદ નોંધી આરોપીઓની પૂછપરછ હાથ ધરી હતી. ગોડાઉનની સિમેન્ટની છત ઉપર પ્રકાશ માટે લગાવવામાં આવેલું ફાયબરનું પતરું ઊંચકાવી આરોપીઓએ અંદર પ્રવેશ કર્યો હતો અને જુદા-જુદા સમયે રૂ.૧૮,૦૮ લાખની કિંમતના ૧,૩૯૯ કટા ઘઉંની ચોરી કરી હતી. જેમાં ચોરાઉ ઘઉંનો જથ્થો ખરીદનાર તરીકે જામનગરના જ એક વેપારી અમરશી છગનભાઈ ભંડેરી નામના શખ્સની સંડોવણી બહાર આવી હતી.

જેના આધારે સીટી બી. ડિવિઝન પોલીસની ટીમે હાપા માર્કેટિંગ યાર્ડ આજુબાજુમાં દુકાન ધરાવતા અમરશીને પકડી પાડી તમામ શખ્સોને રિમાન્ડ હેઠળ લીધા છે. આરોપીઓ આગામી તા. ૧૫ સુધી રિમાન્ડ હેઠળ છે. જેની ઊંડી પૂછપરછ દરમિયાન અન્ય કોઈની સંડોવણી છે કે કેમ? તે સહિતની વિગતો બહાર આવી શકે છે.

# કેશીયા ગામે મહિલાને હૃદયરોગનો હુમલો જીવલેણ સાબિત થયો

### ઘરે એકાએક ઊલટી ઊપડતાં ધ્રોલ સારવાર અર્થે ખસેડાયા

જામનગર : જામનગર જિલ્લાના જોડિયા તાલુકાના કેશીયા ગામે એક આધેડ મહિલાની એકાએક તબિયત બગડ્યા બાદ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા જતા તબીબે હાર્ટએટેકને પગલે મોત થયાનું જાહેર કરતા જોડિયા પોલીસે મોતની નોંધ કરી કાર્યવાહી આગળ ધપાવી છે.

જોડિયાના કેશીયા ગામે રહેતા અને ખેતી કામ સાથે જોડાયેલા ચંદ્રીકાબેન રમેશભાઈ ગોધાણી (ઉ.વ.૫૫) ગત તા.૧૦ના રોજ પોતાના ઘરે હાજર હતા આ દરમિયાન અચાનક તબીયત ખરાબ થઈ હતી. ઊલટી થવા લાગતાં તેઓએ પરિજનોને જાણ કરી હતી. જેને લઈને તેઓને તાત્કાલિક ૧૦૮ મારફતે ધ્રોલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા. જ્યાં સારવારમાં ધ્રોલ સરકારી હોસ્પીટલ ખાતે ફરજ પરનાં ડોક્ટર તપાસી હાર્ટએટેકને પગલે મોત થયાનું જાહેર કર્યું હતું. આ બનાવ અંગે મૃતકના પતિ રમેશભાઇ દામજીભાઇ ગોધાણીએ પોલીસમાં જાણ કરતાં જોડિયા પોલીસ હોસ્પિટલ દોડી જઈ મૃતદેહનો કબ્જો સાંભળી આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

# ખંભાળિયામાં રહેણાંક મકાનમાંથી થયેલ રૂ. ૭.૬૯ લાખની ચોરીનો ભેદ ઉકેલાયો

### પાડોશી શખ્સ જ તાળુ કાપી રોકડ રકમ, સોના-ચાંદીના દાગીના લઈ ગયો હતો

ખંભાળિયા : ખંભાળિયા શહેરમાં શક્તિનગર વિસ્તારમાં એક રહેણાંક મકાનમાં થયેલ રૂ. ૭.૬૯ લાખની માલમતાની ઘરફોડ ચોરીનો પોલીસે ગણતરીના દિવસોમાં જ ભેદ ઉકેલી નાખ્યો છે જેમાં આજ વિસ્તારમાં રહેતા શખ્સને ઝડપી લેવામાં આવ્યો હતો અને ઝડપાયેલ શખ્સની વધુ પૂછપરછ હાથ ધરવામાં આવી હતી.

મળતી માહિતી અનુસાર ખંભાળિયા શહેરમાં શક્તિનગર, પાંચવાડી ખાતે સ્થિત ગોવિંદભાઈ વાલજીભાઈ નકુમના રહેણાંક મકાનમાં ગત તા. ૪ ના રોજ કોઈ તસ્કર પતરાવાળા રૂમ તથા રસોડાની બારીઓ તોડી દરવાજાનું તાળુ કાપી અંદર પ્રવેશી કબાટમાં રાખેલ રોકડ રકમ અને સોના - ચાંદીના દાગીના સહિત કુલમળી રૂ. ૭.૬૯ લાખની મતાની ચોરી કરી લઈ ગયાની તેઓએ ખંભાળિયા પોલીસ દફતરે ફરિયાદ નોંધાવી હતી જેના અનુસંધાને પી. એસ. આઈ. યુ. કે. જાદવ સહિતના પોલીસ સ્ટાફ દ્વારા ડોગ સ્કવોડ, એફએસએલ અને આધુનિક ટેક્નોલોજી અને હ્યુમન સોર્સની મદદથી તપાસ હાથ ધરી હતી અને આ ઘરફોડ ચોરીમાં આજ વિસ્તારમાં રહેતા ઋતિક નીતિનભાઇ નકુમ નામના શખ્સને ઝડપી લઇ આગળની કાર્યવાહી માટે અદાલતમાં રજૂ કરવાની તજવીજ હાથ ધરી હતી.

# જામનગરમાં કાર અથડાવી યુવાનની હત્યા પ્રકરણમાં ત્રણ આરોપીઓને ઝડપી લેવાયા

### કાર જોવા અગાઉ માથાકૂટ થયા બાદ વેર વાળવા ખૂની ખેલ ખેલાયો, થાર કાર અને બાઈક કબ્જે



તસવીર: સુનિલ ચુડાસમા

જામનગર : જામનગરમાં નુરી ચોકડી પાસે થાર કાર વડે આઈ-૨૦ કારને પાછળથી ટક્કર મારી એક યુવકની હત્યા અને અન્ય ત્રણ વ્યક્તિની હત્યા પ્રયાસના ગુનાનો જામનગર પોલીસે હત્યાના કાવતરાનો ભેદ ઉકેલી ત્રણ આરોપીઓને ઝડપી પાડ્યા છે. જેને આજે રિમાન્ડની માંગ સાથે કોર્ટમાં રજૂ કરાશે.

શહેરના ગુલાબનગરની લક્કી ચા હોટલે ગત તા. ૨૯ સપ્ટેમ્બરના રોજ થાર કાર જોવા બાબતે ફરિયાદી શબીર હુશેન હમીરાણી અને આરોપી હાજી અયુબ ખફી વચ્ચે માથાકૂટ થઈ હતી. આ મનદુ:ખ રાખીને આરોપીઓએ પૂર્વઆયોજિત કાવતરું રચી તા. ૧૦ ઓક્ટોબરના વહેલી સવારે ફરિયાદી શબીર તથા તેના સાથીદારો આઈ-૨૦ કારમાં દરબારગઢ તરફ જતા હતા ત્યારે કલ્યાણ ચોકમાં તેમને જોઈ પીછો કર્યો હતો. નુરી ચોકડીથી રાજપાર્ક તરફ જતા બાયપાસ રોડ પર રાજુભાઈ ઢોસાવાળાની સામે થાર કારથી પાછળથી ટક્કર મારતાં આઈ-૨૦ કાર રોડની બાજુમાં ઊભેલી બસ સાથે અથડાઈ હતી. આ અકસ્માતમાં કારમાં સવાર અફઝલ રહીમભાઈ ચાવડા ફંગોળાઈને નીચે પટકાતાં તેમનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું. જ્યારે ફરિયાદી શબીર હુશેન હમીરાણી સહિત અન્ય સાથીદારોને નાની-મોટી ઈજાઓ થઈ હતી.

આ બનાવમાં પોલીસે અલગ અલગ ટીમો બનાવી બનાવ સ્થળના કમાન્ડ કંટ્રોલના સી.સી.ટી.વી. ફુટેઝ ચેક કરી આરોપીઓની શોધ તપાસમાં હતા. આરોપી હાજી અયુબભાઇ ખફી (ઉવ.૨૮ રહે. મોરકંડા રોડ રબાનીપાર્ક શેરી નં-૩ જામનગર), ઈમ્તિયાઝ ઈકબાલભાઇ ખફી (રહે. ખોડીયાર કોલોની મદીના મસ્જીદ સામે બ્લોક નં-૧૦૧) અને ખલીલ ઉર્ફે બાઠીયો ઈસ્માઈલભાઇ કોરા (રહે. કાલાવડ નાકા બહાર રંગુનવાલા હોસ્પીટલની બાજુમાં ટીટા ફળી જામનગર) ને પકડી પાડ્યા હતા. આરોપી હાજી ૧૬ વખત અને ઈમ્તિયાઝ એક વખત પોલીસ ચોપડે ચડી ચૂક્યાનું ખૂલ્યું છે. પોલીસે આરોપીઓ પાસેથી ગુનામાં વપરાયેલી થાર કાર અને બાઈક પણ કબજે કર્યા છે. ત્રણેય આરોપીઓને આજે તા. ૧૨ના રોજ રિમાન્ડની માગણી સાથે કોર્ટમાં રજૂ કરવામાં આવશે.

# પીઠળ ગામે ગાડી ધીમી ચલાવવાનું કહેતા ચાલકે પર પિતા-પુત્રનો હુમલો

### યુવાનને લાકડી ફટકારતા માથામાં પાંચ ટાંકા, હાથમાં ફ્રેક્ચર કરી નાખ્યું

જામનગર : જામનગર જિલ્લાના જોડિયા તાલુકાના પીઠળ ગામે ગાડી પૂરઝડપે ચલાવવાની બાબતે સમજાવવા જતાં પિતા-પુત્ર ઉશ્કેરાઈ ગયા હતા અને ભરતભાઈ મેંદપરા પર લાકડી વડે હુમલો કર્યો હતો. આ હુમલામાં ભરતભાઈને માથામાં ગંભીર ઈજા થતાં પાંચથી છ ટાંકા લેવા પડ્યા હતા, જ્યારે હાથમાં ફ્રેક્ચર થયું હતું. બનાવ અંગે જોડિયા પોલીસે પિતા-પુત્ર વિરુદ્ધ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

પીઠળ ગામે રહેતા ભરતભાઈ અવચરભાઈ મેંદપરા (ઉ.વ.૪૮) દુકાનેથી માવા લઈ તેમના બાઈક સાથે ઘરે જતા હતા ત્યારે તેમના ગામના આરોપી વલો વેલ્ડીગ વાળો તથા તેનો દિકરો મહમદ ઈક્કો ગાડી લઈને પુરઝડપે આવ્યા હતા. પીપળા ચોકમાં ભરતભાઈ તેમને આવી રીતે ગાડી ન ચલાવાય તે રીતે સમજાવવા જતા બંને આરોપીઓ ઉશ્કેરાયા હતા. પિતા-પુત્રએ બોલાચાલી કરી ગાળા ગાળી કરી હતી. જેને ના પાડવા જતાં આરોપી હાથમાં રહેલી લાકડી વડે હુમલો કર્યો હતો. આરોપી પિતા-પુત્ર લાકડી વડે તૂટી પડતા ભરતભાઈને માથામાંથી લોહી વહેવા લાગ્યું હતું. જેને તરત જ હોસ્પિટલ ખાતે ખસેડાતાં માથામાં પાંચ છ ટાંકા અને હાથમાં ફ્રેકચર સહિતની ઈજા પહોંચી હતી. આ ફરિયાદના આધારે જોડિયા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

# જામજોધપુરમાં બોલેરોમાં પશુઓને ઘાતકી રીતે લઈ જતા બે શખ્સો ઝડપાયા

જામનગર : તાજેતરમાં જામનગર જિલ્લાના કાલાવડ પંથકમાંથી પશુઓને ઘાતકી રીતે લઈ જતાં બે શખ્સો પકડાયા બાદ જામજોધપુરમાં બોલેરો પીકઅપમાં ક્રૂરતાપૂર્વક બાંધી આઠ ભેંસ-પાડાંઓને લઈ જતાં બે શખ્સો ઝડપાયા હતા. જામજોધપુર પોલીસે ગાય સર્કલ નજીક બોલેરો પીકઅપ વાહનમાં ખીચોખીચ ભરેલાં આઠ ભેંસ-પાડાંને મુક્ત કરાવી બોલેરો સહિત રૂ. ૩.૨૩ લાખનો મુદ્દામાલ કબજે કર્યો હતો.

જામજોધપુર પોલીસ તા. ૧૧ ઓક્ટોબર ના રોજ વહેલી સવારે શહેર વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતી આ દરમિયાન ગાય સર્કલ નજીક જાહેર રોડ પરથી પસાર થતા બોલેરો પીકઅપ વાહનને અટકાવી તલાસી લેતા પશુઓનું ઘાતકી રીતે પરિવહન કરાતું હોવાનું સામે આવ્યું હતું. પોલીસે વાહન અટકાવતા ત્રણ ભેંસ, બે પાડીઓ અને ત્રણ નાના પાડા સહિતના આઠ પશુઓ મળી આવ્યાં હતાં. પશુ માટે વાહનમાં ઘાસચારા અને પાણીની કોઈ વ્યવસ્થા રાખવામાં આવી નહોતી. પશુઓને લઈ જવા અંગે જરૂરી પાસ-પરમિટ કે આધાર પણ ન હોવાનું સામે આવતા સ્ટાફ દ્વારા આરોપી ડ્રાઈવર દાનીશ મામદભાઈ હીગોરા (રહે.ઢેબર ગામ ટાવર ની બાજુમાં તા.ભાણવડ જી.દેવભુમી દ્વારકા) અને આરીફ ઈબ્રાહીમભાઇ હીગોરા (રહે.ઢેબર ગામ ટાવરની બાજુમાં તા.ભાણવડ)ની ધરપકડ કરી પશુ પ્રત્યે ઘાતકીપણું અટકાવવાના અધિનિયમ સહિતની કલમ હેઠળ આરોપીઓ સામે કાયદેસરની કાર્યવાહી કરી હતી.

